
4BGA2

# આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો



"...પ્રજાઓને મારી તરફ દોરી લાવનાર પ્રકાશ પણ તું જ થશે."

— યશાયા ૪૨:૬


: લેખક :
બર્ટ ડુકેનમીલર

: અનુવાદક :
રેવ. નેરીઅસ ધોળકિયા

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

4BGA1

# આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો

યશાયા ૪૨:૬

"...પ્રજાઓને મારી તરફ દોરી લાવનાર પ્રકાશ પણ તું જ થશે."

– પવિત્ર બાઈબલ

: લેખક :
બર્ટ ડુકેનમીલર

: અનુવાદક :
રેવ. નેરીઅસ ધોળકિયા

# આત્મામાં

# સ્વપ્નો

# તથા

# સંદર્શનો


—: પ્રકાશક :—

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન,

એલિસબ્રિજ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

નકલ : ૧૦૦૦ | કિંમત : રૂા. ૧૫-૦૦

—: મુદ્રક :—

ફોટ્રોનિક્સ

ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસીંગ પાસે,

નવરંગપુરા, અમદાવાદ.

ફોન : ૪૬૫૧૨૭

# અર્પણ

તેઓ પોતાનાં સ્વપ્નો પરિપૂર્ણ કરે માટે
મારા વહાલાં બાળકો ડેનિયલ,
કારીસ અને જોશુઆને
અર્પણ!

નડિયાદના વતની અને હાલ (યુ.એસ.એ.)માં વસતા શ્રી બંસીભાઈ બ્રહ્મભટ્ટ તથા કુટુંબ તરફથી આ પુસ્તક ''આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો'' ના પ્રકાશન પેટે પૂરેપૂરો ખર્ચ રૂા. ૧૭,૦૦૦/- ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને આપવામાં આવ્યો છે.

આ ઉદાર દાન માટે તેઓશ્રીનો તથા કુટુંબનો આભાર માનીએ છીએ.

શ્રી બંસીભાઈ, શ્રીમતી સરલાબહેન તથા ચિ. અંકુર અને ચિ. રચના તેઓ નડિયાદ મેથોડિસ્ટ ચર્ચના સભ્યો છે – હાલમાં (યુ.એસ.એ.માં) પણ તેઓ પ્રભુની સેવામાં છે. પ્રભુને જીવન સોંપ્યા પછી તેઓએ સાત વર્ષ સુધી ઓ.એમ. ટીમમાં અજાયબ જેવી સેવાઓ આપી છે.

ઉપરોક્ત દાન માટે શ્રી બંસીભાઈ બ્રહ્મભટ્ટ તથા તેમના કુટુંબનો હું હૃદયના ઊંડાણથી આભાર માનું છું. નડિયાદથી ઉપરોક્ત પુસ્તકનું દાન લાવનાર તથા ઉત્તેજન આપનાર શ્રી છોટુભાઈ પરમારનો પણ આ સમયે આભાર માનું છું. આ પુસ્તકની મારફતે પ્રભુની મંડળીની સેવાઓ માટે વધારે ને વધારે યુવાનો મળતા રહેશે એ જ મારી આશા તથા પ્રાર્થના છે.

ઈમાનુએલ સી. ક્રિસ્ટી
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

તારીખ : ૭-૭-૧૯૯૮

# બે બોલ

આ પુસ્તકનું લેખન જેઓના સહકાર વિના પૂર્ણ કરવું કદી જ શક્ય નહોતું તેવા અનેક લોકોનો હું આભાર માનવાની ઈચ્છા રાખું છું. તે સર્વ ઉપરાંત પ્રથમ હું પવિત્ર આત્માનો આભાર માનું છું. તે એકલા જ આ પુસ્તકના લેખન માટે સર્વ માન આદરને યોગ્ય છે. તેમની સહાય વિના એક પૃષ્ઠનું પણ લેખન કરવું કદી જ શક્ય નહોતું. તે પછી હું મારી અદ્દ્ભુત પત્ની સ્યૂનો આભાર માનું છું. તે કેવળ મારા જીવનનો પ્રેમ અને મારી જીવનસંગીની છે એટલું જ નહિ પણ તે મારી ઉત્તમ મિત્ર પણ છે. તેણે આ લેખન-સામગ્રીને ટાઈપ કરવામાં મારી મદદ કરી હતી અને તેણે હસ્તલેખમાં મોટાભાગની સુધારણા કરી છે. તેની સહાય વિના આ પુસ્તકને પ્રગટ કરવું તે મારી એક શંકાનો વિષય છે. હું રુસ અને બેવરલી ક્રૂસેનો, બન્સી, સરલા, અંકુર અને રચના બ્રહ્મભટ્ટનો, દબોરા પેપર્સ અને KJSLના સ્ટાફનો પણ વિશેષ આભાર માનવાની ઈચ્છા રાખું છું. હું અનુભવ કરી રહ્યો હતો તેવી કેટલીક બાબતો પ્રથમ દષ્ટિએ થોડી અસામાન્ય છે તેવું જોવા મળે તેમ છતાં મારા પર ભરોસો રાખવા માટે Life Christian Centreના લોકો અને મિત્રો તથા મારા કુટુંબનો પણ હું આભાર માનું છું. ભારત દેશની મુલાકાત માટે મારી પત્ની તથા મારી સાથે જેઓએ મુસાફરી કરી અને અમારાં બાળકોની સંભાળ રાખવામાં જેઓએ અમારી સતત સહાય કરી તે સર્વનો હું વિશેષ રીતે આભારી છું. મેરી જેકમેન, ડેબ્બી બાલ અને શર્લી ફીયર્સ તમારો આભાર. પ્રેરિત પાઉલની જેમ જેઓ ઈસુને વધુ નિકટતાથી ઓળખવાની ઈચ્છા રાખે છે અને પોતાનાં જીવનોમાં તેમના સામર્થ્યનો અનુભવ કરવાની ઝંખના રાખે છે (ફિલિપી ૩:૧૦) તેવી ભૂખનો અનુભવ કરનાર સર્વને હું આ પુસ્તક અર્પણ કરવાની પણ ઈચ્છા રાખું છું.

આ પુસ્તકના સર્વ વાચકો સ્વર્ગીય પિતાના પ્રેમનો અનુભવ કરી શકે અને ઈશ્વરે તેઓને આહ્વાન આપ્યું છે તે ધર્મસેવા પરિપૂર્ણ કરી શકે એ જ મારી પ્રાર્થના છે.

મારી માતા બાર્બરા અને પિતા બ્રૂસ ડ્રુકેનમીલર જેઓ હાલમાં ઈસુ સાથે સ્વર્ગમાં આનંદના ભરપૂરીપણાનો અનુભવ કરી રહ્યા છે તેઓનો પણ હું વિશેષ આભારી છું.

# બે બોલ

પવિત્ર આત્માના સંદર્શનો તથા સ્વપ્નોની રજૂઆત અહીં કરવામાં આવી છે. લેખકે વીસ વર્ષની ઉંમરે તેનો અનુભવ કર્યો હતો. જો કે આત્માના સંદર્શનોને ઉત્તેજન આપે તેવી મંડળીમાં તેમનો ઉછેર થયો નહોતો. તેમ છતાં સંદર્શનો અને સ્વપ્નો દ્વારા તેમના શબ્દો અને ગીતો પ્રાપ્ત થયાં હતાં. કેટલાક પોતાને માટે, તો કેટલાક સ્થાનિક તેમ જ સમગ્ર મંડળી માટે હતાં. તોપણ લેખક પ્રબોધક તરીકેનો દાવો કરતા નથી.

આ પ્રકટીકરણો - સ્વપ્નો અનેક માટે આશીર્વાદરૂપ સાબિત થશે અને કેટલાકને ઈશ્વરની વ્યક્તિગત ઓળખ પણ કરાવશે તેવી પ્રાર્થના છે. વધુમાં લેખક પોતે બીજા કરતાં વધુ આત્મિક છે એવો દાવો કરતા નથી. પ્રભુ કહે છે કે છેલ્લા દિવસોમાં હું સર્વ લોકો પર મારો આત્મા રેડી દઈશ, તમારા દીકરા દીકરીઓ પ્રબોધ કરશે, તમારા જુવાનોને સંદર્શનો થશે અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે." (પ્રેરિતોનાં કૃત્યો ૨:૭).

લેખકે અનુભવ્યું છે કે હવે ઘણા માણસોને આવાં સ્વપ્નો આવે છે. "મારાં અર્થઘટનો હંમેશાં પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે હોય છે તેવો દાવો હું કરતો નથી, પરંતુ ઈશ્વર આ માધ્યમ દ્વારા ઘણા લોકો સાથે વાતચીત કરવાની ઈચ્છા રાખે છે તેવું હું ખાતરીપૂર્વક માનું છું."

આ પુસ્તકમાં આલેખન કરેલાં દરેક સ્વપ્ન ચોક્કસ રીતે રજૂ થયાં છે. લેખકે તેમને ગોઠવ્યાં નથી. તેમણે યોસેફના જીવનનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે. યોસેફનાં સ્વપ્નો સાંભળીને તેના ભાઈઓ અને તેના પિતા પણ ગુસ્સે થયેલા. ઈશ્વરે એ સ્વપ્નો આપેલાં. તેથી એ વર્ષો પછી સત્ય પૂરવાર થયાં. અયૂબ જણાવે છે કે ઈશ્વર સ્વપ્નો તથા સંદર્શનો દ્વારા માણસનું રક્ષણ કરે છે અને તેના અભિમાનથી પાછો ફેરવે છે.

લેખકે પુસ્તકમાં અસામાન્ય લાગે તેવાં સ્વપ્નો રજૂ કર્યાં છે. કેટલાંક સ્વપ્નો

સંજ્ઞાત્મક છે. કેટલાંક બોધકથાઓ જેવાં છે. લેખક જણાવે છે કે બધાં જ સ્વપ્નો ઈશ્વર તરફથી આવતાં નથી. ઈશ્વર જીવનમાં દોરવણી, ચેતવણી અને માર્ગદર્શન આપવા સ્વપ્નોનો ઉપયોગ કરે છે. કેટલાંક સ્વપ્નો ખાનગી રાખવા માટે પણ લેખકને મળેલાં.

વાચકોને બોધ, ઉત્તેજન અને પ્રેરણા આપવાના હેતુથી લેખકે આ પુસ્તકનું લેખન કર્યું છે. સ્વપ્નોને ઈશ્વરનાં વચનો કરતાં વધારે મહત્ત્વ મળે તેવું લેખક ઇચ્છતા નથી. આ સ્વપ્નો તેઓને ઈશ્વર તરફ દોરી જાય છે તેવી તેમની ઇચ્છા છે.

**– ભગવતપ્રસાદ ચૌહાણ**

# અનુક્રમણિકા


**આમુખ** ....................................................

**પ્રસ્તાવના** ....................................................

**૧. મારા પિતાનું રહેઠાણ** .................................... ૧

તમારા ઈરાદાઓ વિશે સાવધ રહો ............................ ૫

પ્રમાણાત્મક્તા નહિ – પણ ગુણવત્તા ............................ ૭

આપણે કેવળ પોતાનો હિસ્સો આપીએ ............................ ૮

**૨. આ બાળકોનો જન્મ થશે** .................................... ૯

અયોગ્ય નિમણૂક ............................................ ૧૦

મૂળ કારણ .................................................. ૧૨

આકાશના તારાઓ નિહાળવા .................................... ૧૪

ન્યાયશાસન અને કૃપા ........................................ ૧૬

બાળકને જન્મ આપવો ........................................ ૧૮

સફળ કરવામાં આવેલું સ્વપ્ન .................................... ૨૦

જન્મ પામવાના પ્રસંગોનો ચમત્કાર ................................ ૨૦

તેમની આંખ સમાન વહાલી વ્યક્તિ ................................ ૨૧

**૩. તેઓને પોતાની રીતે આગળ વધવા દો** ........................ ૨૪

બગીચામાં પચાસમાના દિવસનો અનુભવ ............................ ૨૪

મુસાફરી માટે યોગ્ય વસ્ત્રો ...................................... ૨૭

તૈયાર રહો .................................................. ૨૮

**૪. માનવ સમૂહના સમુદ્રમાં હાઉસ-બોટ દ્વારા માછલી પકડવી** ...... ૨૯

પાણીમાં ડૂબતી હોડી ........................................ ૩૧

જ્યાં સુધી દિવસ છે ત્યાં સુધી માછલી પકડવી .................... ૩૩

તેમના હાથોમાં સલામત ...................................... ૩૫

**૫. અંધકારમાં પ્રકાશિત દીવો ....................................... ૩૬**

પ્રભુ નીચે પડેલાને ઊભા કરે છે.................................... ૩૮

સમુદ્ર સાથે એકરૂપ .............................................. ૩૯

નવું ગીત ........................................................ ૪૦

**૬. ઈશ્વરની દૃષ્ટિમાં તમે સોના સમાન છો ......................... ૪૩**

ફરીથી પ્રાપ્ત કરેલાં રત્નો......................................... ૪૫

પરિશુદ્ધ સોનું.................................................... ૪૬

પ્રાર્થના ......................................................... ૪૭

**૭. ભયમાંથી સ્વતંત્રતા તરફ પ્રયાણ .................................. ૪૮**

આ એક રહસ્ય છે.................................................. ૫૦

ભય કે બીક તમને અટકાવે તેવું થવા દેશો નહિ ..................... ૫૧

**૮. કિશોર અવસ્થાના યુવાનો માટે સંદેશ ............................ ૫૩**

જીવનનું અજવાળું................................................. ૫૪

તમારા પાછળના ખિસ્સામાં તમે શું રાખો છો?........................ ૫૫

ઝડપથી દૂર નાસી જાઓ અને પાછળ જોશો નહિ........................ ૫૬

નિરુપદ્રવી કે પ્રાણઘાતક............................................ ૫૮

**૯. ચાર રસ્તા ઉપર ઊભેલો પરદેશી .................................. ૬૦**

કયા રસ્તાની પસંદગી કરવી ........................................ ૬૧

તેમની પાસેથી પસાર થઈ જવું ...................................... ૬૪

તેમની મહિમાવંત હાજરીનો અનુભવ કરવો............................ ૬૬

**૧૦. ધર્મસેવા માટે તૈયારી કરવી ...................................... ૬૮**

તમારા પ્રથમ ઘર (મકાન)ની ખરીદી.................................. ૬૯

ઢાંકપિછેડો કરવો.................................................. ૭૦

વધારાનો સરસામાન................................................. ૭૧

પ્રામાણિકતા ...................................................... ૭૨

૧૧. **તમારાં સ્વપ્નોને કદી જ તિલાંજલિ આપશો નહિ** ............... ૭૩

સ્વપ્નનું સર્જન અને સ્વપ્નનું ખંડન કરનાર ............... ૭૪

મારા આત્મા દ્વારા ............... ૭૫

તે માટે આગેકૂચ કરો ............... ૭૭

૧૨. **દરેક સ્વપ્નની પરિપૂર્ણતા** ............... ૭૯

તમારાં સ્વપ્નોને પકડી રાખો ............... ૭૯

નવીન ઉછેર કરવો ............... ૮૧

૧૩. ઉપસંહાર ............... ૮૫

૧૪. **અંતિમ પ્રાર્થના** ............... ૮૬

૧૫. પરિશિષ્ટ ............... ૮૮

કારભારીપણું તથા અન્ય વિષયો સંબંધી મારા
અભ્યંતરમાંથી કરેલી વ્યક્તિગત રજૂઆત ............... ૮૮

વિશ્વાસ કરવાની હિંમત ............... ૮૯

સાવધ રહો ............... ૯૦

તેમના અર્થઘટનની શોધ કરો ............... ૯૧

અભિમાન વિશે સાવધ રહો ............... ૯૩

વૃદ્ધિ પામવા માટે પ્રાર્થના ............... ૯૫


O – O – O – O

# આમુખ

જ્યારે હું વીસ વર્ષની ઉંમરનો હતો ત્યારે મને આબેહૂબ અને સ્પષ્ટ એવા બે સંદર્શન થયાં હતાં. હું અત્યારે આલેખન કરી રહ્યો છું તે ખાસ વિષય સંબંધી મને સંદર્શન થયું તે સમયે હું કાંઈપણ જાણતો નહોતો. પવિત્ર આત્માના આ પ્રકારના સંદર્શનોને ઉત્તેજન આપે તેવી કોઈપણ મંડળી અથવા ધર્મસેવાના વાતાવરણમાં મારો ઉછેર થયો નહોતો, અને ઈશ્વર આ રીતે કાર્ય કરી રહ્યા હતા તેવો અદ્ભુત વિચાર મને કદી જ આવ્યો નહોતો. તે સમયે મને બે સંદર્શનો થયા હતા તેવા સ્પષ્ટ સ્વપ્નો આ અગાઉ કદી જ આવ્યા હોય તેવું મને યાદ નથી. તેમ છતાં પાછલાં કેટલાંક વર્ષોમાં મેં સ્વપ્નોનો તેમ જ સંદર્શનોનો અનુભવ કર્યો છે. રાત્રિના સમયે મને કેટલાંક ગીતો અને શબ્દો આપવામાં આવ્યાં છે, અને તેના કેટલાંક ભાગનો ઉલ્લેખ મેં Volume I માં કરેલો છે. તેમાંનાં કેટલાંક સ્વપ્નો મારા પોતાનાં ડહાપણ અને જ્ઞાન માટે મને આપવામાં આવ્યા હતા. બીજા કેટલાંક સ્વપ્નો મારી મંડળી માટે અથવા હું જેઓની સાથે સહકાર્યકર છું તેવા વિવિધ લોકો માટે આપવામાં આવ્યાં હતાં અને અન્ય કેટલાક સ્વપ્નો ખ્રિસ્તની સમગ્ર મંડળી માટે આપવામાં આવ્યાં છે તેમ હું માનું છું. હું પોતે પ્રબોધક તરીકેનો દાવો કરતો નથી અને આ એવા પ્રકારનું કૃપાદાન નથી કે જેની મેં ઈચ્છા રાખી છે અથવા તે પ્રાપ્ત કરવા માટે વિનંતી કરી છે પરંતુ આ કૃપાદાન દ્વારા મારા પોતાના જીવનને અદ્ભુત રીતે આશીર્વાદિત કરવામાં આવ્યું છે. અનેક વખત પ્રભુએ આ પ્રમાણે મારા પોતાના વ્યક્તિગત ઉત્તેજનને માટે કર્યું છે. ઈશ્વર આ રીતે કાર્ય કરી રહ્યા છે તેવો વિશ્વાસ કરનારા લોકો સાથે અને જેઓએ મારા જેવા અનુભવો અનેક વખત કર્યા છે તેઓ સાથે હું આ પુસ્તકના આલેખન દ્વારા વાતચીત કરી રહ્યો છું તેમ હું માનું છું. તેમ છતાં આવો એક સરખો અનુભવ કદી જ કર્યો નથી. તેવા અનેક લોકોના હાથમાં આ પુસ્તક આવશે અને તેઓ વાદવિવાદ માટે અને કુતૂહલતા તથા આશંકાઓ સાથે પણ આ પુસ્તકનું વાચન કરશે તે હું જાણું છું. વાચકોનો ઈરાદો ગમે તે હોય તોપણ મારી પ્રાર્થના છે કે આ પ્રકટીકરણો, પુસ્તક વાંચનાર પ્રત્યેકને માટે આશીર્વાદરૂપ બની રહેશે. અને જેઓ ઈશ્વરને હજુપણ ઓળખતા નથી અથવા જેઓએ સાચા અર્થમાં ખ્રિસ્ત સાથે કદી જ મેળાપ કર્યો નથી તેઓને પ્રભુ અને અદ્ભુત તારનાર

તરીકે ઈશ્વરની ઓળખ આ પુસ્તક કસવશે તેવી મારી પ્રાર્થના છે. વળી જેઓએ પ્રભુની ઓળખ અગાઉ કરી છે તેઓ માટે મારી પ્રાર્થના છે કે આ પુસ્તકની માહિતી અને આશીર્વાદ તેઓને ઈશ્વરની બીક રાખીને જીવન જીવવામાં સહાયરૂપ બનશે. હું આ હકીકત પણ કહેવાની ઈચ્છા રાખું છું : મેં આ પ્રકારના સંદર્શનો કે સ્વપ્નોનો અનુભવ કર્યો છે તે કારણને લીધે હું અન્ય વ્યક્તિ કરતાં વધારે આત્મિક છું, અથવા અન્ય વ્યક્તિઓ પાસે નથી તેવું મારી પાસે વિશેષ પ્રકારનું કૃપાદાન છે તેવું હું કોઈપણ રીતે વિચારતો નથી. આ રજૂઆત દ્વારા ઈશ્વર કોઈપણ વ્યક્તિ સાથે વાતચીત કરી શકે છે. કારણ કે પ્રેષિતોનાં કાર્યો ૨:૧૭માં તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે ખ્રિસ્તના પુનરાગમનના દિવસો જેમ જેમ નજદીક આવશે તેમ તેમ તે આ પ્રમાણે જ કરશે.

પ્રેષિતોનાં કાર્યો ૨:૧૭, "ઈશ્વર કહે છે કે છેલ્લા સમયમાં હું
સર્વ લોકો પર મારો પવિત્ર આત્મા રેડી દઈશ, તમારા
દીકરા-દીકરીઓ પ્રબોધ કરશે. તમારા જુવાનોને સંદર્શનો
થશે અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે."

(પવિત્ર બાઈબલ, સરલ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

ખ્રિસ્તની મંડળીમાં મેં જે પુરુષો અને સ્ત્રીઓ સાથે વાતચીત કરી છે તેઓ પોતાના સમગ્ર ખ્રિસ્તી જીવન કરતાં હમણાં તાજેતરમાં સ્વપ્નો અને સંદર્શનોનો વધુ અનુભવ કરી રહ્યાં છે તેવું મેં નિહાળ્યું છે. તેથી મેં આ વિષયની સ્પષ્ટતા કરવા માટે અને ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા આ હકીકતોનો ઉપયોગ કઈ રીતે કરી શકાય માટે આ પુસ્તકનું લેખન કર્યું છે. આ હકીકતોમાં વિશ્વાસ નહિ કરનારા વિવિધ મંડળીમાંથી આવેલા ઘણા લોકોએ પોતે હવે સ્વપ્નો અને સંદર્શનો થવાનો અનુભવ કર્યો છે. મારી નોકરીના સ્થળે હું એક બહેન સાથે વાતચીત કરતો હતો. તે જ્યારે નાની ઉંમરની છોકરી હતાં ત્યારે તેમને ખ્રિસ્તના પુનરાગમન સંબંધી સ્વપ્ન આવ્યું હતું. અમે એકબીજા સાથે લગભગ પચ્ચીસ મિનિટ વાતચીત કરી ત્યાં સુધી તે પોતાના સ્વપ્નના અર્થઘટનની સમજણ મેળવી શક્યાં નહોતાં. આ વિષયની અભિરુચીમાં ફરીથી નવી ચેતના આવી છે તે કારણને લીધે જ આ પુસ્તક તેમ જ અન્ય પુસ્તકોનું

લેખન થયું છે તેમ હું માનું છું. પવિત્ર આત્મા પસંદ કરીને કોઈપણ રીતે આપી શકે છે તે શબ્દો સિવાય મેં કોઈક વિશેષ જ્ઞાન અથવા ગુપ્ત ડહાપણ મેળવ્યું છે તેવો દાવો હું કરતો નથી. વળી મારા અર્થઘટનો હંમેશા પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે જ હોય છે તેવો પણ હું દાવો કરતો નથી. પરંતુ ઈશ્વર આ માધ્યમ દ્વારા લોકો સાથે વાતચીત કરવાની ઈચ્છા રાખે છે તે હું ખાતરીપૂર્વક માનું છું. આ રીત દ્વારા ઈશ્વર હજુપણ કાર્ય કરે છે તેની સાથે અસહમત થનારા અન્ય લોકો શું વિચાર કરશે તેની બીકને કારણે આ સંબંધી વાતચીત કરવાથી દૂર રહેવું તે આપણા માટે ભૂલભરેલું છે તેમ હું માનું છું. ઈશ્વર પોતાના આત્માને તમારા અને મારા જેવા સામાન્ય પાત્રોનો ઉપયોગ કરીને રેડી શકે છે તેનો સ્વીકાર કરવો ઘણા લોકો માટે ખૂબ મુશ્કેલ છે. તેમ હવે પછીના આલેખનનું વાચન કરો ત્યારે તમે તેમના નોતરાની આશા શી છે અને તેમણે ઈસુ ખ્રિસ્તમાં તમારા માટે રાખી મૂકી છે તેવી તેમના વારસાના મહિમાની સંપત્તિ શી છે તેવી સમજણ મેળવવા ઈશ્વર તમારી દૃષ્ટિ ખુલ્લી કરે તેવી ઈશ્વરને વિનંતી કરો.

(એફેસી ૧:૧૭-૨૩)

# પ્રસ્તાવના

આ પુસ્તકમાં હું મુખ્યત્વે સ્વપ્નોની એક શૃંખલાની રજૂઆત કરીશ. હું માનું છું કે, તે દરેક સ્વપ્ન કાંઈક ચોક્કસ કારણને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યાં હતાં અને તે દ્વારા ઈશ્વર વાચકોને શું દર્શાવી રહ્યા છે તેનો નિર્ણય તેઓ પોતે જ કરશે તેમ હું માનું છું. તે દરેક સ્વપ્ન એક ચોક્કસ રીતે રજૂ થયાં છે. તેથી મેં પોતે વિચાર કરીને મારી રીતે તેની રજૂઆત કરી નથી તેની હું તમને ખાતરી આપું છું. તેમાંના કેટલાંક સ્વપ્નોનું અર્થઘટન કરવાની આવશ્યક્તા છે. પરંતુ મોટાભાગના સ્વપ્નો ખૂબ જ સ્પષ્ટ છે. ઈશ્વર સ્વપ્નો દ્વારા વાતચીત કરી શકે છે તેવી વાતને સરળતાપૂર્વક સ્વીકારી લેવામાં આવે તેવા વાતાવરણમાં મારો વ્યક્તિગત ઉછેર થયો નહોતો. તેમ છતાં આપણે જેઓ ઈશ્વરના વચનમાં વિશ્વાસ કરીએ છીએ તેઓએ યોસેફના જીવનને કાળજીપૂર્વક જોવાની જરૂર છે. યુવાન તરીકે અને કેટલાએક આશ્ચર્ય પમાડે તેવાં સ્વપ્નો આવ્યાં હતાં. જ્યારે તેણે પોતાના સ્વપ્નો સંબંધી પોતાના ભાઈઓને જણાવ્યું હતું ત્યારે તેઓ ઘણા ચિંતાતુર થયા હતા. ઘઉં પૂળાઓ તેમ જ સૂર્ય તથા ચંદ્રએ પણ તેની આગળ નીચે સુધી નમન કર્યું હતું તે વિષે યોસેફે પોતાના ભાઈઓને કહ્યું હતું. આ વાત સાંભળીને તેના પોતાના પિતાએ પણ તેને ધમકાવ્યો હતો. મેં અનુભવ કર્યો છે તેવા કેટલાએક સ્વપ્નો અને સંદર્શનો કાંઈક આસામાન્ય હોય તેવા લાગશે તે મારે કબૂલ કરવું પડશે પરંતુ તમે પોતે જેનો કદી જ અનુભવ કર્યો નથી તેનો ન્યાય કરવાનો તમે નિર્ણય કરો તે અગાઉ સ્વપ્નમાં સૂર્ય અને ચંદ્ર કેવી રીતે તમારી સમક્ષ નમન કરી શકે તેનો ખુલાસો કરવાનો પ્રયત્ન કરો. ગીતશાસ્ત્ર ૧૦૫:૧૯ જણાવે છે કે સ્વપ્નો પરિપૂર્ણ થયા નહિ ત્યાં સુધી "ઈશ્વરના વચનથી તેની કસોટી કરવામાં આવી." જો તમને ઈશ્વર તરફથી સ્વપ્ન આપવામાં આવ્યું છે તે વાત સત્ય છે તો જેમ યોસેફના સંબંધમાં થયું હતું તેમ તેની કસોટી કરવામાં અને તેની સત્યતાની પરખ કરવામાં આવશે. પરંતુ જો ઈશ્વર દ્વારા તમને સ્વપ્ન આપવામાં આવ્યું હશે તો તે તેના યોગ્ય સમયમાં તેને પરિપૂર્ણ કરશે તે હકીકત દ્વારા તમે ઉત્તેજન પામો.

અયૂબના પુસ્તકમાં પણ જણાવવામાં આવ્યું છે કે ઈશ્વર સ્વપ્નો તથા સંદર્શનો દ્વારા માણસનું રક્ષણ કરે છે અને તેને પોતાના અભિમાનથી પાછો ફેરવે છે.

અયૂબ ૩૨:૧૪-૧૭

"કેમ કે ઈશ્વર એક વખત બોલે છે,

અરે, બે વખત બોલે, [તોપણ માણસ]

તે જાણતો નથી.

જ્યારે માણસો ભર નિદ્રામાં હોય કે,

બિછાના પર ઝોકાં ખાતાં હોય,

અને સ્વપ્નમાં, અથવા રાતના સંદર્શનમાં પડ્યાં હોય,

ત્યારે તે માણસોના કાન ઉઘાડે છે,

અને તેઓ પર શિખામણની છાપ મારે છે કે,

માણસને તેના (ખોટા) વિચારથી પાછો હઠાવે,

અને તેના અહંકારને દૂર કરે."

આ પુસ્તકમાં હું રજૂ કરીશ તેવાં અનેક સ્વપ્નો અસામાન્ય રીતે અંકિત થયાં હતાં અને તે મારી સમક્ષ ખૂબ જ સ્પષ્ટ હતાં અને તે સ્વપ્નો મને આવ્યાં હતાં કારણ કે તે સમયે ઈશ્વરનો હાથ મારા ઉપર હતો તેમ હું માનું છું. દરેક સ્વપ્ન પછી હું જાગૃત થયો ત્યારે તેમાંનાં ઘણા સ્વપ્નો એક સમર્થ અભિષેક લઈને આવ્યાં હતાં. બે સ્વપ્નો એક સરખી રીતે આવ્યાં હતાં, જેમાં હું મારી પોતાની પથારીની બહાર ઊંચે ચઢતો હતો અને તેમાં ભાગીદાર થવાની પસંદગી કરવાની તક મને આપવામાં આવી હતી. બીજા અનેક સ્વપ્નો સંજ્ઞાત્મક, અને બોધવાર્તા જેવાં હતાં. અને તેનો સંબંધ ખ્રિસ્તના શરીરમાં કોઈક ચોક્કસ ક્ષેત્રોને સ્પર્શતો હતો. મને જે સ્વપ્નો આવ્યાં હતાં તે બધા જ ઈશ્વર તરફથી નહોતાં. ઈશ્વર તરફથી મને કયાં સ્વપ્નો આપવામાં આવ્યાં હતાં તે હવે હું તમને જણાવી શકું છું કારણ કે ઈશ્વરે પોતાની વિશેષ રીતે તેઓને અંકિત કર્યાં છે. ઈશ્વરે મારા જીવનમાં દોરવણી આપવા, ચેતવણી આપવા, અને માર્ગદર્શન આપવા માટે અનેક વખત આ સ્વપ્નોનો ઉપયોગ કર્યો છે.

અન્ય કેટલાંએક સ્વપ્નો મને આપ્યાં હતાં તે વધારે વ્યક્તિગત સ્વરૂપનાં છે અને સ્વપ્નમાં દર્શાવવામાં આવેલી વ્યક્તિને ખાનગી રાખવા માટે તે સંબંધી હું વાચકો સમક્ષ તેની રજૂઆત કરીશ નહિ. એક સ્વપ્નના પરિણામે લગ્નવિચ્છેદ

થયેલા કુટુંબને પુનઃસ્થાપિત થવામાં સહાય મળી હતી. એક સ્વપ્નની ચેતવણીને કારણે ભયંકર અકસ્માત થતો અટકી ગયો હતો. કેટલાએક સ્વપ્નોમાં કાંઈક વિશેષ વ્યક્તિને ફક્ત ખાતરી આપવામાં આવી હતી કે ઈશ્વર તેમને પ્રેમ કરતા હતા અને તેમના તરફ પોતાની દૃષ્ટિ રાખતા હતા. વળી તેઓ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં હતાં તોપણ ઈશ્વર પોતાની મુશ્કેલીઓમાંથી સલામત બહાર દોરી લઈ જનાર હતા અને તેઓનો છુટકારો કરવાના હતા. વર્તમાન સમયમાં હું જે મંડળીમાં ભાગીદાર થાઉં છું તે મંડળી વિષે તેમ જ બીજી અનેક બાબતો વિષે ઈશ્વરે મને સ્વપ્નમાં પ્રગટ કર્યું હતું. આવનાર દિવસોમાં હું તેની વિગતવાર રજૂઆત ''સ્વપ્નો અને સંદર્શનો'' પુસ્તક બીજામાં કરીશ. આપણને બોધ આપે અને આપણને ઈશ્વરે જે કાર્ય કરવાનું તેડું આપ્યું છું તે સતત કરતા રહેવાનું ઉત્તેજન મળે માટે આ પુસ્તકમાં મેં આલેખન કરેલું છે તેવાં કેટલાંએક સ્વપ્નો, સંદર્શનો, શબ્દો અને ગીતો મને ઈશ્વર તરફથી ખ્રિસ્તની સમગ્ર મંડળી માટે એક પ્રકટીકરણ તરીકે આપવામાં આવ્યાં છે. આપણે સ્વપ્નોને વધારે પડતું મહત્વ આપવું જોઈએ નહિ અથવા સિદ્ધાંતો સ્થાપન કરવા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ નહિ અથવા ઈશ્વરના વચન કરતાં પણ તેની વધારે પ્રશંસા કરવી જોઈએ નહિ. તેમ છતાં હું માનું છું કે આ પ્રકારના પ્રકટીકરણનો આપણે આવકાર કરવો જોઈએ અને જે હેતુ માટે તેઓ આપવામાં આવ્યાં છે તે માટે તેઓનો ઉપયોગ કરવો જોઈએ. તેઓ ઈશ્વરના વચન તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે અને જેઓ તેમનું નામ લઈને વિનંતી કરે છે તેઓ સર્વને એક માત્ર જીવન આપનાર ઈશ્વર તરફ આપણને દોરી જાય છે. આવો, આપણે આત્માની દોરવણીનું અનુસરણ કરીએ અને આપણું સર્વસ્વ જેમને આપી શકાય તેવા તે એકલા જ આદરમાન છે અને આપણા સ્વપ્નોને તથા દરેક અતઃકરણની ઈચ્છાને જે એકલા જ પરિપૂર્ણ કરી શકે છે તેવા ઈશ્વરમાં આપણે ભરોસો અને આશા રાખીએ.

# પ્રકરણ એક

## મારા પિતાનું રહેઠાણ

યોહાન ૨:૧૫

"ત્યારે તેણે ઝીણી દોરીઓનો કોરડો બનાવીને તે સર્વને,
ઘેટાં તથા ગોધાં સુદ્ધાં, મંદિરમાંથી કાઢી મૂક્યાં,
નાણાંવટીઓનાં નાણાં વેરી નાખ્યાં અને બાજઠો ઊંધા વાળ્યાં."

૧ પિતર ૪:૧૭

"કેમ કે ન્યાયકરણનો આરંભ ઈશ્વરની મંડળીમાં થાય,
એવો સમય આવ્યો છે, અને જો આપણામાં તેનો આરંભ થાય,
તો ઈશ્વરની સુવાર્તા જેઓ માનતા નથી તેઓના શા હાલ થશે?"

ઘણાં વર્ષો અગાઉ મને એક સ્વપ્ન આપવામાં આવ્યું હતું તેનો સંબંધ મારા પિતાના રહેઠાણના બાંધકામ સાથે હતો. ખ્રિસ્તે જેમ મંદિરમાંથી કબૂતર વેચનારાઓને બહાર કાઢી મૂક્યા હતા તેમ આજે પણ પ્રભુનું ઘર એ પ્રાર્થનાનું ઘર બને અને તેમાં પ્રભુને પ્રેમ કરનાર સર્વ લોકોનો સ્વીકાર કરવામાં આવે તેવી તેમની ઈચ્છા છે. આ સ્વપ્ન ઈશ્વરના રાજ્યનું બાંધકામ અયોગ્ય ઈરાદાઓ સાથે કરે છે તેઓ માટે ચેતવણી તરીકે અને સાચા અંતઃકરણ સાથે બાંધકામ કરવાની ઈચ્છા રાખે છે તેઓ માટે ઉત્તેજન તરીકે આપવામાં આવ્યું હતું તેમ હું માનું છું. ઈસુએ કહ્યું હતું કે અંતના દિવસોમાં મારા નામે ઘણા આવશે અને અનેક લોકોને ગેરમાર્ગે દોરી જશે. માત્ર તેમના નામમાં કોઈક કાર્ય કરવામાં આવે તેનો અર્થ એ થતો નથી તે કાર્યનું ઉદ્ભવસ્થાન ઈશ્વરથી થયું છે.

હકીકતમાં આ સ્વપ્ન મને આવ્યું ત્યારે હું હજુપણ મારા માતપિતા સાથે વસવાટ કરતો હતો. સ્વપ્ન પૂરું થયું ત્યાર પછી હું પથારીમાંથી ઊભો થયો અને મેં તેની નોંધ કરી હતી. તે વિશે મેં કોઈપણ વ્યક્તિને જણાવ્યું નહોતું. હું જ્યારે વીસ વર્ષની ઉંમરનો નવયુવાન હતો ત્યારે કેટલાએક સ્વપ્નોમાંનું આ એક મને

આવ્યું હતું. પ્રારંભમાં આવેલા બીજા એક સ્વપ્નની નોંધ પ્રકરણ બેમાં કરવામાં આવી છે. પ્રથમ સ્વપ્નની સંપૂર્ણ વિગત અહીં આ પ્રમાણે છે.

## 'મારા પિતાનું રહેઠાણ'

મારા પિતાના રહેઠાણમાં કાર્ય કરવાની આવશ્યક્તા હતી. મારા પિતાના રહેઠાણમાં કેટલાએક કાર્યકરો આવે અને બાંધકામ કરવામાં સહાય કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી. તેમણે કાર્ય કરવા માટે તેઓને બોલાવ્યા હતા. પરંતુ તેઓએ વિલંબ કર્યો હતો. અંતે તેમણે તેઓને બાંધકામ કરવા માટે આવવાથી અટકાવ્યા હતા. મારા પિતાએ મૂળભૂત રીતે જે દિવસે કાર્યનો આરંભ કરવાનો વિચાર કર્યો હતો તે દિવસે તે બહાર ગયા હતા. જ્યારે હું ભરનિદ્રામાં હતો ત્યારે કોઈપણ રીતે કાર્યકરો આવ્યા હતા. ઊંઘમાંથી હું જાગી ગયો અને તેઓ અહીં શા માટે આવ્યા છે તેની તપાસ કરવા માટે હું દોડી ગયો હતો. મારા પિતાએ ફરીથી તેઓનો સંપર્ક કર્યો હતો કે કેમ તે વિશે મેં તેઓને પૂછ્યું હતું. તેઓએ હકારાત્મક પ્રત્યુત્તર આપ્યો હતો. તેમ છતાં તેઓ સ્પષ્ટ પ્રત્યુત્તર આપવાથી દૂર રહેતા હતા તેવું જોવા મળતું હતું. સૌથી પ્રથમ તો તેઓ કોણ હતા તે વિશે હું જાણતો નહોતો. તેઓએ કાળા રંગની ચામડી સાથે શરૂઆત કરી હતી અને ત્યાર પછી ઘઉંવર્ણા રંગની ચામડીમાં તેઓનું પરિર્વતન થયું હતું. ત્યાર પછી મારા જૂના મિત્રો તરીકે મેં તેઓની ઓળખ મેળવી હતી. હું તેઓ સાથે વાતચીત કરી રહ્યો હતો ત્યારે તેઓએ કામ કરવાનું ચાલુ જ રાખ્યું હતું અને તેઓ જે કામ કરી રહ્યા હતા તેવા તેઓ જાણકાર છે તેમ જોવા મળતું હતું. હું ઘરમાં પાછો આવ્યો હતો અને તેઓને કાર્ય કરતા નિહાળી રહ્યો હતો.

તેઓ પોતાના સર્વ સાધનો રાખતા હતા તે ઓરડામાં મેં પ્રવેશ કર્યો હતો. તેઓના સાધનો નવાનકોર હતા અને તેઓએ ઘણો ખર્ચ કર્યો હતો તેવું હું કહી શક્તો હતો. કાર્યને પરિપૂર્ણ કરવા માટે તેઓ પાસે સર્વ પ્રકારના જરૂરી, યોગ્ય સાધનો હતા. તેમ છતાં તેઓમાંના અનેક સાધનોનો તેઓ ઉપયોગ કરતા નહોતા. હું તેઓના કાર્યને જોવા માટે ઘરની બહાર આવ્યો હતો. તેઓમાંના ખૂબ ઓછા લોકો કામ કરી રહ્યા હતા તે સિવાય બીજા ઘણા અનેક વધારે લોકો ત્યાં હાજર હતા. મેં તેઓની આસપાસ, સર્વત્ર છોકરા, છોકરીઓ અને નાના બાળકોને જોયા હતા. તેઓની સંખ્યામાં જેમ જેમ વધારો થતો હતો તેમ તેમ કાર્ય પરિપૂર્ણ કરવામાં ઘટાડો થઈ રહ્યો હતો તેવું મને જોવા મળતું હતું.

ત્યારપછી તરત તેઓમાંના ઘણા કાર્યકરો અને તેઓનાં બાળકો એકત્રિત થયાં હતાં અને તેઓએ સુંદર ખ્રિસ્તી સંગીત સાથે ગીતો ગાવાની શરૂઆત કરી હતી. તે પછી તેઓએ કાર્ય કરવાનું પડતું મૂક્યું હતું અને ઉંમરવાન વ્યક્તિઓએ તથા યુવાનોએ બંનેએ રમત રમવાની શરૂઆત કરી હતી. ત્યાર પછી તેઓમાંના કેટલાએક મારા પિતાના રહેઠાણના એક બાંકડા ઉપર હારબદ્ધ બેઠાં હતાં. બહારના ભાગમાં બાળકો હજુપણ રમત રમતાં હતાં. તોપણ લગભગ બધું જ શાંત થઈ ગયું હતું. તેઓમાંની કોઈપણ વ્યક્તિ મારા કરતાં ઉંમરમાં મોટી નહોતી. તે સમયે મેં અનુભવ્યું હતું કે આ સર્વ તો સ્વપ્નમાં બની રહ્યું હતું. ત્યારપછી મેં નિર્ણય કર્યો કે આ મારું સ્વપ્ન હતું. તેથી હું પણ તેનો ભાગીદાર બની શકું છું આ કારણથી હું મારા બિછાનામાંથી બહાર આવ્યો અને મકાનના ઉપલા માળ ઉપર ચઢીને છાપરા ઉપર સર્વત્ર નજર કરી. અહીંથી હું સર્વ કાંઈ નિહાળી શકતો હતો અને મેં જોયું તો ખરેખર એકપણ વ્યક્તિ કાંઈ જ કામ કરતી નહોતી. તેઓએ જે કાર્ય પૂર્ણ કરવાનું હતું તે હજુ તો અપૂર્ણ જ રહ્યું હતું અને વળી તે કામ પહેલાં કરતાં પણ વધારે કફોડી સ્થિતિમાં જોવા મળતું હતું. મેં તેનું નિરીક્ષણ વધારે નજદીક જઈને કરવાનો નિર્ણય કર્યો. તેથી હું નીચે ઊતર્યો અને મારા પિતાના ઘરમાં એક બાંકડા ઉપર બેઠેલા લોકો સાથે બેઠો. હું તે બાંકડાની ડાબી બાજુએ દૂર જઈને બેઠો હતો અને મારા તરફ કોઈ જ જુએ તેવો પ્રયત્ન કરતો હતો. જેઓ હારબદ્ધ રીતે બાંકડા ઉપર બેઠા હતા. તેઓએ ઈસુના નામમાં વિચિત્ર અવાજ સાથેની પ્રાર્થનાઓ વારંવાર કરવાની શરૂઆત કરી. તેઓમાંના એક વ્યક્તિએ મને પ્રાર્થના કરાવવાની ઈચ્છા છે કે નહિ તે વિષે પૂછ્યું હતું. હું બધાથી જુદો પડવાની ઈચ્છા રાખતો નહોતો. તેથી અન્ય વ્યક્તિઓને મેં પ્રાર્થના કરાવતા સાંભળ્યા હતા તેવી પ્રાર્થના મેં કરાવી હતી. તેઓમાંથી એક વ્યક્તિએ મને ઓળખી લીધો હતો. પરંતુ તે મારી ઓળખ બીજાઓને આપશે નહિ તેવું તેણે મને જણાવ્યું હતું. પછી એવી વાત ફેલાઈ ગઈ કે થોડીવારમાં જ મારા પિતા પાછા આવી રહ્યા હતા તેથી તેઓ સર્વ ચાલ્યા ગયા હતા અને તેઓએ ફરીથી પોતાના કાર્યની શરૂઆત કરી હતી. તેઓએ જેમ જેમ વધુ કાર્ય કર્યું હતું તેમ તેમ કાર્યમાં વધુ બગાડ થતો ગયો હતો તેવું મને જોવા મળતું હતું.

હું બાંકડા ઉપરથી ઊભો થયો હતો અને સાધનો (ઓજારો) તથા તેનાં પાત્રો લઈને ઓરડા તરફ પાછો આવ્યો હતો. ઉપયોગ કરવામાં આવેલા સર્વ સાધનો (ઓજારો) નષ્ટ થયાં હતાં. બરછટ વાળ સાથેના ઓજારોમાંથી તેના વાળને ખેંચી કાઢવામાં આવ્યા હતા અને સફાઈ માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નહોતો.

અન્ય ઓજારો આસપાસ વેરણછેરણ પડ્યાં હતાં અને તેઓને પોતાના સ્થાને ગોઠવવામાં આવ્યાં નહોતાં. તેમાંનાં કેટલાએક ઓજારોના ભાંગીને ટુકડેટુકડા થઈ ગયા હતા અને જે ઉપયોગ માટે તેની રચના કરવામાં આવી હતી તે હેતુ માટે તે સંપૂર્ણપણે નકામા થયા હતા. મારા પિતા થોડીવારમાં જ ઘરે પાછા આવવાના હતા અને તે વિષે કાર્યકરો માહિતગાર હતા તેવું જોવા મળતું હતું. બીજા કેટલાએક કાર્યકરો હજુપણ કાર્ય કરી રહ્યા હતા જ્યારે બીજા કેટલાએકે કામ કરવાનું પડતું મૂક્યું હતું અને જે સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો તેની ગોઠવણ કરવા લાગ્યા હતા. તેથી મેં તેઓના ઓજારોને તેઓના પાત્રોમાં પાછા ગોઠવવાની શરૂઆત કરી હતી અને બીજી કોઈપણ વ્યક્તિએ તે ઓરડામાં પ્રવેશ કર્યો નહોતો. તેઓ મારી અવગણના કરતા હોય તેમ દેખાતું હતું. હું માનું છું કે તેઓના ઇરાદાઓ સારા નહોતા તેમ તેઓ જાણતા હતા. તેઓમાંના કેટલાએક ફક્ત નાણાં કમાવવા માટે જ કાર્ય કરતા હતા અને બીજા કેટલાએક અન્ય કારણોસર આવ્યા હતા પરંતુ મારા પિતા પ્રત્યેના તેઓના પ્રેમને કારણે તો નહિ જ.

તે પછી મારા પિતા ઘરે આવ્યા હતા અને તેમણે તેઓમાંના કેટલાએકને બહાર ફેંકી દેવાની શરૂઆત કરી હતી. પ્રથમ તેમણે ઉપરના માળ ઉપર જેઓ કાર્ય કરતા હતા તેઓને બહાર ફેંકી દીધા હતા અને તે આ કાર્ય કરી રહ્યા હતા તે સમયે જ બીજા કેટલાએક તો પોતાના સાધનો (ઓજારો) ત્યાં મૂકીને જ પોતાની રીતે ત્યાંથી ચાલ્યા ગયા હતા. તેઓએ ઘરનો ત્યાગ કર્યો હતો અને ઘરના આંગણાનો સંપૂર્ણ વિનાશ થયો હતો. જ્યારે હું મારા પિતાને નિહાળી રહ્યો હતો ત્યારે મને વિચાર આવ્યો કે જો મેં મારા પિતાને બોલાવ્યા હોત તો તેઓ મારા પિતાના ઘરમાં કદી જ વિનાશ કરી શક્તા નહોતા."

મારા પિતા તે સમયે ખરેખર અમારા ઘરમાં કાંઈક કાર્ય કરાવવાની ઇચ્છા રાખતા હતા. મારા પિતાએ મને બાંધકામ વિશે અથવા બાંધકામની વસ્તુઓ વિશે અથવા યંત્રોની બાબતો વિશે કદી જ શીખવ્યું નહોતું. હું તેમનો પુત્ર હતો અને મારે તેમને મદદ કરવી જોઈએ તેમ છતાં આ કાર્યોમાં તેમણે હજીસુધી મને તાલીમ આપી નહોતી. તેમણે સામાન્ય રીતે કોઈક વ્યક્તિને મહેનતાણું આપીને કાર્ય કરવા માટે રોકવામાં આવતી ત્યારે તેઓ સામાન્ય રીતે કામ પ્રત્યેના પ્રેમને લીધે કાર્ય કરતા નહોતા અથવા કાર્ય પૂર્ણ કરવાની કાળજી રાખતા નહોતા. તેઓ પોતાનું કાર્ય પૂર્ણ કરવાની કાળજી રાખતા નહોતા. તેઓ પોતાનું કાર્ય પૂર્ણ કરતા. ત્યાર પછી તેઓ પોતાના ઘરે પાછા ચાલ્યા જતા હતા.

તેમ છતાં પુત્ર એવી વ્યક્તિ હતો કે જેણે પોતાના પિતાના ઘરના બાંધકામમાં સહાય કરવી જોઈએ અને ત્યાર પછી તે ઉંમરલાયક થઈને પોતાના ઘરનું બાંધકામ કરે ત્યાં સુધી તેણે ત્યાં જ રહેવું જોઈએ.

યોહાન ૧૦:૧૨, ૧૩માં મજૂર કે ચાકર વિશે ઈસુ વાત કરે છે. તે થોડા સમય માટે સારું કાર્ય કરશે પરંતુ જો વરુ આવશે તો તે પોતાની માલિકીના ઘેટાં નથી તેથી તેઓની ચિંતા કરવા કરતાં પોતાના જીવની વધારે ચિંતા રાખશે.

## તમારા ઈરાદાઓ વિશે સાવધ રહો

મેં પોતાના સ્વપ્નમાં જોયું હતું કે કાર્યકરોમાંના અનેક મારા જૂના મિત્રો હતા, તેઓમાંના કેટલાએકને વરસો સુધી મેં જોયા નહોતા. હું જાણતો હતો કે તેઓ અમારા કુટુંબની ખૂબ જ ઓછી કાળજી રાખનારા હતા અને તેઓ ફક્ત આડંબર કરતા હતા. તેઓ સાચા મિત્રો નહોતા અને તેઓમાંના મોટાભાગના મિત્રો પ્રભુને પણ ઓળખતા નહોતા, તે હું જાણતો હતો. સુવાર્તા માટે પોતાની માતા, પિતા, બાળકો, સંપત્તિ, ઘરો વગેરેનો ત્યાગ કરવા વિષે ખ્રિસ્તે કહ્યું હતું (લૂક ૧૪:૨૬, ૨૭). તમારી જૂની બાબતો, પરિચિત મિત્ર અથવા કુટુંબના સભ્યો ઈશ્વરના આહ્‌વાન માટે તમારા જીવનને અટકાવરૂપ બને નહિ તેની કાળજી રાખો.

મેં સ્વપ્નમાં જોયું હતું કે લોકો પોતાના રંગ બદલી શકતા હતા. તેઓ શ્યામ રંગમાંથી શ્વેત રંગ ધારણ કરતા હતા. કેટલાએક ઈશ્વર માટે કાર્ય કરી રહ્યા હતા, તેવું બહારના દેખાવ પરથી જોવા મળતું હતું પરંતુ તેઓનું ચારિત્ર્ય પ્રગટ ન થાય તેની તેઓ કાળજી રાખતા હતા. બાઈબલમાં પણ કહેવામાં આવ્યું છે કે ઉદર તેઓનો દેવ છે. તેઓ સાંસારિક વાતો પર ચિત્ત લગાડે છે અને ઈશ્વરના કાર્યની સહેજપણ ચિંતા કરતા નથી (ફિલિપી ૩:૧૯). ઈસુએ કહ્યું છે કે આપણે તેઓના ફળથી તેઓને ઓળખીશું. શેતાન પ્રકાશના દૂત તરીકે પણ પોતાનું રૂપાંતર કરી શકે છે. તેથી તેનું અનુસરણ કરનારા લોકો એવું નહિ જ કરે તેવું અનુમાન કરશો નહિ (૨ કરિંથી ૧૧:૧૩-૧૫).

ઈશ્વરને પ્રેમ કરનારા વાસ્તવિક ખ્રિસ્તીઓ સંપૂર્ણ નથી. પરંતુ સ્પષ્ટ જોઈ શકાય તેવું પરિવર્તન તેઓના જીવનમાં આવે છે. મારા સ્વપ્નમાં મેં જે લોકોને જોયાં હતાં તેઓનું સાચે જ આંતરિક પરિવર્તન થયું નહોતું. તેઓ મારા પિતા અથવા તેમના ઘરની ખરેખર કાળજી રાખનારા નહોતા. ઈસુના સમયમાં પણ આ પ્રકારના

લોકો હતા તે વિશે તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું. તમે મારા સ્વપ્નમાં જોઈ શકો છે કે જ્યારે કાર્યકરો આવ્યા હતા ત્યારે હું મારી પથારીમાં ઊંઘતો હતો. મારા પિતાના ઘરમાં તેઓ શું કરી રહ્યા છે તે જોવા માટે અંતે મને ઊંઘમાંથી ઈશ્વર દ્વારા ઊઠાડવામાં આવ્યો હતો તેમ હું માનું છું.

હું જે બાબતો સંબંધી જાણી શકતો નથી અથવા જ્ઞાન ધરાવતો નથી તે બાબતો જાણવા માટે કેટલીક વખતે ઈશ્વરે મારો અભિષેક કર્યો છે.

હઝકિયેલ ૪૦:૪ કહે છે :

"જે હું તને બતાવું તે સર્વ પર તારું ચિત્ત લગાડ,
કેમ કે હું તને તે બતાવું એ માટે મેં તને અહીં આણ્યો છે,
જે તું જુએ છે તે બધું ઈઝરાયલી લોકોને કહી બતાવ."

આપણે ઊંઘમાં જાગૃત થવાની જરૂર છે કારણ કે આપણે પ્રથમ વિશ્વાસ કર્યો હતો તેના કરતાં આપણું તારણ કે ઉદ્ધાર ઘણો જ નજીક છે (રોમન ૧૩:૧૧). તેમના ઘેટાંની સારસંભાળ લેવા માટે આત્માને તેડું આપવામાં આવ્યું છે. આપણે પ્રત્યેકને સમાધાનની તથા તેમના વચન બહાર લઈ જવાની ધર્મસેવા સોંપવામાં આવી છે. ઈશ્વરે યર્મિયાને જે વચનો કહ્યાં હતા તે તરફ ધ્યાન આપો.

યર્મિયા ૨૩:૧-૪

પ્રભુ જાહેર કરે છે,
મારા લોકોના આગેવાનો - મારા ઘેટાંપાળકો ઉપર હું
વિપત્તિ મોકલીશ. કેમ કે જેઓની કાળજી લેવી જોઈએ તેઓ
સર્વનો તેઓએ વિનાશ કર્યો છે અને તેઓને વિખેરી
નાખ્યાં છે. મારા ઘેટાંને સલામત જગાએ દોરવાને બદલે
તમે તેઓનો ત્યાગ કર્યો છે અને તેઓને વિનાશમાં ધકેલી
દીધાં છે. હવે હું મારું ન્યાયશાસન તમારા પર લાવીશ,
કેમ કે તમે તેઓનું ભૂંડું કર્યું છે. મારા લોકોને જ્યાં
મોકલ્યા છે ત્યાંથી હું સર્વ બાકી રહેલાંઓને ભેગાં કરીશ

અને તેઓના પોતાના વાડામાં પાછા લાવીશ. તેઓ સમૃદ્ધ થશે અને તેઓને ઘણાં સંતાનો થશે. હું તેઓની સંભાળ લેવા જવાબદાર પાળકોની નિમણૂક કરીશ. તેઓ ફરીથી બીશે નહિ અને તેઓ સર્વની સતત ગણતરી રાખવામાં આવશે.

ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ પછીથી આપણે જૂના નહિ પણ નવા કરાર નીચે જીવન જીવીએ છીએ. તેમ છતાં આપણે હજીપણ લાગુકરણ કરી શકીએ તે આ સિદ્ધાંત જ છે. હું આ બાબતમાં બીજા કોઈપણ વ્યક્તિ કરતાં વધારે ચઢિયાતો છું તેમ હું દાવો કરતો નથી, પરંતુ કેવળ મને આપવામાં આવી હતી તે વાતોની જ રજૂઆત કરું છું. મારા પોતાના જીવનમાં એવી અનેક વાતો છે જેમાં મારે સુધારણા કરવાની જરૂર છે તે હું જાણું છું અને તમારા જીવનમાં પણ એવી વાતો છે તે હું ખાતરી સાથે જાણું છું. મારી પ્રાર્થના છે કે આપણે સર્વ ઈશ્વરની માફક પોતાની જવાબદારીઓને ગંભીરતાપૂર્વક સ્વીકારીએ. આપણે લોકોની કાળજી રાખવાની છે. ઈશ્વરે આપણને જે લોકોની જવાબદારી આપી છે તેઓના જખમોની સાર-સંભાળ કરીએ તેવી તેમની ઈચ્છા છે (હઝકિયેલ અધ્યાય ૩૪નું વાચન કરો). લોકો સારા સંગીત સાથે ખ્રિસ્તી ગીતોનું ગાયન કરે તેનો અર્થ એ નથી કે તેઓ પોતાના અંતઃકરણમાં ઈશ્વર સાથે સમાધાન પામેલા છે. સ્વપ્નમાં મેં જે સંગીત સાંભળ્યું હતું તે અદ્‌ભુત સંગીત હતું. પરંતુ તેમાંનો કેટલોએક ભાગ મારા જૂના મિત્રો દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો તે યાદ રાખો. અનેક અભિનેતાઓ નાણાં મેળવવા માટે સુવાર્તિક ગીતોનું ગાયન કરે છે, પરંતુ તેઓ ગીતોનું ગાયન કરીને પોતાના સાચા અંતઃકરણથી ઈશ્વરની ભક્તિ કરી રહ્યા છે તેવો તેનો અર્થ થતો નથી.

## પ્રમાણાત્મકતા નહિ – પણ ગુણવત્તા

લોકોની સંખ્યામાં બમણો વધારો તે સ્વપ્નનો બીજો ભાગ છે. મંડળીની સંખ્યા વધારે છે તેનો અર્થ એ થતો નથી કે ઈશ્વર તે મંડળીને આશીર્વાદ આપી રહ્યા છે. સ્વપ્નમાં જેમ તેઓની સંખ્યામાં વધારો થતો હોય તેમ તેઓ બહારના ભાગમાં રમત કરતા હતા. ઘણા લોકો મંડળીના સભ્યો તરીકે પોતાની ઓળખ આપવા માટે જ તે મંડળીના સભ્યો બને છે. પરંતુ લોકો ઈશ્વરના ઘરના દરેક ઓરડાઓનો અનુભવ કરે અને તે વિશે શીખવાની શરૂઆત કરે તેવી તેમની ઈચ્છા છે. મંડળીની બહાર

જેઓ છે તેઓ કદી જ ઈશ્વરના વિચારોની, તેમની યોજનાઓની અથવા તે મંડળી માટેના તેમના દર્શનની ખરેખર સમજણ મેળવી શકતા નથી. અને હકીકતમાં તેઓ મંડળીની સાચી આંતરિક વૃદ્ધિમાં અવરોધરૂપ બને છે. તેઓ મંડળીમાં ભાગીદાર બને છે, એટલા માટે જ કે તેઓના માતાપિતા મંડળીમાં ભાગીદાર બનતા હતા. તેઓ પ્રભુ પ્રત્યેના પ્રેમને લીધે અથવા ભાગીદાર થવા માટેના તેઓના તેડાને લીધે અને કાર્યમાં સહાયરૂપ બનવા માટે મંડળીમાં ભાગીદાર થતા નથી. જો ઈશ્વર દ્વારા આપણા કાર્યનો અભિષેક કરવામાં ન આવે ત્યાં સુધી આપણો પરિશ્રમ નિરર્થક બનશે. ગીતશાસ્ત્ર ૧૨૭:૧ જણાવે છે, "જો પ્રભુ ઘર ન બાંધે તો ઘર બાંધનારાઓનો શ્રમ વ્યર્થ છે. જો પ્રભુ નગરનું રક્ષણ ન કરે તો ચોકીદારનું જાગવું વ્યર્થ છે." (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

મારા સ્વપ્નમાં મેં એ પણ જોયું હતું કે તેઓએ જેમ જેમ વધારે કાર્ય કર્યું હતું તેમ તેમ તેઓએ વધારે મુશ્કેલીઓ ઊભી કરી હતી. પોતાની યોજનાનું અનુસરણ કરવું તે કરતાં ઈશ્વરની યોજનાનું અનુસરણ કરવું વધારે ઉત્તમ છે. અને ત્યાર પછી મુશ્કેલીઓને દૂર કરી શકાય છે. જો આપણે ઈશ્વર પ્રત્યે પ્રેમ કરીએ છીએ તો આપણે પોતે જે બાંધકામ કરી રહ્યા છે તેની ચિંતા કરવાને બદલે ઈશ્વર જે બાંધકામ કરી રહ્યા છે તેની વિશેષ ચિંતા કરીશું. ઈશ્વર સર્વ લોકો માટે ઘરનું બાંધકામ કરી રહ્યા છે તે ઘર લોકો માટે (તેમના બાળકો માટે) છે, નહિ કે પોતાની ખ્યાતિ અથવા લાભને માટે. તે વિશ્વના સર્વ દેશોના લોકો આવે અને ઈશ્વરની ભક્તિ કરે તે માટે છે. આપણે કેવળ તેમના મહિમા માટે તેમના ઘરનું બાંધકામ કરવું જોઈએ.

આપણે એ જ પ્રકારે એકબીજાની કાળજી રાખવી જોઈએ. જો આપણે વિશ્વાસુ રહીશું તો ૧ પિતર ૫:૨-૪માં કહે છે, કે જ્યારે "મુખ્ય ઘેટાંપાળક" આવશે ત્યારે તે આપણને મહિમાનો મુગટ આપશે.

## આપણે કેવળ પોતાનો હિસ્સો આપીએ

એક વખતે હું મારા મકાનના આગળના ઓરડામાં હતો અને હું (popsicle sticks) લાકડીઓની ગોઠવણ દ્વારા એક ઘર બનાવી રહ્યો હતો. મારાં બાળકોની ઈચ્છા હતી કે હું તેમને તે કામમાં મદદ કરું. મારા ઘરમાં જ્યાં લાકડીઓ મૂકવાની જરૂર હતી તે યોગ્ય સાથે હું તેઓને ગોઠવી શકું માટે બાળકો મને લાકડીઓ આપવામાં મદદ કરે તેટલી જ અપેક્ષા હું તેઓ પાસે રાખતો હતો. દરેક વ્યક્તિએ

પોતાનો હિસ્સો આપ્યો ત્યાં સુધી દરેક બાબતો સુંદર હતી. પરંતુ થોડા સમય પછી મારી ગોઠવણ કે બાંધકામ દ્વારા તેઓને સંતોષ થયો નહોતો. તેઓએ પોતાની ઈચ્છા પ્રમાણે લાકડીઓની ગોઠવણ પોતાની રીતે કરવાના પ્રયત્ન કરવાની શરૂઆત કરી. અને તેઓએ કેટલી બધી મુશ્કેલીઓ ઊભી કરી હતી. અંતે તેઓએ આ ગોઠવણને સંપૂર્ણ રદ કરી હતી અને મેં ફરીથી નવેસરથી તેની ગોઠવણ કરવાની શરૂઆત કરી હતી. જો આપણે પ્રભુ ઉપર પ્રેમ કરીએ છીએ તો પ્રભુ ઈચ્છા રાખે છે તે સ્થાને લોકોને ગોઠવવાની આપણે તેમને મંજૂરી આપીએ. ઈશ્વરે જે કાર્ય કરવાનું છે તે કાર્ય આપણે પોતે કરવાનો પ્રયત્ન કરીએ નહિ પરંતુ તેમના સહકાર્યકરો તરીકે આવો, આપણે તેમની સાથે ભાગીદાર બનીએ. યોહાન ૨૧:૧૫-૧૭માં ઈસુએ પિત્તરને જે શબ્દો કહ્યા હતા તે સાંભળો. તેમણે પિતરને કહ્યું હતું, ''શું તું મારા પર પ્રેમ રાખે છે?'' પિતરે જવાબ આપ્યો હતો, ''હા, પ્રભુ, તમે જાણો છો કે હું તમારા પર પ્રેમ રાખું છું.'' ઈસુએ તેને કહ્યું, ''મારાં ઘેટાંને સાચવ.''

આવો, આપણે ઈસુ પ્રત્યેના પ્રેમ સાથે આપણા પિતાના ઘરનું બાંધકામ કરીએ. આવો, આપણે ઈશ્વરમાં આશ્રયસ્થાન શોધનાર સર્વનો સ્વીકાર કરીએ. તે આપણી પાસે કોઈપણ ક્ષતિ વિનાના કાર્યની અપેક્ષા રાખતા નથી. પરંતુ તેમના પ્રત્યે પ્રેમ રાખીને સાચા અંતઃકરણ સાથે આપણે કાર્ય કરીએ તેવી તેમની ઈચ્છા છે. આપણા પિતાના ઘરનું બાંધકામ થઈ રહ્યું છે ત્યારે મુશ્કેલીઓનો વિચાર કરશો નહિ. કેવળ પોતાનું કાર્ય તેમના હાથમાં સોંપી દઈએ. અને તેની ગોઠવણ કે ઉપયોગ કઈ જગાએ કરવો તે વિશે ઈશ્વર સચોટપણે જાણે છે. અને આપણે હમણાં અને સદાકાળ માટે વસવાટ કરી શકીએ તેવું એક સુંદર ઘર તે આપણે માટે તૈયાર કરી રહ્યા છે.

# પ્રકરણ બે

## ''આ બાળકોનો જન્મ થશે''

આજના દિવસોમાં એવા ઘણા માતાપિતા છે કે જેઓ બાળકોને જન્મ આપી શકતાં નથી તેમ છતાં તેઓ પોતાના બાળકો તરીકે ઓળખ આપી શકે તેવા બાળકોની તેઓ તીવ્ર ઝંખના રાખે છે. બાળકોને દત્તક આપનારી મોટાભાગની સંસ્થાઓ બાળકોને દત્તક લેવાની ઈચ્છા રાખનાર લોકોની વિનંતીઓને લીધે ઘણી વ્યસ્ત રહે છે. ચીન જેવા કેટલાએક દેશોમાં માતાપિતાને એક જ બાળકને જન્મ

આપવાની પરવાનગી છે અને તેથી છોકરો અથવા છોકરીના જન્મ માટેની પસંદગી માતાપિતા પાસેથી છીનવી લેવામાં આવી છે. કેટલાએક માતાપિતાએ ગર્ભપાત કરાવ્યો છે કારણ કે તેઓ છોકરીના જન્મ પછી છોકરાને જન્મ આપવાની ઈચ્છા રાખતા હતા. બાળકોને જન્મ આપવાની તીવ્ર ઝંખના ઈશ્વર દ્વારા આપણા અંતઃકરણોમાં આપવામાં આવી છે તેમ હું માનું છું કારણ કે આપણે તેમના બાળકો બનીએ તેવી તેમની ઈચ્છા સાથે આ વાત પારસ્પરિક સંબંધ ધરાવે છે.

બાઈબલ આપણને શીખવે છે કે જેઓ કેવળ દેહથી જન્મેલાં છે તેઓ ઈશ્વરના બાળકો નથી (રોમન ૯:૮). આ કારણને લીધે જ કોઈપણ વ્યક્તિએ નવો જન્મ પામવો અતિ આવશ્યક છે. ઈસુએ આ વાતની સ્પષ્ટતા કરી હતી અને તેમણે યોહાનના ત્રીજા અધ્યાયમાં કહ્યું હતું કે ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કરતા અગાઉ નવો જન્મ પામવો સંપૂર્ણપણે "આવશ્યક" હતો. બાળક જેવો સરળ વિશ્વાસ કરનાર લોકો જ એવા નિષ્કર્મ પર પહોંચે છે કે તેઓના પોતાના કાર્યો દ્વારા તેઓ બચાવ કે ઉદ્ધાર પ્રાપ્ત કરી શકતા નથી અને ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા ઈશ્વરના સ્વર્ગીય રાજ્યમાં પ્રવેશ કરવા માટે તેઓને નવા જન્મની આવશ્યકતા છે. પિતા તરીકે ઈશ્વરને ઓળખવાના જ્ઞાન વિના કોઈપણ વ્યક્તિ નાશ પામે તેવી તેમની ઈચ્છા નથી. માથ્થી ૧૮:૧૪માં લખેલું છે કે તેમના વિના આ નાનાઓમાંથી એકનો નાશ થાય તેવી ઈશ્વરપિતાની ઈચ્છા નથી. ગર્ભપાત ખૂબ જ દુઃખદ છે કારણ કે તે વિધાન કરે છે કે માનવી જીવન ખૂબ જ સસ્તું, મૂલ્ય વિનાનું છે. હરકોઈ માફક આવતી સગવડ નિર્દોષની હત્યા કરે છે અને માનવી ઈશ્વર સાથે રમત કરે છે. આપણા સર્જનહારની યોજનાઓના મહાન હેતુઓથી અજાણ છે.

## અયોગ્ય નિમણૂક

હું બાળક હતો ત્યારે મને યાદ આવે છે કે, બાળક હજુપણ પોતાની માતાના ઉદરમાં હતું ત્યારે તેના સ્વપ્નો અને યોજનાઓ સંબંધી મેં આ કેલેન્ડર જોયું હતું. તેના પોતાના શરીરના વિવિધ અવયવો વૃદ્ધિ પામતા હતા અને સમાજના સંપૂર્ણ સભ્ય તરીકે આ જગતમાં જીવન જીવવાની તૈયારી માટે ઈશ્વર દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યો હતો, તેની ઉત્તેજના સંબંધી વાત કરતો હતો. તેણે પોતાના હાથની મજબૂતાઈ વિશે વાત કરી હતી અને એક દિવસ તે ફુટબોલ રમનાર અથવા સારું સંગીત રજૂ કરનાર અથવા સુથારી કામ કરનાર બનશે તે વિશે જણાવ્યું હતું. તેના

જન્મ પામવાનો સમય દિનપ્રતિદિન નિકટ આવતો હતો તેમ તેની ઉત્તેજનામાં વધારો થતો હતો. તેના પૃથ્વી પરના આગમન પછી તેણે સ્વપ્નો જોયાં હતાં અને યોજના તથા ઈરાદાઓ રાખ્યા હતા તે વિશે તમે તેના અવાજમાં સ્પષ્ટ સાંભળી શકતા હતા. તે પછી અંતે તેના આગમનની તારીખ આવી ત્યારે કેલેન્ડરમાં નોંધ કરી હતી : ''ડોક્ટરનો સંપર્ક કરવો.'' તેણે પોતે વિચાર કર્યો, ''આ દિવસ મારા જન્મનો દિવસ હશે તેવું શું સંભવિત છે ?'' પણ ખરેખર, આ દિવસ તો તેની માતાએ ગર્ભપાત માટે નક્કી કર્યો હતો.

આપણા બાળકોને આપણી જેમ જ જીવવાની તક આપવી જોઈએ તેમ હું માનું છું. આપણો સમાજ કેવો દુષ્ટ થઈ ગયો છે તે વિશે તથા આપણા સમાજની સર્વ સમસ્યાઓ વિશે આપણે ફરિયાદ કરીએ છીએ. પરંતુ ઈશ્વરની કૃપા દ્વારા માનવીની સ્થિતિમાં સુધારો કરવો આવશ્યક છે તેવા કૃપાદાનો જે બાળકો જન્મ આપવાના હતા તેઓને આપવામાં આવ્યા હતા. પણ દુઃખની વાત એ છે કે તેઓના કૃપાદાનો કદી જ આ જગતમાં આવ્યા જ નહિ તેમ જ તેઓ પણ જન્મ પામ્યા નહિ.

તે બાળકો આપણી જેમ જ સર્વ બાબતોનું પ્રતિનિધિત્વ કરતા હતા. તેઓ આપણી સર્વ આશાઓ અને સ્વપ્નોને રજૂ કરતા હતા. આપણે જેમ એક પેઢીથી બીજી પેઢી સુધી ઈશ્વરના વચનની તરવાર હસ્તગત કરીએ છીએ તેમ તેઓ નવી શરૂઆતોનું પ્રતિનિધિત્વ કરતા હતા. આપણા બાળકો પ્રત્યે ઈશ્વરની લાગણી સંબંધી ગીતશાસ્ત્ર ૧૨૭:૩-૫માં નોંધવામાં આવ્યું છે. તે તરફ ધ્યાન આપો :

''બાળકો ઈશ્વરે આપેલી ભેટ છે, વારસો છે, હા, ઈશ્વરે આપેલું ઈનામ છે. બળવાન યોદ્ધાના હાથમાં તીક્ષ્ણ બાણો હોય, તેમ યુવાવસ્થાના પુત્રો છે. જે માણસનો ભાથો તેનાથી ભરેલો છે તેને ધન્ય છે. પોતાનાં દુશ્મનો સાથેની દલીલમાં તેને જરૂરી મદદ મળી રહેશે.'' (**પવિત્ર બાઈબલ,** સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

મારા માટે આ પ્રકારના પ્રકરણનું લેખન કરવું તે મારી યોજનાના ભાગરૂપે હતું જ નહિ. જ્યારે હું કિશોર અવસ્થામાં આવ્યો ત્યારે મેં આ જગતના વિચારો જેવા જ વિચારો કરવાની શરૂઆત કરી હતી અને મારો જન્મ કદી જ થયો ન હોત તો સારું તેવો વિચાર કેટલીક વખત મને આવતો હતો. જો કે મારા ઉપર પ્રેમ કરે તેવા મમ્મી અને પપ્પા મને મળ્યા હતા. તોપણ મારો નકાર કરવામાં આવતો હતો અને મને પ્રેમ કરવામાં આવતો નથી તેવી લાગણી મને હજુપણ થતી હતી. મારા જીવનનો કોઈક હેતુ છે અથવા કોઈક વ્યક્તિને મારા જીવનની ચિંતા છે તેમ હું

માનતો નહોતો અને તેવી સમજણ પણ ધરાવતો નહોતો. મારા માટે પોતાનું જીવન આપનાર તારનાર વિશે હું જાણતો નહોતો. તેમણે આ પૃથ્વી પરની સર્વ સંપત્તિ કરતાં મને વધુ મૂલ્યવાન અંકિત કર્યો હતો કારણ કે તેમણે પોતાના મૂલ્યવાન રક્ત દ્વારા મને ખરીદી લીધો હતો. હું મારા કુટુંબના, સમાજના તથા વિશ્વના અંતર્ગત ભાગરૂપે હતો અને ઈશ્વર મારા જીવનમાં રહેલા કૃપાદાનોને માનવજાતની ભલાઈ માટે અને તેમની મંડળીની ભલાઈ માટે પ્રગટ કરવાની ઇચ્છા રાખતા હતા તે વિશે હું જાણતો નહોતો. હમણાં હું ભૂતકાળ તરફ દૃષ્ટિ કરું છું ત્યારે ઈશ્વરે મને જે રીતે વૃદ્ધિ આપી છે તે જોઈને હું તેમનો આભાર માનું છું કારણ કે તેમણે મને જીવન આપ્યું છે તેથી હવે હું તેમનો ખૂબ જ આભારી છું.

## મૂળ કારણ

ગર્ભપાત અણગમો કરાવે તેવું છે તોપણ તે મૂળ કારણ નથી. તે એક માત્ર રોગના લક્ષણ જેવું છે કે જે ઘણા લોકોને અસર કરે છે. ગર્ભપાત કરવામાં આવે છે તે દવાખાનાઓને બંધ કરવામાં આવે અને ગર્ભપાત કરવાના વિચારોનો વિરોધ કરવામાં આવે તો તે અનેક ગર્ભપાત થતા ચોક્કસપણે અટકાવી શકે છે, પરંતુ જો આપણે તેના મૂળકારણને (વિશેષે કરીને ખ્રિસ્તના શરીરના સભ્યોને) સ્પર્શ કરીએ તો આપણે સમગ્ર વિશ્વના લોકોને અસર કરી શકીએ છીએ. ઈસુએ કહ્યું છે કે આપણે પોતાના પૂરા અંતઃકરણથી પૂરા મનથી અને પૂરા સામર્થ્યથી ઈશ્વરને પ્રેમ કરીએ અને જેઓ પોતા પર તેવો જ પ્રેમ બીજાઓ પર દર્શાવીએ.

જો આપણે સાચે જ ઈશ્વરને પ્રેમ કરીએ છીએ અને ઈશ્વર આપણા પર પ્રેમ કરે છે તેવો વિશ્વાસ રાખીએ તો આપણા પોતા ઉપર પ્રેમ કરવો આપણે માટે મુશ્કેલ બનશે નહિ અને ત્યાર પછી અન્ય લોકો ઉપર ખરેખર પ્રેમ કરવામાં આપણને ઓછી મુશ્કેલી પડશે. કારણ કે દરેક માનવીનો આત્મા જેમ ઈશ્વરની દૃષ્ટિમાં મૂલ્યવાન છે તે રીતે તેની સુંદરતા અને અમૂલ્યતાને આપણે જોઈ શકીશું.

૨ પિતર ૧:૬-૮ કહે છે :

"પોતાની ઇચ્છાઓ ત્યજતાં શીખો જેથી તમે ધીરજવાન તથા ઈશ્વરમય બનો, અને એમ આનંદથી તમે ઈશ્વરને તેમની ઇચ્છા તમારામાં પૂર્ણ કરવા દો. વળી તમે અન્ય વિશ્વાસીઓને અપનાવો. તેઓની સાથે આનંદપૂર્વક ભ્રાતૃભાવથી રહો અને સાચા ખ્રિસ્તી પ્રેમમાં વૃદ્ધિ પામતા જાઓ. આ બધી બાબતોમાં તમે વૃદ્ધિ પામતા

જશો ત્યારે તમે આત્મિક રીતે બળવાન થશો અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને માટે ફળદાયી અને ઉપયોગી બનશો.''

જો આપણે ઈશ્વરને પ્રેમ કરીશું તો આપણે તેમના વચનને પ્રેમ કરીશું અને તેમનું વચન આપણને માનવી જીવનની પવિત્રતા વિશે તથા આપણે પ્રત્યેક વ્યક્તિ તેમની કેટલી નજદીક અને મનપસંદ છીએ તે વિશે સ્પષ્ટપણે શીખવે છે. હું આ લેખન કરી રહ્યો છું ત્યારે હું પોતે અયોગ્ય પાત્ર છું તેવો મને અનુભવ થાય છે. તેમ છતાં હું માનું છું કે આપણું પોતાનું જ્ઞાન અથવા કેળવણી નહિ પણ ઈશ્વર આપણને યોગ્ય પાત્ર બનાવે છે.

તમે સ્વપ્નો અને સંદર્શનોમાં વિશ્વાસ કરો છો કે નહિ તે મારા માટે મહત્ત્વની વાત નથી. તેમ છતાં હું એટલું જરૂરથી જણાવીશ કે જ્યારે હું યુવાન હતો ત્યારે ઈશ્વરે મને સંદર્શન કે સ્વપ્ન આપ્યું ન હોત તો આજે આ પુસ્તકનું વાચન કરવું તે તમારા માટે શક્ય બનવું મુશ્કેલ હતું. આ માધ્યમ દ્વારા ઈશ્વર આપણી સાથે વાતચીત કરી શકે છે તે વિશે જો તમે ખાતરી સાથે જાણતા નથી તો હું તમને તેની ખાતરી આપી શકું છું. સ્વપ્નો, સંદર્શનો અથવા ભવિષ્ય વચનોમાં વિશ્વાસ નહિ કરવો તેવી માન્યતા સાથે હું વૃદ્ધિ પામ્યો હતો. પરંતુ હવે હું આ વાતોમાં દઢપણે વિશ્વાસ કરું છું. કારણ કે મારા વ્યક્તિગત અનુભવો દ્વારા મેં તે સર્વ વાતોને પરિપૂર્ણ થતા જોઈ છે. પ્રેરિતોનાં કૃત્યોના બીજા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે આ મુખ્ય માધ્યમ દ્વારા ઈશ્વર પોતાના લોકો સાથે અંતિમ દિવસોમાં વ્યવહાર કરશે. જો આપણને આ માધ્યમ આપવામાં આવ્યું ન હોત તો આપણું બાઈબલ ઘણું જ નાનું કે મર્યાદિત જોઈ શકાતું. આ વાતોમાં વિશ્વાસ નહિ કરનાર વ્યક્તિ તરીકે મારો ઉછેર કરવામાં આવ્યો હોવાથી ઈશ્વરે ખૂબ જ રસપ્રદ અને આશ્ચર્યકારક રીતની પસંદગી કરીને આ સત્યોનું મારી સમક્ષ પ્રકટીકરણ કર્યું હતું. તેમણે મને સ્વપ્નો અને સંદર્શન તથા ભવિષ્ય કથનો સર્વ એક જ રાત્રિના સમય દરમિયાન આપ્યાં હતાં. ઈશ્વર પોતાને પસંદ પડે તેવું કાર્ય હંમેશ કરી શકે છે. આપણે આ વાતો ઉપર આપણા સિદ્ધાંતોને કદી આધારીત કરવા જોઈએ નહિ પરંતુ જ્યારે આપણે તેમના વચનોને આ માધ્યમ દ્વારા સાંભળીએ છીએ... વિશેષે કરીને આ અંતના દિવસોમાં ત્યારે આપણે પોતાના કાન અને પારખ કરી શકે તેવા અંતઃકરણને સતત ખુલ્લાં રાખવાં જોઈએ. ઈશ્વર આ રીતે કાર્ય કરી શકે છે તેવો વિશ્વાસ હજુપણ કેટલાએક લોકો રાખતા નથી. ઈશ્વર આ રીત પ્રમાણે તેઓના જીવનમાં કાર્ય કરવાની શરૂઆત કરે તો શું તેથી તેઓ આશ્ચર્ય નહિ પામે ! હું માનું છું કે ઈશ્વર આપણને અનેક વિવિધ

માધ્યમો દ્વારા સ્વર્ગમાંથી શબ્દો અને ઉકેલો આપવાની શરૂઆત કરી રહ્યા છે. હું માનું છું કે ઈશ્વરે પુરુષો અને સ્ત્રીઓ બંને સાથે સ્પષ્ટપણે વાતચીત કરવાની અને આપણે સામનો કરી રહ્યાં છીએ તેવી અનેક સમસ્યાઓના પ્રત્યુત્તરો અને પોતાના ઉકેલો આપણને આપવાની ફરીથી શરૂઆત કરી છે. આપણા સમાજની કેટલીક સૌથી વિકટ સમસ્યાઓના ઉકેલ સ્વર્ગમાંથી આવતા કેવળ એક જ શબ્દ દ્વારા મળી શકે છે તેમ હું માનું છું. પરંતુ સમસ્યા આ છે : આ સ્વર્ગીય શ્રોતનો દાવો કરનાર પુરુષો અથવા સ્ત્રીઓ ઉપર આપણે શું વિશ્વાસ કરીશું અથવા તે વાતોને પરિપૂર્ણ કરવા માટે તેઓની સહાય કરવાને બદલે શું આપણે તેઓના વિચારો અને આદર્શોને કચડી નાખીશું ? આવો, આપણે સમગ્ર વિશ્વને પોતાના હાથમાં ધરી રાખે છે અને સંભાળી રાખે છે તથા જેમણે દરેક દશ્ય તેમ જ અદશ્ય વસ્તુઓનું સર્જન કર્યું છે તેવા ઈશ્વરની શોધ કરવાનો સતત પ્રયત્ન કરીએ.

હું માનું છું કે ઈશ્વર પાસે આખરી સ્વપ્ન છે, અને તે સ્વપ્નના વિવિધ ભાગો તે આપણને વખતો વખત આપતા રહે છે. સમગ્ર રીતે નિહાળીએ તો તેનું અંતિમ પરિણામ શું આવશે તે જોવું અઘરું છે; તેમ છતાં હું માનું છું કે જો આપણે એકઠાં મળીએ અને મેજ ઉપર દરેક ભાગોની ગોઠવણ એકબીજા સાથે કરીએ તો આપણે સમગ્ર ચિત્રને જોવાને શક્તિમાન બનીશું. તેના કેટલાએક ભાગો હજુપણ કોઈક જગાએ સંતાયેલા પડ્યા છે. પરંતુ જ્યારે તે સર્વ ભાગો શોધી કાઢવામાં આવશે ત્યારે તે સુંદર ચિત્ર બનશે. ઈશ્વરે એક રાત્રે મને સ્વપ્ન આપ્યું હતું તે જોવામાં ખૂબ નાનું અને મામૂલી હતું. તેમ છતાં હું માનું છું કે તે અન્ય વસ્તુઓ માટે સુકાન સમાન બન્યું છે અને મને જો તે સ્વપ્ન આવ્યું ન હોત તો આ પ્રમાણે કદી જ શક્ય બની શકતું નહોતું.

## આકાશના તારાઓ નિહાળવા

ઈશ્વરે તે રાત્રે એક જ સમયે મને બે સ્વપ્નો આપ્યાં હતાં. આ સ્વપ્નો મને યાદ છે કારણ કે મારા પિતા તે સમયે ઘરમાં કાંઈક કામ કરાવવાના હતા અને હું હજુપણ તેમની સાથે જ રહેતો હતો. હું એકવીસ વર્ષની ઉંમરનો થયો ત્યાં સુધી મારું પોતાનું ઘર મેં બાંધ્યું નહોતું. મારા ઓરડાને બીજા એક ગેરેજ તરીકે ફેરવી નાખવામાં આવ્યો હતો, તેથી હું નીચેના માળ ઉપર રહેવા આવ્યો હતો. કારણ કે મારી દાદીમા મેર્લે તેમ જ મારા કાકા ગેય અમારી સાથે વસવાટ કરવાને આવ્યાં

હતાં. તેમણે મારી બહેન બ્રીન્ડાના જૂના ઓરડામાં વસવાટ કરવાનું શરૂ કર્યું હતું અને મારી બહેનને મારો ઓરડો ફાળવવામાં આવ્યો હતો. મારા પિતા પાસે આ અંદરનું એક ગેરેજ હતું તેને મારા શયનખંડમાં ફેરવી નાખવામાં આવ્યું હતું. અમારા ઘરના જૂના મકાન માલિકનો દીકરો પોતાની મોટરસાઈકલ રાખવા માટે આ ઓરડાનો ઉપયોગ કરતો હતો. અને આ ઓરડાનો એક ગેરલાભ હતો. તેમાં એકપણ બારી નહોતી. મારા સ્વપ્નમાં મધરાત્રિએ હું ઊઠ્યો હતો અને મારા ઓરડામાં મેં ખૂબ જ પ્રકાશ નિહાળ્યો હતો. મને સ્વપ્ન આવતું હતું તેની મને સહેજપણ સભાનતા નહોતી પરંતુ તે સાચેસાચ જ બની રહ્યું છે તેમ હું વિચારતો હતો. મારા ઓરડામાં કોઈપણ વ્યક્તિએ ક્યારેય બારી ગોઠવી હોય તેવું મને યાદ આવતું નથી. મને આશ્ચર્ય પમાડવા માટે મારા પિતાએ આ કાર્ય કર્યું હશે તેમ હું માનતો હતો. આ સર્વ હકીકત મારા માટે ખૂબ જ વાસ્તવિક હતી. તે પછી હું મારી પથારીમાંથી ઊભો થયો હતો અને તે પ્રકાશ જોવા માટે હું બારી પાસે ગયો હતો. મને આશ્ચર્ય થયું કે હું આકાશના તારાઓને જોઈ રહ્યો હતો અને મને ખરેખર વિચિત્ર એ લાગ્યું કે તારાઓ ફક્ત આકાશમાં જ નહિ પણ નીચે પણ હું તારાઓને જોઈ શકતો હતો. મારી નજર જ્યાં સુધી પહોંચી શકે ત્યાં સુધી હું તારાઓને જોઈ શકતો હતો અને ત્યારપછી મેં તારાઓની મધ્યમાં એક ગ્રહને જોયો હતો, તે પૃથ્વી જેવો જ દેખાતો હતો.

તે પછી સૌથી વધુ આશ્ચર્ય પમાડે તેવું કાંઈક બન્યું હતું. મારા પોતાના શરીરમાં મેં એક પ્રકારના સામર્થ્યનો અનુભવ કર્યો હતો અને મારામાં રહેલા સઘળા સામર્થ્ય સાથે ઉગ્ર સાદે વાત કરતા મેં પોતાને જોયો હતો. તે સામર્થ્ય દ્વારા હું જણાવી શકતો હતો કે તે મારું પોતાનું સામર્થ્ય નહોતું. જ્યારે મારા શબ્દો અંતરિક્ષમાં પ્રસારિત થતા હતા ત્યારે હું જણાવી શકું છું કે તેઓ સામર્થ્યથી ભરપૂર હતા, મારી આસપાસની વસ્તુઓમાં પરિવર્તન લાવી શકતા હતા અને મારી સમક્ષ આવેલા તે નાના ગ્રહને ઉદ્દેશીને કહેવામાં આવી રહ્યા હતા તેવું હું જોઈ શકતો હતો. સમગ્ર અંતરિક્ષમાં મારા ઓરડાની બારીમાંથી મેં શબ્દો ઉચ્ચાર્યા હતા અને તે શબ્દો આ હતા :

**"આ બાળકોનો જન્મ થશે, એમ પ્રભુ કહે છે."**

તમે જાણો છો તેમ આ રીતે મને આ પ્રકરણનું શીર્ષક પ્રાપ્ત થયું છે. આ શબ્દો સ્વર્ગમાંથી આવેલા હતા. હવે માતાપિતાના ઘરમાં રહેનાર વીસ વર્ષની ઉંમરના

છોકરાને આ પ્રમાણે સ્વપ્ન આવે ત્યારે તે ખરેખર ખૂબ અસામાન્ય છે તેમ તમારે કબૂલ રાખવું જ પડે. તે સમયે લગ્ન કરવા વિશે અથવા બાળકોના જન્મ વિશે મેં કદી જ વિચાર કર્યો નહોતો. બાળકોના જન્મનો વિચાર કરું તે કરતાં વિચાર કરવા માટે મારી પોતાની બીજી અનેક સમસ્યાઓ હતી. અને વિચિત્રતા તો ખરેખર એ હતી કે જ્યારે મેં મારી પત્નીની મુલાકાત પ્રથમ વખતે જ કરી હતી ત્યારે તે બાળકોને જન્મ આપી શકે તેમ નહોતી તેવું તેણે મને જણાવ્યું હતું. તેમ છતાં ઈશ્વરે સ્યૂને મારા જીવનસાથી તરીકે પસંદ કરી હતી તેવું તેમણે મને સ્પષ્ટ દર્શાવ્યું હતું અને મારા પોતાના બાળકો જન્મ પામશે તે વિચાર પણ તેમણે મારા હૃદયમાં મૂક્યો હતો. આ બાબતે સંક્ષિપ્ત સ્વરૂપ પામતા હું તમને જણાવું તો અત્યારે અમારે ત્રણ બાળકો છે. જોશુઆ (તે મારો સાવકો દીકરો છે) ડેનિયલ અને કારીસ. સેન્ટ લૂઈસ શહેરના સેન્ટ જોન્સ હોસ્પિટલના અમારા યહૂદી ભાઈ, ડો. બેરી વિટ્ટસને વળીઓને ઉલટી દિશામાં વાળવાનું સફળ ઓપરેશન કર્યું હતું તેમનો હું વિશેષ આભાર માનું છું. તે ઓપરેશનના બે મહિના પછી જ સ્યૂએ અમારા દીકરા ડેનિયલનો ગર્ભધારણ કર્યો હતો. તે પછી બે વર્ષે અમારા કુટુંબમાં કારીસનો જન્મ થયો હતો. અમારી દીકરીનું નામ ''અનુગ્રહ'' (Favor) અથવા ઈશ્વરની કૃપા માટે વપરાયેલા ગ્રીક ભાષાના શબ્દ પ્રમાણે છે. જ્યારે મરિયમે ઈશ્વરની દૃષ્ટિમાં ''કૃપા'' પ્રાપ્ત કરી હતી ત્યારે દેવદૂતે જે શબ્દનો ઉપયોગ કરીને તેને વધામણી આપી હતી, તે આ ''કારીસ'' શબ્દ છે.

## ન્યાયશાસન અને કૃપા

આ વાત સમજાવવા માટે હું તેની થોડી પશ્ચાદભૂમિકા રજૂ કરવાની ઈચ્છા રાખું છું. આજથી લગભગ પંદર વર્ષ અગાઉ હું મારા ઘરમાં બાઈબલ અભ્યાસ કરાવતો હતો. એક વખતે જ્યારે હું ''કૃપા'' શબ્દ વિશે શિક્ષણ આપવા માટે તૈયારી કરી રહ્યો હતો ત્યારે મેં મારા કોન્કોર્ડન્સ (બાઈબલમાં વપરાયેલા શબ્દોની કક્કાબારી સૂચી)માં ''કારીસ'' (Karis) શબ્દ નિહાળ્યો હતો. મેં આ શબ્દ જોયો ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે આ શબ્દ છોકરીઓનું નામ પણ રાખી શકાય. તેથી મારા બાઈબલના પૃષ્ઠ ઉપર મેં તે નામ નોંધી લીધું હતું અને તે વિશે વધુ વિચાર કર્યો નહોતો. જ્યારે સ્યૂ અને મેં નિયમિત રીતે એકબીજાની મુલાકાત લેવાનું શરૂ કર્યું ત્યારે અમને પોતાના બે બાળકો થશે તેવો વિચાર મેં તેને જણાવ્યો હતો. તે પછી કોઈક સમયે સ્યૂએ એક કાવ્યની રચના કરી હતી તેમાં ડેનિયલ અને કારીસ એમ

બંને નામોનો તેણે ઉલ્લેખ કર્યો હતો. તેની મૂળપ્રત હજુસુધી મેં સાચવી રાખી છે. સ્યૂની કાવ્ય રચનાનો થોડો ભાગ આ પ્રમાણે છે :

"…. સૂર્યના ધગધગતા તાપમાં તેની નજર રાખવાને લીધે માથાના વાળ અને આંખની પાંપણના બારીક વાળ લાલ રંગના થયા છે તેવી દીકરી અને દીકરાનો હાથ પકડીને; હિમ વર્ષાના દિવસે ઈશ્વરના કુટુંબ માટે તૈયાર કરેલી બરફ ઉપર સરકે તેવી બનાવટની ગાડીમાં બર્ટ "પપ્પા" તથા નાના બાળકો કારીસ અને ડેનિયલ સાથે હું પર્વતની ટોચ પરથી નીચે સરકી રહી છું. અમારા પ્રથમ બાળકને મારી છાતી સાથે ચાંપીને મેં આનંદના આંસુઓ સાથે તેની મધુર આંખોમાં જોયું ત્યારે…."

મેં આ કાવ્યનો અહીં ઉલ્લેખ કરવાનો નિર્ણય કર્યો તેનું કારણ એ છે કે અમારું લગ્ન થયું તે અગાઉ તેની રચના તૈયાર કરવામાં આવી હતી અને તે સમયે સ્યૂ ગર્ભધારણ કરવા માટે પણ શક્તિમાન નહોતી. ડેનિયલ અને કારીસ બંનેનો જન્મ થયો તે અગાઉ તેઓને નામ આપવામાં આવ્યું હતું. તે સિવાય બીજું કાંઈક અસામાન્ય કે વિચિત્ર લાગે તેમ છતાં કોઈપણ સંકોચ રાખ્યા વિના તે વિશે તમને જણાવવાનો મેં નિર્ણય કર્યો છે. કોઈક કારણને લીધે મને હંમેશા વિચાર આવતો હતો કે મારા કુટુંબમાં મારા પોતાના બે બાળકોનો જન્મ થશે. હું વિચારતો હતો કે મારું પ્રથમ બાળક ઈશ્વરની કૃપાનું પ્રતીક બનશે અને મારું બીજું બાળક ઈશ્વરના ન્યાયશાસનનું પ્રતીક બનશે. તેમ છતાં મારા દીકરા ડેનિયલનો જન્મ પ્રથમ થયો અને તેના નામનો અર્થ "ન્યાયશાસન" થાય છે અને મારી દીકરી કારીસનો જન્મ તે પછી થયો. અને તેના નામનો અર્થ "કૃપા" થાય છે. સ્યૂના ઓપરેશન પછીથી જ્યારે તે ગર્ભવતી થઈ હતી ત્યારે તે દીકરીને જન્મ આપશે તેવું પ્રત્યેક વ્યક્તિ વિચારતી હતી. અમારા પ્રથમ બાળકનો જન્મ થાય તે અગાઉ ત્રણ અઠવાડિયા પહેલાં મને એક સ્વપ્ન આવ્યું હતું. તેમાં મેં એક નાના બાળકને જોયું હતું, તેની આસપાસ પાણી હતું અને તેનો દેખાવ મારા પિતાના દેખાવ જેવો જ હતો. જ્યારે હું ઊંઘમાંથી જાગ્યો ત્યારે મેં મારી પત્નીને તે વિશે વાત કરી હતી. અમારી નવી મંડળીના એક યુગલને પણ મેં તે વિશે જણાવ્યું હતું. હું માનું છું કે જન્મ થાય તે અગાઉ ઈશ્વરે ખરેખર મને ડેનિયલને જોવાની મંજૂરી આપી હતી. આ નાનું બાળક કેવળ અપકવ ગર્ભ નહોતો. ઈશ્વર દ્વારા તેની માતાના ઉદરમાં તેને ઓળખવામાં આવ્યો હતો. જ્યારે હું યર્મિયા ૧:૫નું વાચન કરું છું ત્યારે તે વચન હજુપણ મારામાં ધ્રુજારી ઉત્પન્ન કરે છે :

પ્રભુએ મને કહ્યું, ''તારી માના પેટમાં તને ઘડ્યો તે પહેલાંથી હું તને ઓળખું છું; તારો જન્મ થયા અગાઉ મેં તને પવિત્ર કર્યો હતો અને જાતની પ્રજાઓ મધ્યે પ્રબોધક તરીકે મેં તારી નિમણૂક કરી હતી.'' (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

## બાળકને જન્મ આપવો

બાઈબલના વચનો દ્વારા મારે જાણવાની જરૂર હતી કે ન્યાયશાસન (ડેનિયલ)ની શરૂઆત ઈશ્વરના ઘરથી પ્રથમ થાય છે. અને કેવળ ત્યાર પછી જ તે પોતાની કૃપા (કારીસ) અમારા પર રેડી શકે છે. ઈશ્વર દ્વારા ઓળખવામાં આવેલા બીજને તેની માતાના ઉદરમાંથી તેડવામાં આવ્યું છે. અને તેમણે જાહેર કર્યું છે કે ''તેનો જન્મ થશે.'' ગીતશાસ્ત્ર ૧૩૯માં દર્શાવવામાં આવ્યું છે કે, આપણી માતાના પેટમાં આપણી રચના કરવામાં આવી હતી અને આપણે જીવનની શરૂઆત કરીએ તે અગાઉથી ઈશ્વર આપણા સર્વ માર્ગોના માહિતગાર હતા.

હવે આપણે ઉત્પત્તિ ૩:૧૫માં આપેલા ભવિષ્યવચનની સમજણ મેળવવાના મહત્ત્વને નિહાળી શકીએ છીએ. ઈશ્વરે આ શબ્દો શેતાનને કહ્યા હતા. તે આ પ્રમાણે છે :

''હવેથી તું અને સ્ત્રી તથા તારા અને સ્ત્રીના સંતાન એકબીજાના દુશ્મન થશો. તું તેની એડીએ કરડશે, પણ તે તારું માથું છૂંદશે.'' (પવિત્ર બાઈબલ)

આ પૃથ્વી ઉપર શ્વાસોશ્વાસ લેવા અને જીવન જીવવા શક્તિમાન બનતા ''સ્ત્રીના સંતાન''ને અટકાવવામાં સમગ્ર ચિત્ર પાછળ હેરોદ રાજા દ્વારા ખરેખર શેતાન કાર્ય કરી રહ્યો હતો. ઈસુ ખ્રિસ્તનો જન્મ સાચે જ ઈશ્વરનું સ્વપ્ન હતું. તે પતન પામેલી સમગ્ર માનવજાતને પુનઃસ્થાપિત કરીને આપણને ફરી એક વખત તેમના દીકરા અને દીકરીઓ બનાવવાની ઈચ્છા રાખતા હતા ! આ બાળકોનો જન્મ થાય તેવી તેમની ઈચ્છા હતી. બાળકો કેવળ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે એટલું જ હું માનતો નથી, પરંતુ તેઓ આપણા સ્વપ્નો અને ઈચ્છાઓનું પ્રતિનિધિત્વ કરે છે તે પણ હું માનું છું. આપણામાંના કેટલાએક તો સ્વપ્નની શરૂઆત થાય તે અગાઉ જ તેને સફળ કરે છે. સંભવિત છે કે જન્મ આપવાનું દુઃખ ખૂબ વેદનાજનક છે અને આપણે તે વેદના - દુઃખને સહન કરી શકતા નથી તેવી લાગણી આપણે અનુભવીએ છીએ. હું માનું છું કે ઈશ્વર પોતાની મંડળીને જણાવી રહ્યા છે કે અન્ય કારણોને લીધે

આપણે તે ઈચ્છાઓને કોઈપણ રીતે સફળ કરીએ નહિ તેવી તેમની ઈચ્છા છે. આજના દિવસોમાં આપણા વિશ્વમાં અનેક વખત જે બની રહ્યું છે તેવું ચિત્ર યશાયા ૩૭:૩માં રજૂ થયું છે તેમ હું માનું છું.

તેઓએ તેને હિઝકિયા રાજાને સંદેશો કહ્યો : "આ દિવસ તો મુશ્કેલીનો તથા નિરાશા અને આપત્તિનો દિવસ છે. બાળકનો પ્રસવ પાસે છે પણ જણવાની શક્તિ નથી." (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

આપણે ખૂબ જ મુશ્કેલ સમયમાં જીવન જીવી રહ્યાં છીએ. જો ઈશ્વરે તમને પરિપૂર્ણ કરવા માટે સ્વપ્ન આપ્યું છે તો આ સમય જેવા જ સમય માટે તે સ્વપ્ન છે તેમ હું ખાતરીપૂર્વક માનું છું. પોતાના ઉદરમાં નવ મહિનાઓ સુધી બાળકને રાખનાર માતાનું ચિત્ર વિચારો. તે ઘોડેસવારી માટે પેંગડામાં પોતાનો પગ મૂકે છે અને તેને પ્રસવ વેદના શરૂ થાય છે. અને જ્યારે બાળકનું માથું દેખા દે છે તે જ સમયે અચાનક તે રાહત કે આરામ અનુભવે છે અને બાળક પાછું જતું રહે છે, તેનો જન્મ થતો નથી. તે કહે છે કે તે પોતે ખૂબ નબળી અને થાકેલી છે. અને ત્યારપછી તે ઊભી થાય છે અને પોતાના ઘરે પાછી ચાલી જાય છે. આ કેવું દુ:ખજનક ચિત્ર છે. બાળકનો જન્મ થવાની તૈયારીમાં જ હતો. આ બાળકના જન્મને કારણે માતા તેને પ્રેમ કરી શકે તેવું બાળક પ્રાપ્ત કરી શકતી હતી. અને આ બાળક માતાને આવશ્યક હતો તેવો પ્રેમ તેને આપી શકતું હતું. આ બાળક કોઈક વ્યક્તિનો ભાઈ કે બહેન થઈ શકતું હતું અથવા મમ્મી, પપ્પા કે કાકા કે કાકીનો દીકરો કે દીકરી થઈ શકતું હતું. તે ધર્મસેવક અથવા ડોકટર તરીકે ફરજ બજાવનાર થઈ શકતો હતો અને તેમ છતાં તેને આ જગતમાં જન્મ આપવા માટે તેની માતાએ પૂરતો વિશ્વાસ, સામર્થ્ય અને ઉત્તેજન આપ્યું નહોતું. આપણી પૃથ્વી ઉપર જીવન શરૂ કરવાની તક તેને પ્રાપ્ત થઈ હોત તો તે એક વ્યક્તિના સારા કાર્ય દ્વારા પૃથ્વી ઉપર સમગ્ર પેઢીનો જન્મ થઈ શકતો હતો, તેનો વિનાશ થઈ શકતો હતો. પરંતુ આપણા સમાજ અને આજના આપણા વિશ્વના દબાણ કે બોજને કારણે, કૌટુંબિક સહાય અને ભૌતિક અછતને લીધે અને સમાજની નૈતિકતા અને સદાચારની વિકૃતિને લીધે અનેક સ્ત્રીઓ વિચારે છે કે આ એક માત્ર તેઓની પસંદગી છે. તેઓ આ નિર્ણય લેવા માટે એક પ્રકારનું દબાણ પણ અનુભવે છે તેનું મુખ્ય કારણ અત્યંત ગરીબાઈ અથવા ત્યજી દેવાના ભયને લીધે રહેલી આશાવિહીનતા છે. આ આપણી પેઢી માટે દુ:ખજનક પરિણામ અને વેદનાજનક વિવેચન છે. આ પ્રકારનો નિર્ણય લેવાની જેઓએ ભૂલ કરી છે તેવી

લાગણીનો અનુભવ કરનાર સર્વને ઈશ્વર ઓળખે છે અને તેમની ક્ષમા અને પુનઃસ્થાપના તેઓ માટે પ્રાપ્ય છે.

## સફળ કરવામાં આવેલું સ્વપ્ન

આ હકીકત સફળ કરવામાં આવેલા સ્વપ્નનું પણ ચિત્ર છે તેમ હું માનું છું. માતા એક વ્યક્તિ છે પરંતુ તે એક નાની મંડળી, સભાજનો અથવા સમગ્ર રીતે ખ્રિસ્તનું શરીર પણ બની શકતી હતી. સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તનો સંદેશો લઈ જનારા દીકરા અને દીકરીઓનો જન્મ થવો જોઈતો હતો, અને તેઓ પોતાની ફળવંત ધર્મસેવાના સમયમાં પ્રવેશ કરવાની તૈયારી કરે તે અગાઉ જ તેઓને સફળ કરવામાં આવ્યા હતા. ઈશ્વરના યુવાન પુરુષો અને સ્ત્રીઓને ધર્મસેવા માટે તાલીમ આપવામાં અથવા સહાય કરવામાં પાળક હવે વિશ્વાસ ધરાવતા નથી અને યુવાનો પોતાની નિરાશાને કારણે આત્મા જીતવાને બદલે સંપત્તિ મેળવવા પોતાના તાલંતોનો ઉપયોગ કરવા માટે જગતમાં પાછા ચાલ્યા ગયા છે તેવું સંભવિત છે. સેમિનરી અથવા બાઈબલ શાળાઓને તેના સંપ્રદાયો દ્વારા હવે સહાય કે ઉત્તેજન આપવામાં આવતું નથી અને જે મિશનરીઓને તાલીમ આપવામાં આવી હતી તેઓએ નાણાં ભંડોળના અભાવે પોતાના મિશનક્ષેત્રોને અફળ કર્યા છે તેવું સંભવિત છે. મંડળીએ લોકોને બદલે વધારે મકાનોના બાંધકામ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને સમાજના સર્વ લોકોને સુવાર્તા પહોંચાડવામાં આવી નથી કારણ કે પાળકે ઈશ્વરની દૃષ્ટિ કરતાં લોકોની દૃષ્ટિમાં વધારે પ્રસંશા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખી છે તેવું સંભવિત છે. તેનું કારણ ગમે તે હોય, પણ આ બાળકોને સફળ કરવામાં આવ્યાં છે અને આ સ્વપ્નો કબરમાં દફનાવી દેવાયાં છે અને તેઓને કદી જ ફળવંત થવાની તક આપવામાં આવી નથી. ખ્રિસ્તના શરીરના ધર્મસેવકો તરીકે જેઓનો જન્મ થવો જોઈતો હતો તેઓને કદી જ જન્મ પામવા દેવામાં આવ્યા નથી અથવા તેઓને જન્મ પામે તેવી સ્થિતિમાં જ રાખવામાં આવ્યા છે.

## જન્મ પામવાના પ્રસંગોનો ચમત્કાર

આ વિષયમાં ઈશ્વરની ઈચ્છા કઈ છે, તેવા ભવિષ્યવચનને લગતું ચિત્ર પ્રભુએ તાજેતરમાં જ ખૂબ જાહેરાત પામેલા એવા વર્તમાન દિવસોના આઠ ચમત્કારો દ્વારા આપણને આપ્યું હતું તેમ હું માનું છું. અલબત્ત બીજા અનેક

પ્રસંગો છે જેનો અહીં સમાવેશ કરી શકાય છે. ઈશ્વર આ જગતનું જીવન ધબકતું રહે તેવી હજુપણ ઇચ્છા રાખે છે તેની સાબિતી બાળકનો જન્મ છે તેવું અનેક લોકો કહે છે. થોડા સમય અગાઉ જ બોબી મેકકોયે સાત બાળકોને જન્મ આપ્યો હતો. તેની માહિતી જાણનાર વિશ્વના લોકો શું બનશે તે જોવા માટે તેની પ્રતિક્ષા કરતા હતા અને કાળજીપૂર્વક ધ્યાન આપતા હતા. પ્રેસીડેન્ટ કિલન્ટનનો પણ તેમાં સમાવેશ થતો હતો. તેમણે તો બાળકોના જન્મ સમયે તેઓને અભિનંદન પણ પાઠવ્યા હતા. આ યુગલના પાળકે અને મંડળીએ તેમ જ બીજા ઘણા લોકોએ તે કુટુંબ સાથે પ્રાર્થના કરી હતી. તેમ છતાં અન્ય કેટલાએક લોકોએ બાળકોની માતાને ઘટાડો કરવાની પસંદગી કરવાનું સૂચન કર્યું હતું. એટલે કયું બાળક જીવવું જોઈએ અને કયું બાળક મરવું જોઈએ તેની પસંદગી માટે કહ્યું હતું. બોબી મેકકોયે કહ્યું કે, તેણે ઈશ્વરને જવાબ આપવો પડશે અને તે પોતે ઈશ્વર સાથે રમત કરી શકતી નથી. તે પછી રાત્રે ૧૨:૪૮ થી ૧૨:૫૪ વચ્ચે એક એક મિનિટને અંતરે આ સાતેય બાળકોનો જન્મ થયો હતો. સાતમાં બાળકનું નામ જોએલ રાખવામાં આવ્યું હતું તે વાત ખૂબ રસપ્રદ છે. જોએલ નામના આ બાળકને અંતે મૂંઝવતી પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું. તેના માતાપિતાએ આ નિવેદન કર્યું હતું, જે મારા વિચાર પ્રમાણે મહત્ત્વનું છે : તેઓએ કહ્યું, "જોએલ સંઘર્ષ કરનારો બનશે. તે પોતાના માર્ગમાં સંઘર્ષ કરીને છેક પાછળથી આગળ આવશે." મંડળીની પ્રાર્થના સાંકળમાં જોએલ માટે પ્રાર્થના કરવામાં આવી હતી અને તેને ખૂબ ઝડપથી સાજાપણું મળ્યું હતું.

આઠમો ચમત્કાર આફ્રિકામાં બન્યો હતો. એક ક્રૂઝેડ દરમિયાન રીનહાર્ડ બોનકીએ માતાના સાજાપણા માટે પ્રાર્થના કરી હતી. તે પછી તેણે તેમની પાસે આવીને કહ્યું હતું કે, તેમણે ઈસુનું નામ ઉચ્ચાર્યું ત્યારે તેના ઉદરમાં રહેલું બાળક કૂદ્યું હતું. તેમણે તેના હોસ્પિટલના કાગળો જોયા. તેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે તેનું બાળક તેના ઉદરમાં મરણ પામ્યું હતું, અને તે પછીના દિવસે તેને દૂર કરવાનું હતું. તે તેમના જાણવામાં આવ્યું નહિ ત્યાં સુધી આ સ્ત્રી કેમ ખૂબ ઉત્સાહી થઈ છે તેનું કારણ રીનહાર્ડ બોનકી સમજી શક્યા નહોતા. તે પછી રીનહાર્ડે તે સ્ત્રીને જણાવ્યું હતું કે તેના બાળકનો જન્મ તે જ દિવસે થશે. તેથી તેને ઝડપથી ઘરે પાછી ફરવા કહ્યું હતું. જ્યારે તે દિવસે માતા પોતાના ઘરે પહોંચી ત્યારે તેણે એક સુંદર દીકરાને જન્મ આપ્યો હતો. આ જગતનું જીવન ધબકતું રહે તેવી ઈશ્વરની ઇચ્છા છે તે સંબંધી મારા માટે આ એક બીજી સાબિતી છે.

મૂળભૂત રીતે હું માનું છું કે ઈશ્વર આપણી પેઢીના લોકોને જણાવી રહ્યા છે કે "આ બાળકોનો જન્મ થશે !" તે આપણને જણાવી રહ્યા છે કે ઈશ્વર પોતે માતાઓને સર્વ પ્રકારની વેદના અને દુઃખ ઉપર વિજય પામવા માટે સામર્થ્ય આપશે અને જે માતાઓ બાળકોને જન્મ આપવાનો નિર્ણય કરે છે અને ફરી એક વખત તેના સ્વપ્નો જુએ છે તેઓને ઈશ્વર આનંદ પામવાનું સામર્થ્ય આપશે. પ્રકટીકરણ ૧૨:૩-૪માં નોંધ કરેલી છે :

"એકાએક આકાશમાં એક બીજું પણ ચિહ્‌ન જોવામાં આવ્યું. એક લાલ અજગર દેખાયો. તેને સાત માથાં અને દસ શીંગડાં હતાં. તેના માથા પર સાત મુગટ હતા. પોતાની પૂંછડીથી ત્રીજા ભાગના તારા ઘસડી લઈને તેણે પૃથ્વી પર ફેંકી દીધા. પછી તે પેલી સ્ત્રીની સામે ઊભો રહ્યો. બાળકનો જન્મ થાય કે તરત જ તેને ભરખી જવા માટે તે તૈયાર હતો." (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

## તેમની આંખ સમાન વહાલી વ્યક્તિ

બાઈબલની આ કલમો આપણી સમક્ષ આપણા શત્રુનું અને તેના મુખ્ય કાર્યનું સત્ય ચિત્ર રજૂ કરે છે. બાળકનો જન્મ થયા અગાઉ તે તેને ભરખી જવાનો પ્રયત્ન કરે છે. શેતાન કેવળ "ચોરી કરવા, મારી નાખવા અને વિનાશ કરવા" માટે જ આવે છે. પરંતુ આપણા અદ્‌ભુત અને મૂલ્યવાન પ્રભુ આપણને જીવન આપવાને આવ્યા હતા અને તે પણ "ભરપૂર પણે" આપવાને આવ્યા હતા. યોહાન ૧૦:૧૦. તમે ઈશ્વરની દૃષ્ટિમાં વિશેષ વ્યક્તિ છો અને તમારું જીવન અમૂલ્ય છે. તમે તો બી સમાન છો. જેને પ્રભુએ આ પૃથ્વી ઉપર ઢાંકી દીધા છે અને હવે આપણા માટે સમય આવ્યો છે કે આપણે કટીબદ્ધ થઈએ અને આપણા પિતાની અદ્‌ભુત યોજના જાહેર કરીએ. આપણે સર્વ યુગોનું પ્રયોજન છીએ. આ સૃષ્ટિ ઈશ્વરના બાળકોને પ્રગટ કરવા માટે અને જેઓ રાજાના બાળકો છે તેઓને જાહેર કરવા માટે પ્રસૂતિપીડા સહન કરે છે (રોમન ૮:૧૯). અવિનાશી બીજથી તમારો નવો જન્મ થયો છે. તમારા પિતા દ્વારા તમને પ્રેમ કરવામાં આવે છે અને તમે તેમની દૃષ્ટિમાં મૂલ્યવાન છો. તમે તેમની દૃષ્ટિમાં મહત્ત્વના છો અને તમે તેમની આંખ સમાન વહાલા છો. તમારા દર્શનને ફરીથી એક વખત નવીન કરવા માટે તમારી સહાય કરવા ઈશ્વરને વિનંતી કરો અને તમારા જીવન માટે તેમના સ્વપ્નને પરિપૂર્ણ કરવા તમારી સહાય કરે માટે તેમને વિનંતી કરો.

ઈશ્વર આ પ્રમાણે કહે છે, "આ બાળકોનો જન્મ થશે." આજના સમય જેવા જ સમય માટે તમારો જન્મ થયો હતો !

લાઈફ ક્રિશ્ચિયન સેન્ટરના શિક્ષકોમાંના એક મેરી એન માર્કયુરીઓ દ્વારા રચિત એક સુંદર કાવ્ય અહીં આ મુજબ છે :

## ઈશ્વરનાં મૂલ્યવાન રત્નો

આ બાળકોમાંના પ્રત્યેક અને સર્વ મૂલ્યવાન રત્નો છે.
ઈશ્વરના અંતઃકરણમાં તેઓનું એક વિશેષ સ્થાન છે.
તેઓ ઈશ્વરના અંતઃકરણમાં એક સાથે મળીને વણાયેલી રંગીન દોરીઓ છે.
તેઓની આંખો ઈસુની આંખો છે... કરુણાથી
પ્રેમથી, માયાળુપણાથી, ભલાઈથી, શુદ્ધતાથી અને નિખાલસતાથી ભરપૂર.
દરેક સ્પર્શ માયાળુપણાનો સ્પર્શ છે.
તેઓની વાતો જીવન અને આનંદથી ભરપૂર છે.
તેઓના નિર્દોષ અવાજો સાથે ઉચ્ચારેલી વાતો મધ જેવી મીઠી છે.
તેઓનું હાસ્ય આનંદ અને મહાસુખથી ભરપૂર છે.
ઈશ્વરે આપણને બાળકો આપ્યા છે કે જેથી આપણે આનંદ પ્રમોદ કરી શકીએ.
બાળકો ઈશ્વરની દૃષ્ટિમાં ઝબકારો કરે છે.
તેઓનું સ્મિત જગતને પ્રકાશિત કરશે.
તેઓ તો ઈસુનું આવશ્યક લક્ષણ છે.
બાળકો ઈશ્વરનું સર્જન છે, તેમની પોતાની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કરવામાં આવ્યાં છે.
ઈશ્વરે આ સર્જનને શિક્ષણ અને પ્રેમ આપવા આપણને આપ્યું છે.
આ માન-આદર તેમણે આપણા જીવનમાં અર્પણ કર્યો છે."

# પ્રકરણ ત્રણ

## "તેઓને પોતાની રીતે આગળ વધવા દો"

પવિત્ર આત્માના કાર્યની હજી સુધી સમજણ મેળવી નથી તેવી મંડળીમાંથી પવિત્ર આત્માના કાર્યનો ક્યારનોય અનુભવ પામી ચૂકેલી મંડળીમાં હું જ્યારે પરિવહન કરી રહ્યો હતો ત્યારે મને આ વિશેષ સ્વપ્ન આવ્યું હતું. હું આ હકીકતને સ્વીકારતો હતો કે જ્યાં સુધી આપણે પોતાના સાથી વિશ્વાસીઓને પ્રેમ કરીએ છીએ ત્યાં સુધી આપણે પવિત્ર આત્માની ધર્મસેવામાં વિશ્વાસ કરીએ છીએ કે નહિ તે વાત ખરેખર અગત્યની નથી. પરંતુ પરિસ્થિતિઓની હારમાળા દ્વારા ઈશ્વરે મને દર્શાવ્યું હતું કે જો હું આધ્યાત્મિક રીતે વધારે વૃદ્ધિ પામવાની ઈચ્છા રાખું છું તો મારે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામવાની આવશ્યક્તા રહેશે, અને જો પ્રેરિતોનાં કૃત્યો મારા જીવનમાં દશ્યમાન બને તેવી હું ઝંખના રાખું છું તો મારે પવિત્ર આત્માને ભેટનાર લોકસમૂહમાં સામેલ થવાની આવશ્યક્તા રહેશે, અને મારા અંતઃકરણ અને જીવનમાં તેમને સંપૂર્ણ અધિકાર ચલાવવા માટેની મંજૂરી આપવી પડશે.

## બગીચામાં પચાસમાના દિવસનો અનુભવ

હું બસમાં મુસાફરી કરતો હતો તે રીતે સ્વપ્નની શરૂઆત થઈ હતી. હું બસની બેઠકો વચ્ચે આવેલી જગામાં ઊભો હતો અને મુસાફરી કરી રહેલા લોકોને તારણનો સંદેશો આપી રહ્યો હતો. થોડી વાર પછી બસ થોભી હતી અને અમે બધા જ બસની બહાર આવ્યા હતા. તે પછી અમે બગીચા જેવી કોઈક જગા તરફ આગળ વધ્યા હતા અને દરેક વ્યક્તિએ સ્વચ્છ જગા શોધીને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ મેં ફરીથી ઈશ્વરના વચનનો ઉપદેશ કરવાની શરૂઆત કરી હતી.

મેં ધ્યાનપૂર્વક જોયું તો દરેક વ્યક્તિ વાતચીત કરતી હતી અને હું જે ઉપદેશ કરી રહ્યો હતો તેમાં તેઓને ખૂબ જ નહિવત્ અભિરૂચિ હોય તેવું લાગતું હતું. તેથી મેં પોતાનું બાઈબલ ખુલ્લું કર્યું હતું અને તેમાંથી પ્રેરિતોનાં કૃત્યો ૨:૧-૪નું વાચન કરવાની શરૂઆત કરી હતી :

"પચાસમાનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક
સ્થળે એકઠા થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ભારે

આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા
હતા તે આખું ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી છૂટી છૂટી પડતી
જીભો તેઓના જોવામાં આવી, અને તેઓમાંના દરેક ઉપર
(એક એક) બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર હતા,
અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ
તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા."

જ્યારે હું આ કલમોનું વાંચન કરતો હતો ત્યારે કોઈક અસામાન્ય બાબત મારા ધ્યાન પર આવી. દરેક વ્યક્તિએ કોઈક રીતે પોતાના શરીરોને મારી તરફ ફેરવ્યા હતા અને તેઓના મુખ ઉપર ઉત્તેજના અને અભિરુચિ દર્શાવવાની તેઓએ ખરેખર શરૂઆત કરી હતી. જેઓએ મને નિરાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો તે દરેક વ્યક્તિએ પોતાના ખોળામાં બાઈબલ રાખ્યું હતું અને તેઓના હાથમાં પેન અને કાગળ હતા અને તેઓ ઉપદેશની નોંધ કરી રહ્યાં હતાં. બીજા કેટલાએક એવા હતા કે જેઓ મારા તરફ ધ્યાન આપતા નહોતા પરંતુ હજી પણ એકબીજા સાથે વાતચીત કરીને ખૂબ જ નહિવત્ અભિરુચિ વ્યક્ત કરતા હતા. તેઓ ધ્યાન આપે અને તેમાં અભિરૂચિ વ્યક્ત કરે તે માટે હું તેઓ પ્રત્યે ઊંચા અવાજે બોલવાની તૈયારી કરતો હતો. એટલામાં મેં એક શાંત-ધીમી વાણી એમ બોલતા સાંભળી "તેઓને પોતાની રીતે આગળ વધવા દો." મને વિચાર આવ્યો કે તેઓને કાંઈક લલચામણીની જરૂર છે તેવું સંભવિત છે. પરંતુ હજી પણ આ વાણીએ મને ખાતરી આપતાં કહ્યું કે મારે તેઓને ઠપકો આપવાની પણ જરૂર નથી. મને જ્યાં સુધી યાદ છે ત્યાં સુધી જેઓ મારી તરફ ફરીને બેઠક ઉપર બેઠા હતા તેઓ સંપૂર્ણપણે ધ્યાન આપતા હતા અને તેઓએ મારી સાથે પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકનું સતત વાંચન કર્યું હતું. બીજા કેટલાએકે એટલે આ બેઠક ઉપરના કેટલાએક અને અન્ય બેઠક ઉપરના કેટલાએકે પોતે પોતાનો માર્ગ પસંદ કર્યો હતો.

આ સ્વપ્ન દ્વારા મને એ દર્શાવવામાં આવતું હતું કે, જ્યારે કોઈક વ્યક્તિ નવો જન્મ પામે છે ત્યારે તેઓના નવા જીવનમાં બીજું એક સ્તર હોય છે અને તે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા છે. પચાસમાનો દિવસ આપણા માટે વાસ્તવિક બનવાની જરૂર છે. ખ્રિસ્તી વ્યક્તિઓ તરીકે આપણા જીવનમાં તે આપણું બીજું પગથિયું હોવું જોઈએ. તેમ છતાં તે માટે કેટલાએક હજી પણ તૈયાર નથી અને આપણે તેઓને

સહાય કરવાની અને તેઓને દઢ કરવાની જરૂર છે. તેઓ સમય જતાં તે વાતને સમજી શકશે. યોગ્ય સમય આવે નહિ ત્યાં સુધી તેઓને પોતાની રીતે આગળ વધવા દો. ઈશ્વર જે કાર્ય કરવાના છે તે માટે તેમની સમગ્ર મંડળી તૈયાર થાય તેવી તેમની ઇચ્છા છે તેમ હું માનું છું. આપણા વરરાજાની મુલાકાત આપણે ટૂંક સમયમાં કરવાના છીએ તે સંદેશો લોકોને આપવામાં આવ્યો છે તેમ હું માનું છું તોપણ કેટલાએક હજુ પણ તે માટે તૈયાર નથી. ઈશ્વરે આપણા માટે જે યોજના કરી છે તેમાંનુ સર્વકાંઈ આપણે ગુમાવી બેસીએ તે અગાઉ ઊંઘમાંથી ઊઠવાનો સમય આવી પહોંચ્યો છે તેમ હું માનું છું. આ સત્યને સમજાવવા માટે ઈસુએ માથ્થી ૨૫:૧-૧૦માં જે દૃષ્ટાંત કહ્યું હતું તે તરફ, આવો, આપણે દૃષ્ટિ કરીએ :

"સ્વર્ગના રાજ્યને દસ કુમારિકાઓના દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાય. આ કુમારિકાઓ પોતાની મશાલો લઈને વરને મળવા ગઈ. તેઓમાં પાંચ મૂર્ખ અને પાંચ બુદ્ધિશાળી હતી. મૂર્ખ કુમારિકાઓએ પોતાની મશાલો સાથે તેલ લીધું નહોતું. બુદ્ધિવંતી કુમારિકાઓએ પોતાની મશાલો સાથે પૂરતું તેલ લીધું હતું. વરને આવતાં વાર લાગી. તેઓ સર્વ ઝોકાં ખાઈને ઊંઘી ગઈ. મધરાતે પોકાર પડ્યો કે, 'જુઓ, વરરાજા આવી રહ્યા છે, માટે તેમને મળવા તૈયાર થાઓ.' એ સાંભળતાં જ કુમારિકાઓ સફાળી જાગી ઊઠી. તેઓએ પોતાની મશાલો તૈયાર કરી. જે પાંચ કુમારિકાઓની પાસે તેલ ન હતું તેઓની મશાલો બુઝાવા લાગી. તેથી તેઓએ બાકીની કુમારિકાઓ પાસે તેલની માગણી કરી. બુદ્ધિવંતી કુમારિકાઓએ જવાબ આપ્યો, 'તમને તથા અમને પૂરતું થઈ રહે તેટલું તેલ અમારી પાસે નથી તમે બજારમાં જઈને તમારા માટે વેચાતું લઈ આવો.' તેઓ વેચાતું લેવા ગઈ એટલામાં વરરાજા આવી પહોંચ્યા. જે કુમારિકાઓ તૈયાર હતી તેઓ વરરાજાની સાથે લગ્નજમણમાં ગઈ. પછી બારણું બંધ કરી દેવામાં આવ્યું. પછી પેલી પાંચ મૂર્ખ કુમારિકાઓ પાછી આવી. તેઓ બહાર ઊભી રહીને પોકારવા લાગી, 'પ્રભુ, પ્રભુ, અમારે માટે બારણું ખોલો!' વરરાજાએ જવાબ આપ્યો, 'હવે ઘણું મોડું થઈ ગયું છે! અહીંથી જાઓ!" ઈસુએ કહ્યું, "માટે જાગતા રહો અને તૈયાર રહો, કારણ કે તે દિવસ કે તે ઘડી તમે જાણતા નથી." **(પવિત્ર બાઈબલ,** સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

પ્રભુનો આત્મા સમગ્ર વિશ્વ ઉપર નવીન રીતે રેડાઈ રહ્યો છે. ઈશ્વર સજીવન કરી રહ્યા છે, નવેસરથી સજાવટ કરી રહ્યા છે અને સાવધ કરી રહ્યા છે અને પોતાની મંડળીમાં સભ્યોની સંખ્યામાં વધારો કરી રહ્યા છે. આપણે "મધ્ય રાત્રિના સમય" સુધી પહોંચીએ છીએ ત્યારે જો આપણે પોતાના દીવાઓને જ્વલંત રીતે સળગતા

રાખવાની ઇચ્છા રાખીએ છીએ તો આપણને પવિત્ર આત્માના તેલની નવીન ભરપૂરીની આવશ્યકતા છે. પવિત્ર આત્મા તમારા જીવનને વધુ તેલથી ભરપૂર કરે માટે તેમને વિનંતી કરો. જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ તમને તેની ખૂબ જ જરૂર પડશે. જ્યારે પ્રભુનું આગમન થાય ત્યારે તમે ઊંઘતા રહેશો નહિ. જો તમે પવિત્ર આત્માના તેલથી તથા ડહાપણથી ભરપૂર થશો તો તેમનું આગમન થશે ત્યાં સુધી તે તમારા દીવાને સળગતા રાખશે.

## મુસાફરી માટે યોગ્ય વસ્ત્રો

અમારા સિનિયર માસ્ટર રીક શેલ્ટોન, પોતાના બે દીકરાઓ સાથે ફુટબોલની રમત નિહાળવા માટે ગયા હતા તે વિશે તેમણે રવિવાર સવારની ભક્તિસભામાં કાંઈક જણાવ્યું હતું. એક દીકરાએ પૂરતા પ્રમાણમાં ગરમ વસ્ત્રો પહેર્યા નહોતા અને તેથી તેને ખૂબ ઠંડી લાગતી હતી. બીજા દીકરાએ ઊનના વસ્ત્રો પહેર્યાં હતાં અને તે દિવસના હવામાન પ્રમાણે બીજા વસ્ત્રો (જેકેટ) પણ સાથે લીધું હતું. તેમના એક દીકરાને ઠંડી લાગતી હતી પરંતુ બીજો દીકરો ગરમાવો અને આરામ અનુભવતો હતો. જે દીકરાને ઠંડી લાગતી હતી તેણે અંતે પોતાના ભાઈ પાસેથી બીજાં વસ્ત્રો (જેકેટ)ની માગણી કરી હતી. અમારા પાળકનો જે દીકરો ગરમાવો અનુભવતો હતો તેણે પોતાના પિતાને કહ્યું, ''ડેડી, મેં આજના દિવસની તૈયારી કરી હતી અને તે પ્રમાણે મારા વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. મારા પોતાના ભાઈએ તે માટે તૈયારી કરી નહોતી તેમાં મારો કોઈ દોષ નહોતો. આ પ્રમાણે જ તે દિવસે બનશે. જેઓ પવિત્ર આત્માનું તેલ સતત પ્રાપ્ત કરતા રહે છે તેઓને આવશ્યક છે તેવું ડહાપણ તેઓ પ્રાપ્ત કરશે. અને મુશ્કેલીના સમયોમાં પણ તેઓ આનંદ અને મહિમાની ભરપૂરીનો અનુભવ કરશે.

આવનાર દિવસોમાં આપણી પૃથ્વી ઉપર જે પ્રસંગો થવાના છે, તે માટે તૈયાર રહેવું ઘણું જ અગત્યનું છે. હિબ્રૂઓના પત્રમાં કહેવામાં આવ્યું છે કે ઈશ્વર આ પૃથ્વીની સર્વ વસ્તુઓને હલાવશે. એક વખતે મને સ્વપ્ન આવ્યું હતું, તેમાં હું એક નાના સફેદ કબૂતર પાછળ ચાલતો હતો. તેણે કેટલાએક મહાકાય મકાનો પાસેથી ઊડવાનું શરૂ કર્યું ત્યાં સુધી તેનું કદ ખૂબ જ નાનું અને અર્થહીન લાગતું હતું. મેં જોયું હતું કે જ્યારે તે કબૂતર ઊડતું હતું ત્યારે આ મહાકાય મકાનો ભાંગીને ભૂકો થયા હતા અને સંપૂર્ણપણે જમીનદોસ્ત થયા હતા. તે પછી મેં જોયું તો આ કબૂતર પથ્થરના બનાવેલા મકાનોમાંના એક મકાનમાં ઊડીને ગયું હતું અને ત્યાર પછી તે

અદશ્ય થયું હતું. ત્યારબાદ મેં જોયું તો અચાનક આ મકાનો સંપૂર્ણપણે ભાંગી પડ્યાં હતાં અને મેં જમીનમાં ગડગડાટ સાંભળ્યો હતો. મેં પોતાની આસપાસ સર્વત્ર વિનાશ જોયો હતો. મેં જોયું તો વિશાળ વૃક્ષો તેના મૂળમાંથી ઊખડી ગયા હતા અને તેઓ સમગ્ર જમીન ઉપર એક કતારમાં પડ્યા હતા. મારી આસપાસ આ પ્રમાણે થઈ રહ્યું હતું ત્યારે મેં જોયું તો એક હરોળમાં ઊભા રહીને પ્રતિક્ષા કરી રહેલા લોકોના સમૂહ તરફ પહોંચવાના નાના રસ્તા ઉપર હું ચાલતો હતો. હરોળના આગળના ભાગમાં ઈશ્વરના બે માણસો ઊભા હતા અને લોકો જેમ જેમ પસાર થતા હતા તેમ તેમ તેઓ દરેક વ્યક્તિના માથા ઉપર પોતાના હાથ મૂકતા હતા. લોકો જે મુસાફરી કરવાના હતા તે માટે દરેક વ્યક્તિએ પૂરતા પ્રમાણમાં વસ્ત્રો પરિધાન કર્યાં છે કે નહિ તેની તેઓ ચકાસણી કરતા હતા. લોકો માટે જે માણસ પ્રાર્થના કરતો હતો તેની પાસે અંતે હું આવ્યો હતો. મેં જે વસ્ત્રો પરિધાન કર્યાં હતા તે તરફ તેણે દૃષ્ટિ કરી હતી અને ત્યારપછી તેણે કાંઈક કર્યું તે મારા વિચાર પ્રમાણે અસામાન્ય કે વિચિત્ર હતું. તેણે મારા વસ્ત્ર ઉપરના લેબલ કે નામઠામવાળી કાપલીને જોઈ હતી. તેણે મારા તરફ જોયું ત્યારપછી તેણે હસવાની શરૂઆત કરી અને ખાતરી આપતાં કહ્યું કે મારા વસ્ત્રો મુસાફરી માટે યોગ્ય વસ્ત્રો છે. આજના દિવસોમાં અનેક લોકો એવા છે કે જેઓ પોતાના વસ્ત્રોના લેબલ વિશે અથવા નામઠામવાળી કાપલી સંબંધી વધારે કાળજી રાખે છે. આપણે તેમના સામર્થ્ય અને તેમના અભિષેક કરેલા વસ્ત્રો પરિધાન કરીએ તેવી ઈશ્વરની ઈચ્છા છે. આપણે કૃપા અને નમ્રતાના વસ્ત્રો પરિધાન કરીએ તેવી તેમની ઈચ્છા છે.

## તૈયાર રહો

આપણે ઈશ્વરના સર્વ હથિયારોથી સજ્જ બનીએ તેવી તેમની ઈચ્છા છે તેમ હું માનું છું. આપણે જે દિવસોમાં પ્રવેશ કરવાના છીએ તે માટે આપણે પ્રત્યેક વ્યક્તિ યોગ્ય વસ્ત્રો પરિધાન કરીએ અને તે માટે તૈયાર રહીએ તેવી તેમની ઈચ્છા છે. હમણાં જેઓ પોતાને તૈયાર કરતા નથી તેઓ આવનાર ફસલ માટે અને આપણા પ્રભુના પુનરાગમન માટે તૈયાર થઈ શકશે નહિ. તેઓના પાત્રો તેલથી ભરપૂર થશે નહિ અને તેઓના દીવા પ્રકાશિત રહેશે નહિ. હું માનું છું કે કબૂતર પવિત્ર આત્માનું પ્રતિક છે. મારા સ્વપ્નમાં કબૂતર કદમાં ખૂબ નાનું અને અર્થહીન જોવા મળતું હતું. હું માનું છું કે ઈશ્વરનું આ કાર્ય ભલે દેખાવમાં મોટું કે વિશાળ લાગતું ન હોય તેમ છતાં તે માનવીની પ્રણાલીકાઓને (હરોળમાં પડેલાં વૃક્ષો દ્વારા રજૂ કરવામાં આવ્યું)

ભાંગી નાખશે અને ઈશ્વરે જે રોપ્યું નથી તેને ઊખેડી નાખશે. માથ્થી ૧૫:૧૩ જણાવે છે કે, "મારા પિતાએ રોપ્યા નહિ હોય એવા દરેક છોડને ઊખેડી નાખવામાં આવશે" અને માથ્થી ૩:૧૦ કહે છે, "હમણાં જ ઝાડોની જડ પર કુહાડો મુકાયો છે. માટે દરેક ઝાડ જે સારું ફળ નથી આપતું તે કપાય છે, ને અગ્નિમાં નંખાય છે." ઈશ્વર તમારા વસ્ત્રોના સુશોભિત લેબલ કે નામઠામવાળી કાપલીને જોતા નથી. ઈસુએ કહ્યું કે તમે તેઓના જીવનનાં ફળ દ્વારા લોકોને ઓળખી શકશો. તમારા જીવનમાં પવિત્ર આત્માના ફળ આવે તેની તમે ચોક્કસ ખાતરી કરો. અને મુસાફરી માટે તમે યોગ્ય વસ્ત્રો પરિધાન કર્યાં છે તેની કાળજી રાખો. ખ્રિસ્તની સુવાસ પ્રગટ કરે તેવાં વસ્ત્રોની તમને આવશ્યક્તા છે. પવિત્ર આત્મા તમારા જીવનને ભરપૂર કરે તેવી તેમને વિનંતી કરો અને તમારા જીવન માટે દોરવણી મેળવવા દરરોજ ઈશ્વરના વચનનું મનન કરવામાં વધારે સમય વ્યતિત કરો.

# પ્રકરણ ચાર

## માનવ સમૂહના સમુદ્રમાં હાઉસ-બોટ દ્વારા માછલી પકડવી

યોહાન ૨૧:૧૧

"સિમોન પિતર (હોડી પર) ચઢીને એકસો ત્રેપન
મોટી માછલીઓથી ભરાયેલી જાળ કિનારે ખેંચી લાવ્યો,
અને જો કે એટલી બધી (માછલીઓ) હતી તોપણ જાળ
ફાટી ગઈ નહિ."

ઘણાં વર્ષો અગાઉ પ્રભુએ મને દર્શાવ્યું હતું કે અંતના દિવસોમાં મંડળી માછલી પકડવાની જાળ જેવી બનશે અને દરેક પ્રકારની માછલીઓ એટલે દરેક રાષ્ટ્રના, ભાષાના અને બોલીના (પ્રજા, જાતિના લોકજૂથને) એકત્રિત કરશે. ઈશ્વર દરેક રાષ્ટ્રમાંથી લોકોને (માછલીઓને) એકત્રિત કરશે તે વાત મને યાદ રહે તે માટે મેં પોતાના ઘરનું સરનામું પણ ૧૫૩ ક્રેસન્ટ પસંદ કર્યું છે. પિતરે માછલીને જોઈ હતી તે દરેક સમયે તેને પ્રભુ ઈસુએ ઉચ્ચારેલા શબ્દો યાદ આવ્યા હતા, "હું તને માણસોને પકડનાર કરીશ." તેમ હું માનું છું.

ખ્રિસ્ત મરણમાંથી ફરીથી સજીવન થયા ત્યારપછી પિતર અને સર્વ શિષ્યો માછલી પકડવા માટે પાછા ચાલ્યા ગયા હતા. યોહાન ૨૧:૩ જણાવે છે કે આખી રાત મહેનત કરી તેમ છતાં તેઓ એકપણ માછલી પકડી શક્યા નહોતા. હું માનું છું કે આ હકીકત આપણા જીવનો માટે પણ એટલી જ સત્ય છે. જો ખ્રિસ્ત આપણા અંતઃકરણમાં સજીવન થયા છે તો આપણે આ જીવનના કાર્યોમાં ગળાડૂબ થવાની જરૂર નથી. જો આપણે જીવનના બોજાઓ નીચે દબાઈ જઈશું તો હું માનું છું કે જ્યાં સુધી આપણે પોતાના જીવન માટે તેમના તેડા અને તેમની યોજના તરફ પાછા ફરીશું નહિ ત્યાં સુધી ઈશ્વર આપણા જીવનમાં કાર્ય કરી શકશે નહિ. શિષ્યો દ્વારા ઈસુની ઓળખ કરવામાં આવી નહિ ત્યાં સુધી હોડીની જમણી તરફ પોતાની જાળ નાખવાની દોરવણી તેઓએ પ્રાપ્ત કરી નહોતી. આ જગતની મોહક બાબતો શોધવામાં આપણો કીમતી સમય વેડફી નાખવાને બદલે જો આપણે ઈશ્વરની વધુ નિકટતાપૂર્વક ઓળખ કરીશું તો આપણે તેમની વાણી સાંભળવાને અને આપણી જાળ જમણી દિશા તરફ નાખવાને પણ શક્તિમાન થઈશું. અને ત્યારે જ ઈશ્વરે આપણને આહ્‌વાન આપ્યું છે તે માછલી આપણે પકડી શકીશું.

જો આપણે હઝકિયેલ ૪૭નું વાચન કરીએ તો તેમાં ઈશ્વરની નદી વિશે વાત કરવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે મંદિરની જમણી દિશા તરફથી પાણી વહે છે. જો આપણે યોગ્ય માછલી પકડવાની ઈચ્છા રાખીએ છીએ તો આપણે નદીની જમણી દિશા તરફ રહેવાની જરૂર છે. જ્યારે ઈસુની મુલાકાત પ્રથમ વખતે પિતર સાથે થઈ હતી ત્યારે તેમણે પિતરને કહ્યું હતું કે, જો પિતર તેમનું અનુસરણ કરશે તો ઈસુ તેને માણસોને પકડનાર બનાવશે. હું માનું છું કે સઘળી માછલીઓને પકડવામાં આવે માટે હમણાં પણ જાળ ગૂંથીને તૈયાર કરવામાં આવી રહી છે. આપણા જીવનોને એકમેક કરીને અને એકબીજા સાથેના આપણા પ્રેમ અને વાતચીત દ્વારા આ જાળને ગૂંથવામાં આવી રહી છે. પવિત્ર આત્મા દ્વારા આપણે જાણી શકીશું કે માછલી પકડવા માટે કઈ ઉત્તમ જગા છે, કેવા પ્રકારની હોડીનો ઉપયોગ કરવો અને આપણી જાળને ક્યાં અને કેવી રીતે નાખવી જોઈએ. જો ઈશ્વર સાથે અને અન્ય વ્યક્તિઓ સાથે આપણા સંબંધો મજબૂત હશે તો ઈશ્વર પોતે આપણી જાળમાં માછલીઓ લાવશે. આ વાત સાથે સંબંધિત કેટલાંએક સ્વપ્નો ઈશ્વર દ્વારા મને આપવામાં આવ્યાં હતાં તેમ હું માનું છું.

પ્રથમ સ્વપ્નમાં મારી પત્ની અને હું અમારા ઘરમાં અંદર હતાં પરંતુ અમારું ઘર જમીન પર હોવાને બદલે દરિયામાં હતું. અમારા ઘરની આસપાસ અન્ય હાઉસ-

બોટ પણ હતી. અમે માછલી પકડતા હતા, પરંતુ પાણીમાં માછલીઓને બદલે મેં માણસોને નિહાળ્યા હતા. તેઓમાંના કેટલાએક અમારી હાઉસ-બોટ ઉપર ચઢવાનો પ્રયત્ન કરતા હતા. જ્યારે બીજા કેટલાક સહાય મેળવવા માટે વિનંતી કરતા હતા. સંજોગોવસાત્ તે પાણીમાં શાર્ક માછલીઓ હતી અને પાણીમાં નીચે બીજા કેટલાએક ભય પણ હતા. મને વિચાર આવે છે કે અમે લોકો જે દિશામાં હતા તે તરફ જીવન બચાવવા માટે પાણીમાં દોરડું નાખ્યું હતું. કેટલાએક લોકોએ તે દોરડાને પકડી લીધું હતું અને પોતાનો બચાવ કરવાને શક્તિમાન બન્યા હતા. મને યાદ છે કે કેટલાએક લોકોએ અમારા ઘરના મુખ્ય દરવાજા આગળ આવવાની શરૂઆત કરી હતી. તેઓ માથાથી પગ સુધી પાણીથી ભીંજાઈ ગયા હતા. જો હું તેઓને ઘરમાં પ્રવેશવાની મંજૂરી આપું તો તેઓ અમારા બેઠકખંડમાં અવ્યવસ્થા ઊભી કરે અને અમારા કાર્પેટને નુકસાન કરે તેવો વિચાર મને આવતો હતો તે મને યાદ છે.

હું માનું છું કે ઈશ્વર મને દર્શાવતા હતા કે પાણી માનવ સમૂહના સમુદ્ર જેવો છે. તેમાં શાર્ક માછલીઓ છે અને તેના પાણી દિનપ્રતિદિન તોફાની બનતા જાય છે. ઈશ્વર મને દર્શાવતા હતા કે અમારું ઘર તેમ જ અન્ય ઘરો એવી જગા હતી કે જેમાં લોકો પ્રવેશી શક્તા હતા અને તેઓ શાર્ક તથા તોફાની મોજાંઓથી આરામ અને સલામતી મેળવી શકતા હતા તેવો મને વિચાર આવે છે.

તેઓએ મારા ઘરના દરવાજામાં પ્રવેશ કરવાની શરૂઆત કરી ત્યારે મારા કાર્પેટને નુકસાન થવું જોઈએ નહિ તે મારો માનવી પ્રતિભાવ હતો. હું માનું છું કે ઈશ્વરે મારા નિર્ણય માટે પ્રશ્ન પૂછ્યો હતો, હું કઈ બાબતની વધારે ચિંતા કરું છું. તેમના લોકોની અથવા તેમણે મને આપેલી વસ્તુઓની? પિતર પોતાના માછલી પકડવાના ધંધા કરતાં તેમના ઉપર વિશેષ પ્રેમ કરે છે કે નહિ તે વિશે જ્યારે ઈસુએ પિતરને પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે પ્રભુએ આજ વાત પિતરને જણાવી હતી. યોહાન ૨૧માં તેમણે કહ્યું, "પિતર, શું આ માછલીઓ કરતાં તું મારા પર વધુ પ્રેમ રાખે છે?" "શું તારા મિત્રો અને કુટુંબ કરતાં તું મારા પર વધુ પ્રેમ રાખે છે? જો તારો પ્રત્યુત્તર હકારાત્મક છે તો તેની મને સાબિતી આપ! મારા ઘેટાંને સંભાળ. (મેં તને કાળજી રાખવા માટે જે લોકોની સોંપણી કરી તેઓની કાળજી રાખ.)

## પાણીમાં ડૂબતી હોડી

મૂંઝવણ અને સમસ્યાઓનો સામનો કરી રહેલા લોકોને આપણા ઘરમાં પ્રવેશ

કરવાની મંજૂરી આપવાની શું આપણે ઈચ્છા રાખીએ છીએ? અથવા શું આપણા કાર્પેટની આપણે વધુ ચિંતા કરીએ છીએ? લોકો આ જગતમાંથી ઈશ્વર તરફ ફરે છે ત્યારે કેટલીક બાબતો હજુપણ તેઓને મળતી રહી છે તેવું આપણને પાણીથી ભીંજાયેલા લોકોમાં જોવા મળે છે તેમ હું માનું છું. તેઓમાંના કેટલાએકને હજુપણ સમસ્યાઓ હશે પરંતુ તેઓ આપણા ઘરમાં પ્રવેશ કરશે ત્યારે પવિત્ર આત્માનો અભિષેક તેઓને સાજાપણું આપવાની શરૂઆત કરશે તેમ હું માનું છું. તેમનો અભિષેક દરેક જરૂરિયાતોને પૂરી કરવા માટે પૂરતો છે. આપણામાંના ઘણા પોતાના ઘરોને, ધર્મસેવાઓને, જાળોને અને જીવનોને માનવ સમૂહના સમુદ્રમાં નાખીએ તે માટે ઈશ્વર આહ્‌વાન આપે છે. આજના આપણા વિશ્વમાં આપણે આ અભિવ્યક્તિનો ઉપયોગ કરીએ છીએ, તે કહે છે, ''જીવન ધબકતું રાખો.'' આપણી મંડળીમાં આપણે બીજી રીતે અભિવ્યક્ત કરતા કહીએ છીએ, ''જીવંત જૂથના સભ્ય બનો'' હું માનું છું કે જે મંડળીઓમાં ગૃહ બાઈબલ અભ્યાસ જૂથો નથી અથવા મંડળીમાં ભાગીદાર થનાર સર્વ લોકોને સમાવી શકાય તેવી પ્રવૃત્તિઓ નથી તે મંડળીમાં પ્રભુ જ્યારે ફસલ લાવવાની શરૂઆત કરે છે ત્યારે તે માટે તેઓ તૈયાર થઈ શક્તા નથી. આજના દિવસોની અનેક સ્થાપિત મંડળીઓ મને તેઓના ''ભવ્ય'' ભૂતકાળ વિશે યાદ કરાવે છે. તેઓમાંની ઘણી મંડળીઓ પોતાના લોકો માટેની સલામતી કરતાં પોતાની પ્રતિભા ઝાંખી ન પડે તેની વધુ ચિંતા રાખે છે. મૂંઝવણ અને સમસ્યાઓના પાણી લોકોને સંપૂર્ણપણે ઢાંકે છે ત્યારે તેઓની સહાય કરવા માટે આપણી પાસે બચાવની હોડીઓ (લાઈફ-બોટ) પૂરતા પ્રમાણમાં હોય તે આવશ્યક છે. ઈશ્વર કેવું કાર્ય કરવાના છે તે સંબંધી હઝકિયેલ ૪૭માં સ્પષ્ટ ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. પવિત્ર આત્માના રેડાવાનું કાર્ય તબક્કાવાર થશે. પ્રથમ ''પાણી'' ઘૂંટીસમા હશે, ત્યાર પછી ઘૂંટણસમા હશે, અને તે પછી કમરસમા હશે અને આખરે તેના પાણી આપણા માથા ઉપર થઈને વહેશે. જો આપણે થોડામાં વિશ્વાસુ રહીશું તો ઈશ્વર આપણને અનેકગણું વધારે આપશે. લૂક ૫:૪-૭ આપણને આ હકીકતનું સ્પષ્ટ ચિત્ર આપે છે :

> ''ઉપદેશ આપી રહ્યા પછી તેમણે સિમોનને કહ્યું,
>
> ''હવે ઊંડા પાણીમાં હોડી લઈ જાઓ અને જાળ નાખો.''
>
> સિમોને જવાબ આપ્યો, ''ગુરુજી, અમે આખી રાત ખૂબ જ
>
> મહેનત કરી પરંતુ કશું જ પકડી શક્યા નથી,

તો પણ તમારા કહેવાથી અમે ફરીથી જાળ નાખીશું.” તેમણે
જાળો નાખી ત્યારે તેમાં એટલી બધી માછલીઓ ભરાઈ
કે જાળો તૂટવા લાગી. તેઓએ મદદ માટે બૂમો પાડી એટલે
તેઓના સાથીઓ બીજી હોડીમાં આવી પહોંચ્યા. થોડી જ વારમાં
બંને હોડીઓ માછલીઓથી એટલી બધી ભરાઈ ગઈ કે તે
ડૂબવા લાગી.” (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

આપણી જાળો (ગૃહ અભ્યાસ જૂથો)ને માછલીઓનો મોટો જથ્થો પકડવા માટે તૈયાર રાખવાની આવશ્યક્તા છે અને ઈશ્વર થોડા જ સમયમાં આપણને સફળતા આપશે. જો આપણી જાળોમાં અનેક બાકોરાં હશે તો ઈશ્વર તેમાં માછલી મોકલી આપશે નહિ. તે પછી ઈશ્વર અન્ય જગાએ દૃષ્ટિ કરશે. તેથી આપણે તૈયાર રહીએ તે સારું છે. લોકો ખ્રિસ્તની ઓળખ પામે છે ત્યારે દરેક રાષ્ટ્રમાંથી આવતા લોકો માટે પ્રત્યેક શહેરમાં સંપર્કનું સ્થળ પણ હોવું જોઈએ. મંડળીઓ અને ગૃહ બાઇબલ અભ્યાસ જૂથો હોવાં જોઈએ. અને તેમાં પોતાની ભાષા જાણનાર પ્રત્યેક લોકોને તેઓ સમજી શકે તે ભાષામાં સુવાર્તા આપી શકે તેવા દરેક લોકજૂથમાંથી આવેલા વિશ્વાસુ આગેવાનો હોવા જોઈએ. આ કેવી રીતે કરવું જોઈએ તે સર્વ હું જાણું છું તેમ હું કહેવાનો ઈરાદો રાખતો નથી પરંતુ તેમ કરવાની આવશ્યક્તાને હું નિહાળી શકું છું. આ કાર્ય માટે કેટલાક ચોક્કસ આગેવાનોની નિમણૂક કરવાની જરૂરિયાત જાળવવા માટે ઈશ્વરે પણ યિથ્રોને મોશે પાસે મોકલ્યો હતો.

## જ્યાં સુધી દિવસ છે ત્યાં સુધી માછલી પકડવી

આ વિષય સાથે સંબંધિત એવું બીજું એક સ્વપ્ન મને તાજેતરમાં જ આવ્યું હતું. આ સ્વપ્નમાં જે પ્રસંગો બની રહ્યા હતા તે એટલા બધા સ્પષ્ટ હતા કે, મને વિચાર આવ્યો કે તે ખરેખર વાસ્તવિક સ્વરૂપે જ બની રહ્યા હતા. હું ઓળખતો નહોતો એવા અજાણ્યા લોકોના જૂથ સાથે હું ચાલતો હતો ત્યારે અચાનક મેં આકાશમાં એક છેડાએથી બીજા છેડા સુધી વિહાર કરતી માછલીને નિહાળી હતી. તેઓની સંખ્યા લગભગ હજાર જેટલી હતી અને તે દરેકને હું સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો. આ ખૂબ જ પારિભાષિક અને આબેહૂબ નિદર્શન કરતું સ્વપ્ન હતું જેનો અનુભવ આ અગાઉ મેં કદી જ કર્યો નહોતો. આ પ્રકારનું આશ્ચર્યજનક સંગીત સાથેનું નિદર્શન

એક માત્ર ઈશ્વર જ કરી શકે છે. દરેક માછલી મારા માથા ઉપર આકાશમાં આમતેમ વિહાર કરી રહી હતી. મારી સાથે જે લોકો હતા તેમાંથી અડધા ભાગના લોકોએ ઉપર દૃષ્ટિ કરી હતી અને તેઓએ તે જ દશ્ય નિહાળ્યું હતું. પરંતુ બીજા અડધા ભાગના લોકો ઉપર તરફ દૃષ્ટિ કરી રહ્યા હતા અને ત્યાર પછી નીચે જોતા હતા અને અમે શું જોઈ રહ્યા છે તે વિષે મૂંઝવણ અનુભવતા હતા. આ અન્ય પ્રસંગો પણ બન્યા હતા પરંતુ માછલી તરફ હું ધ્યાન કેન્દ્રિત કરવાની ઈચ્છા રાખું છું. આ સંબંધી હું બીજા પુસ્તકમાં વિગતવાર લેખન કરીશ. આ સ્વપ્ન એટલું બધું વાસ્તવિક સ્વરૂપે આવ્યું હતું કે મેં કેવળ ઈશ્વરની સ્તુતિ કરવાનું અને મારા હાથ સ્વર્ગ તરફ ઊંચા કરીને માનવજાતના બાળકો પ્રત્યે તેમની ભલાઈ માટે તેમનો આભાર માનવાનું શરૂ કર્યું હતું. હવે આ સમયે મેં પોતાની આંખો બંધ કરી હતી અને મારો ઉપકાર કરવા માટે તથા મને આ પ્રકારનું ભયજનક દશ્ય દર્શાવવા માટે તેમનો આભાર માનવાની શરૂઆત કરી હતી. તે પછી અચાનક મારી આસપાસ સર્વત્ર મેં એક પ્રકારની ગરમીનો અનુભવ કર્યો હતો. મેં પોતાની આંખો ખુલ્લી કરીને જોયું તો મારા ઉપર જ સૂર્ય ઊગ્યો હતો. આ એક ખૂબ જ અદ્ભુત અનુભવ હતો. અને તેના જેવો અનુભવ મેં આ અગાઉ ક્યારેય કર્યો નહોતો. કુદરતી રીતે તમે પોતાની આંખોને નુકસાન કર્યા વિના ઘણા લાંબા સમય સુધી સૂર્ય તરફ જોઈ શક્તા નથી. પરંતુ આ અનુભવ જુદો જ હતો. ઊગતા સૂર્યને તેની સર્વ ભવ્યતા અને સુંદરતામાં જોવાનો અને તેની ગરમીનો અહેસાસ કરવાનો અને આમતેમ દૃષ્ટિ કર્યા વિના તેની સામે એકધાર્યુ જોઈને શ્વાસ લેવાનો આ અનુભવ હતો.

માલાખી ૪:૧-૩ કહે છે :

> ''કેમ કે, જુઓ, તે દિવસ આવે છે, તે ભઠ્ઠીની જેમ
> બળે છે, અને સર્વ ગર્વિષ્ઠો તથા સર્વ દુરાચારીઓ
> ખૂંપરારૂપ થશે, સૈન્યોનો [ઈશ્વર] યહોવા કહે છે કે, જે
> દિવસ આવે છે તે તેમને એવા બાળી નાખશે કે તે
> તેમનું મૂળ કે ડાળી રહેવા દેશે નહિ, પણ તમે મારા
> નામનું ભય રાખનારાઓને માટે તો ન્યાયીપણાનો સૂર્ય
> ઊગશે, અને તેની પાંખોમાં આરોગ્ય હશે, તમે બહાર
> આવીને કોઢમાંના વાછરડાઓની જેમ કૂદશો. તમે દુષ્ટોને

(તમારા) પગ નીચે ખૂંદશો, કેમ કે સૈન્યોનો (ઈશ્વર)

યહોવા કહે છે કે, હું આ પ્રમાણે કરીશ તે દિવસે

તેઓ તમારા પગનાં તળિયાં નીચે રાખ સમાન થશે."

ઈશ્વર કહે છે કે ફસલ લણવાનો સમય ખૂબ જ ઝડપથી પાસે આવી રહ્યો છે, અને આપણે પોતાની જાળોને તૈયાર કરવાની અને વધારે માછલી પકડવા માટે ઈશ્વર આપણને જણાવે છે, તે યોગ્ય જગાએ તેને નાખવાની તૈયારી રાખવી જોઈએ તેમ હું માનું છું. ખ્રિસ્તનો દિવસ જેમ જેમ પાસે આવી રહ્યો છે તેમ તેમ આપણે ખ્રિસ્તના શરીરમાં સર્વએ એક શરીર તરીકે એકત્રિત થવાની અને સાથે મળીને કાર્ય કરવાની આવશ્યક્તા છે. (હિબ્રૂ ૧૦:૨૫)

## તેમનાં હાથોમાં સલામત

જ્યારે હું ભારત દેશમાં હતો ત્યારે આ વિષય સાથે જ સંબંધિત છે તેવું એક બીજું સ્વપ્ન મને આવ્યું હતું. તે રજૂ કરવાની હું ઈચ્છા રાખું છું. સેન્ટ લૂઈસમાંની મારી મંડળીના એક જૂથ સાથે હું મદ્રાસથી મુંબઈ જવા માટે રાતની ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો. તે પછીના દિવસે અમારે ભારતના એક નાના ગામની મુલાકાત કરવાનું આયોજન હતું. તે રાત્રે ટ્રેનમાં મને પાણીમાં તરતી વિવિધ રંગની સુંદર માછલીઓ સંબંધી સ્વપ્ન આવ્યું હતું. અચાનક બે હાથ પાણીમાં નીચે તરફ જતા મારા જોવામાં આવ્યા હતા. પરંતુ માછલીઓ દૂર નાસી જવાને બદલે તે સર્વ પેલા હાથ તરફ તરીને આવી હતી.

બીજા દિવસે આ નાના ગામમાં મેં તે સ્વપ્ન સંબંધી જણાવ્યું હતું. અને ત્યાંના લોકો ખૂબ જ નિખાલસ અને ગ્રહણશીલ હતા. સભા પૂરી થયા પછી તેઓ અમારી સમગ્ર ટીમની આસપાસ એકત્રિત થયા હતા.

ઈશ્વર ભારતના લોકોને જ નહિ, પરંતુ અહીં અમેરિકામાં અમને પણ તથા વિશ્વના સર્વ લોકો તેમના હાથની શોધ કરવાનું શરૂ કરે અને તેમના હાથોમાં જ્યાં સલામતી છે ત્યાં આપણે તરીને પાછા જઈએ તેવું જણાવી રહ્યા છે તેમ હું માનું છું. આપણે એક વખત તેમના સલામત હાથનો અનુભવ કરીએ ત્યાર પછી આપણે તેમનું મુખ નિહાળી શકીએ તે રીતે ઈશ્વર આપણને ઊંચા કરી શકે છે.

તમારી માછલી પકડવાની જાળોને તૈયાર કરો અને જીવન બચાવવા માટે

તમારી હોડીઓને તૈયાર રાખો. તમારી જાળોને ઊંડા પાણીમાં નાખો. ત્યાં ૧૫૩ મોટી માછલીઓ (યોહાન ૨૨:૧૧) અને સ્વતંત્રતા મેળવવાની પ્રતિક્ષા કરી રહી છે. અને કેટલાએક તમારા ઘરના અને તમારી મંડળીના દરવાજાઓમાં પ્રવેશ કરીને આવશે. શું તમે કેટલીક માછલીઓ પકડવાને તૈયાર છો? ઊંચે જુઓ અને તમારી આંખો ખુલ્લી કરો! તમારી આસપાસ સર્વત્ર માછલીઓ છે અને તેઓ ઈશ્વરના હાથમાં ફરીથી સલામત રહેવાની પ્રતીક્ષા કરી રહ્યા છે!

# પ્રકરણ પાંચ

## અંધકારમાં પ્રકાશિત દીવો

ગીતશાસ્ત્ર ૧૮:૨૮

"કેમ કે તું મારો દીવો સળગાવશે;
યહોવા મારો ઈશ્વર મારા અંધકારનો પ્રકાશ કરશે."

નીતિવચન ૨૦:૨૭

"માણસનો આત્મા યહોવાનો દીવો છે."

યશાયા ૪૨:૬

"હું પ્રભુ છું અને મારું ન્યાયીપણું સ્થાપન કરવા
મેં તને બોલાવ્યો છે. હું તારું રક્ષણ કરીશ અને તારી
મદદ કરીશ. કેમ કે મારા લોકોની સાથે કરેલા મારા કરારને
અંગત સમર્થન આપવા મેં તને તેઓ પાસે મોકલ્યો છે.
પ્રજાઓને મારી તરફ દોરી લાવનાર પ્રકાશ પણ તું જ થશે."
(પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

હબાકૂક ૨:૧૪

"કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે, તેમ યહોવાના મહિમાના
જ્ઞાનથી પૃથ્વી ભરપૂર થઈ જશે."

હવે પછીના આ સ્વપ્નમાં મેં એકપણ શબ્દ સાંભળ્યો નહોતો. હું ચલચિત્ર જોતો હોઉં તેમ હું અનુભવતો હતો અને મારી આસપાસ શું બની રહ્યું હતું તેથી હું સજાગ હતો. આ રાત્રીનો સમય હતો અને તેની પશ્ચાત્‌ભૂમિકામાં હું સમુદ્રને નિહાળી શકતો હતો. અચાનક મારું ધ્યાન એક મીણબત્તી ઉપર કેન્દ્રિત થયું હતું અને તેને રેતીમાં ગોઠવવામાં આવી હતી. આ મીણબત્તી માટે જે અસામાન્ય હતું તે આ હતું. મીણબત્તી વાંકી વળેલી હતી અને તેની દીવેટ કોઈપણ આચ્છાદન વિના ખુલ્લી રીતે સળગતી હતી. મારી આસપાસના પવનના સૂસવાટાને હું અનુભવી શકતો હતો અને આવા સૂસવાટા સાથેના પવનમાં મીણબત્તી સળગતી રહી શકશે નહિ તેવો મને વિચાર આવતો હતો. મારી સમક્ષના દશ્યને હું ધ્યાનપૂર્વક નિહાળી રહ્યો હતો ત્યારે જમીનના નીચેના પેટાળમાં મેં પાણીના પરપોટા ઊઠવાનો અને પાણીના જેવો ખળખળ અવાજ સાંભળવાની શરૂઆત કરી. થોડી જ ક્ષણોમાં આ પાણીના પરપોટા મીણબત્તી પાસે એકઠા થવાની શરૂઆત થઈ હતી. મીણબત્તી એક બાજુએ જ નમેલી સ્થિતીમાં હતી અને તેની દીવેટમાંથી વધુ પ્રકાશ આવતો નહોતો પરંતુ ત્યાર પછી મીણબત્તીના આધાર સ્થાન પાસેથી તે પાણીનો પ્રવાહ વહેતો થયો હતો. ધીમે ધીમે પાણીમાં વધારો થયો હતો અને તેનો પ્રવાહ ચારેય દિશામાં વહેતો થયો હતો અને જાણે કે પાણીના એક શરીર તરીકે સમુદ્રમાં ભેગા મળી જવા માટે તેનો પ્રવાહ આગળ વધતો હતો તેમ દેખાતું હતું.

આ દશ્યમાં રસપ્રદ હકીકત આ હતી : સૂસવાટાભર્યા પવનમાં મીણબત્તી સળગતી રહી શકશે નહિ તેમ દેખાતું હતું અને તે પૂરતા પ્રમાણમાં પ્રકાશ આપી શકશે નહિ તેમ લાગતું હતું. તેમ છતાં જમીનની નીચે પેટાળમાં ઈશ્વર કાંઈક કાર્ય કરી રહ્યા હતા જે શારીરિક આંખો દ્વારા જોઈ શકાતું નહોતું. ઈશ્વર જમીનની નીચે પેટાળમાં અદ્‌ભુત કાર્ય કરી રહ્યા હતા જે માનવી દ્વારા જોઈ શકાતું નહોતું. પરંતુ એક દિવસ તે જીવતા પાણીની નદીઓ વહેવડાવશે અને તે વિશે કલ્પના કરી નહોતી તેના કરતાં તે વધારે દૂર સુધી પહોંચતી કરશે. યોહાન ૭:૩૭-૩૮માં ઈસુએ આ શબ્દો ઉચ્ચાર્યા છે :

"જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવે અને પીએ. શાસ્ત્ર કહે છે કે જે કોઈ મારામાં વિશ્વાસ કરે છે તેનામાંથી જીવતા પાણીની નદીઓ સતત વહેશે."

યશાયા પ્રબોધકે અધ્યાય ૪૨:૩, જમાં ખ્રિસ્ત સંબંધી આ શબ્દો પણ ઉચ્ચાર્યા હતા :

"તે (ખ્રિસ્ત) છુંદાએલા બરુને ભાંગી નાખશે નહિ કે મંદ પડેલી દીવેટને હોલવશે નહિ. નિરાશ થયેલાને અને થાકી ગયેલાને તે ઉત્તેજન આપશે. જેઓને અન્યાય થયો છે તેઓ સર્વને તે ન્યાય અપાવશે. આખી પૃથ્વી ઉપર સત્ય અને ન્યાયીપણું રાજ કરશે નહિ ત્યાં સુધી તથા સમુદ્રની પેલી પારના દેશો તેનામાં વિશ્વાસ મૂકશે નહિ ત્યાં સુધી તેને સંતોષ થશે નહિ." (**પવિત્ર બાઈબલ,** સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

## પ્રભુ નીચે પડેલાંને ઊભા કરે છે

મેં જે સ્વપ્ન જોયું હતું તેમાં ઈશ્વરે મીણબત્તીને વધારે ઊંચી કરી નહોતી અથવા તેની જ્યોતને વધારે તેજસ્વી કરી નહોતી. પરંતુ તેમણે દર્શાવ્યું હતું કે મીણબત્તી હજુપણ જીવન આપનાર પાણી વહેવડાવી શકે છે પછી ભલેને તેના બાહ્ય દેખાવ પરથી તે તેમ કરી શકે તેવું કેમ દેખાતું ન હોય. મેં આ મીણબત્તી જેવો અનુભવ અનેક વખત કર્યો છે અને તમે પણ તેવો જ અનુભવ કર્યો હશે તે હું ખાતરી સાથે જાણું છું. તમે આ શબ્દોનું વાચન કરો ત્યારે તમે પોતાને યાદ કરાવો, "હું કોઈપણ વિસાત વિનાનો છું તોપણ જગતમાં જે છે તેના કરતાં મારામાં જે છે તે મોટો છે. મને જે સામાર્થ્ય આપે છે તેની (ખ્રિસ્તની) સહાયથી હું સઘળું કરી શકું છું. પ્રભુ, તમારા માટે સર્વ શક્ય છે." ઈશ્વર સમક્ષ જેઓ પોતાને નમ્ર કરે છે તેઓને રાજાઓ સાથે તે બેસાડે છે. ગીતશાસ્ત્ર ૧૪૫:૧૪-૧૬ જણાવે છે :

"ભંગીત થયેલાઓનો આધાર પ્રભુ પોતે છે. બોજા તળે દબાયેલાંઓને તે બળવાન કરે છે. સમગ્ર માનવજાત તમારી સહાયને માટે તમારા તરફ દૃષ્ટિ કરશે. તેઓની જરૂરિયાત પ્રમાણે તમે તેઓને અન્ન પૂરું પાડશો. દરેક જીવંત વસ્તુની ભૂખ અને તરસ તમે સતત સંતોષો છો." (**પવિત્ર બાઈબલ,** સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

આપણા સારાં કાર્યો તેઓ નિહાળી શકે અને આપણા સ્વર્ગીય પિતાનો મહિમા કરી શકે માટે આવો, આપણા જીવનો દ્વારા તેમની ભરપૂર ભલાઈને પ્રગટ થવા દઈએ અને આપણા પ્રકાશને વધુ પ્રકાશવા દઈએ. આવો, આપણે તેવી મીણબત્તીઓ જેવાં થઈએ. આપણે ભલે નીચા નમેલા દેખાઈએ તોપણ ઈશ્વર આપણું જે રીતે ઘડતર કરવાની ઈચ્છા રાખે છે તેવા બનવાથી આપણને અટકાવનારા અવરોધો અને મુશ્કેલીઓના તોફાનો વિરુદ્ધ આવો, આપણે અડગપણે ઊભા રહીએ.

પવિત્ર આત્માના પવનો આપણા જીવનને અસર કરે તેવી આપણે તેમને મંજૂરી આપીએ. અને અંધકારમાં જેઓ બેઠેલા છે તેઓને આપણે તેમનો પ્રકાશ અને સામર્થ્ય આપી શકીએ માટે આપણે તેમના તરફથી નવી તાજગી અને બળ પ્રાપ્ત કરીએ. યશાયા ૬૦:૧-૨.

"હે મારા લોકો, ઊઠો ! સર્વ પ્રજાઓ નિહાળી શકે એ રીતે તમે પ્રકાશો ! કેમ કે પ્રભુના મહિમાનો પ્રવાહ તમારામાંથી વહે છે. અંધકાર, હા, રાત્રીનો ગાઢ અંધકાર પૃથ્વીના સર્વ લોકોને ઢાંકી દેશે, પરંતુ પ્રભુનો મહિમા તમારામાં પ્રકાશશે." (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

## સમુદ્ર સાથે એકરૂપ

ભારત દેશથી લઈને ચીન દેશ સુધીની, રશિયાથી લઈને ઇંગ્લેંડ સુધીની અને ઇરાકથી લઈને ઇઝરાયલ સુધીની દરેક વ્યક્તિ સુવાર્તાનો પ્રકાશ મેળવે તેવી ઈસુની ઇચ્છા છે. ઈસુએ કહ્યું હતું કે આ વર્તમાન યુગના અંત સમયમાં સુવાર્તાના ઉપદેશની આ એક સાચી નિશાની હતી. મીણબત્તી સંબંધી મેં જે સ્વપ્ન જોયું હતું તેનું આ સૌથી મહત્ત્વનું આધ્યાત્મિક લાગુકરણ હતું તેમ હું માનું છું. યોએલ પ્રબોધકે ભવિષ્યકથન કર્યું હતું તેમ સર્વ મનુષ્યો ઉપર પવિત્ર આત્માના રેડાવાની સાથે તથા સુવાર્તાના જીવન આપનારા પાણી સાથે સર્વ રાષ્ટ્રના લોકો સુધી તેમના શરીર (મંડળી) દ્વારા ફેલાવવામાં આવતા ખ્રિસ્તના પ્રકાશ તરીકે મેં મીણબત્તીનું ચિત્ર રજૂ કર્યું હતું. મીણબત્તી પાસેથી પાણી સર્વ દિશાઓમાં વહેતું થયું હતું અને અંતે તે સમુદ્ર સાથે એક થયું હતું. સમુદ્ર, વિશ્વના સર્વ રાષ્ટ્રોને રજૂ કરે છે તેમ હું માંનું છું. યશાયા ૨:૨ પ્રમાણે પ્રભુના ઘરનો પર્વત પહાડોનાં શિખરો પર સ્થાપન થશે, ને ડુંગરો કરતાં તેને ઊંચો કરવામાં આવશે, અને સર્વ પ્રજાઓ તેમાં પ્રવાહની જેમ પ્રવેશ કરશે. એક દિવસ આવશે જ્યારે ખ્રિસ્તનું રાજ્ય દરેક સરહદોને પાર કરશે અને વિશ્વના સર્વ લોકજૂથો-સમૂહો તેમની પાસે આવશે. પ્રકટીકરણ ૭:૯ કહે છે :

"આ બિનાઓ બન્યા પછી મેં જોયું, તો જુઓ, સર્વ દેશોમાંથી આવેલા, સર્વ કુળના, લોકોના તથા ભાષાના, કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા ! તેઓ રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ ઊભેલા હતા; તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા, અને તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી."

## નવું ગીત

ઈસુએ યોહાન ૧૨:૩૨માં પણ કહ્યું હતું કે, જો તેમને પૃથ્વી પર ઊંચા કરવામાં આવશે તો તે સર્વને પોતાની તરફ ખેંચશે. આ પુસ્તકના આમુખમાં મેં અગાઉ ઉલ્લેખ કર્યો હતો કે ફેબ્રુઆરી ૩, ૧૯૯૬ના દિવસે મને એક ગીત પણ આપવામાં આવ્યું હતું. હું આત્મામાં પ્રાર્થના કરી રહ્યો હતો ત્યારે હું જાગૃત અવસ્થામાં હતો તે વખતે આ ગીત ગવાતું મેં ખરેખર સાંભળ્યું હતું. આ શબ્દો મેં સાંભળ્યા હતા :

"સૂર્યનો ઉદય થાય છે અને સમુદ્રના પાણી ઉછળે છે"

"સૂર્યનો ઉદય થાય છે અને સમુદ્રના પાણી ઉછળે છે"

આ ગીત મારી સમક્ષ બે વખત ગાવામાં આવ્યું હતું. આ ગીત મને બે વખત આપવામાં આવ્યું હતું કારણ કે કેટલીક ચોક્કસ બાબતો થોડા જ સમયમાં પરિપૂર્ણ થવાની છે તેવો વિચાર હું કરતો હતો. આ વિશે ઉત્પત્તિ ૪૧:૩૨માં આપણને વધુ સમજણ આપવામાં આવી છે :

"બે સ્વપ્નો બેવડી ખાતરી અપાવે છે અને બતાવે છે કે મેં તમને જે કહ્યું છે તે ચોક્કસ થવાનું જ છે. કેમ કે ઈશ્વરે તે નિર્માણ કર્યું છે અને તે ટૂંક સમયમાં જ શરૂ થશે." (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

બીજા દિવસે મેં "સૂર્યનો ઉદય થાય છે" તેવો શબ્દસમૂહ બાઈબલમાં વપરાયો છે તે દરેક કલમનું વાચન કર્યું હતું. આ અભિવ્યક્તિ સૌથી પ્રથમ વખત ગણના ૨:૩માં કરવામાં આવી છે તે નોંધવું રસપ્રદ છે. અને ફેબ્રુઆરી (૨), ૩, ૧૯૯૬ના દિવસે મને પણ આ શબ્દો આપવામાં આવ્યા તે પણ ઘણું રસપ્રદ છે તેમ હું વિચારતો હતો. ઈઝરાયલ પ્રજાએ અરણ્યમાં થઈને કઈ રીતે મુસાફરી કરવી તે સંબંધી ઈશ્વરે મોશેને આપેલા ક્રમમાં યહૂદા કૂળને પ્રથમ કુળ તરીકે દર્શાવવામાં આવ્યું હતું. તેઓએ અન્ય કુળો માટે માર્ગમાં દોરવણી આપવાની હતી. યહૂદા શબ્દનો અર્થ "સ્તુતિ" થાય છે. યહોશાફાટના રાજ્યકાળ દરમિયાન આ હકીકતે જ સ્થાન લીધું હતું. "સ્તુતિ" તેઓને માર્ગમાં આગળ દોરી જશે. ગીત ગાનારાઓએ પ્રભુના ગાયનનો અને સ્તુતિ કરવાનો પ્રારંભ કર્યો ત્યારે ઈઝરાયલના શત્રુઓએ માંહોમાંહે યુદ્ધ કરવાની શરૂઆત કરી હતી (૨ કાળવૃત્તાંત ૨૦:૨૨). જ્યારે ઈસુએ કહ્યું કે જો તેમને પૃથ્વી પર ઊંચા કરવામાં આવશે તો તે સર્વને પોતાની તરફ ખેંચશે તે શબ્દો દ્વારા ઈસુ પોતાના વહેવડાવવામાં આવનાર રક્ત અને વધસ્તંભના તેમના

મરણ સંબંધી જ ઉલ્લેખ કરતા નહોતા પરંતુ તેમના પુનરુત્થાન (''દીકરા''નું ઊઠવું) અને તેમને યોગ્ય હતી તેવી સ્તુતિ અને માન ત્યાર પછી કેવી રીતે આપવામાં આવશે તેનો પણ ઉલ્લેખ કરતા હતા તેમ હું માનું છું. આ પ્રકરણના અંતે મેં આ શબ્દ સમૂહ બાઈબલમાં વપરાયો છે તે દરેક કલમનો ઉલ્લેખ કરતી એક યાદી રજૂ કરી છે. તે દરેક કલમનું વાચન તમે કરી શકો છો. તમે આ દરેક કલમનો અભ્યાસ કરો છો ત્યારે દરેક સ્થળના સર્વ લોકો માટે ઈશ્વરની ઈચ્છા શું છે તેની આશ્ચર્ય પમાડે તેવી કાંઈક નવી સમજણ તમને પ્રાપ્ત થશે તેમ હું માનું છું.

આ ગીત ગાવામાં આવ્યું હતું તે મેં અગાઉ કદી જ સાંભળ્યું નહોતું તે એક બીજી રસપ્રદ વાત છે. હું તેના રાગ કે લયને પણ પારખી શક્યો નહોતો. યશાયા ૪૨:૧૦માં કહે છે :

''પ્રભુ સમક્ષ નવું ગીત ગાઓ; પૃથ્વીના દરેક ભાગમાં રહેનારા સર્વ લોકો તમે પ્રભુની સ્તુતિનું ગીત ગાઓ ! હે સમુદ્ર, તું તથા તારી પેલે પાર રહેનારા લોકો, તમે સર્વ પ્રભુની સ્તુતિનું ગીત ગાઓ !'' (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

આ હકીકત ઈશ્વર જે કાર્ય કરવાના છે તે દર્શાવે છે તેમ હું માનું છું. સર્વ રાષ્ટ્રના લોકો સમક્ષ નવું ગીત ગાવામાં આવે તેવી તેમની ઈચ્છા છે. આપણે સર્વ એકરૂપ બનીએ ત્યાં સુધી ઈશ્વર દરેક લોકજૂથ-સમૂહમાંથી તેમના શરીરના દરેક સભ્યને જોડવાની તૈયારી કરી રહ્યા છે. આપણે આ યુગના અંત ભાગમાં આવ્યા છીએ અને દરેક રાષ્ટ્રના લોકો સુધી સુવાર્તા પહોંચાડવામાં આપણો હિસ્સો ક્યો છે તે વિશે આપણામાંના દરેકે ઈશ્વરને પૂછ્વાની જરૂર છે. આપણે પોતે તે કાર્ય માટે જવું જોઈએ અથવા તે કાર્ય માટે અન્ય વ્યક્તિને મોકલવી જોઈએ. માથ્થી ૨૪:૧૪ કહે છે :

''સમગ્ર સૃષ્ટિમાં રાજ્યના આ સુસમાચાર પ્રગટ કરવામાં આવશે. જેથી સર્વ પ્રજાઓ તે સાંભળે અને ત્યારે જ અંત આવશે.'' (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

આ કાર્ય પ્રાર્થના વિના શક્ય બનશે નહિ. સર્વ રાષ્ટ્રના લોકો માટે મધ્યસ્થી કરવા તેમની દયા માટે ઈશ્વરના લોકોએ પ્રાર્થના દ્વારા ઈશ્વરના રાજ્યાસન પાસે પહોંચવાની જરૂર છે. માથ્થી ૯:૩૭-૩૮માં આપણને કહેવામાં આવ્યું છે.

''ત્યારે તે પોતાના શિષ્યોને કહે છે કે, ફસલ પુષ્કળ છે ખરી, પણ મજૂરો થોડા

છે. એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને માટે મજૂરો મોકલે.''

ઈશ્વરે આ કાર્ય માટે અનેક ધર્મસેવાઓનો અભિષેક કર્યો છે. ઉદાહરણ તરીકે ''જીસસ ફિલ્મ''નો ખર્ચ કેમ્પસ ક્રુઝેડ ફોર ક્રાઈસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં એક કરોડથી વધુ લોકોએ તે ફિલ્મ નિહાળી છે. હવે આ ફિલ્મનું રૂપાંતર લગભગ ૪૦૦ થી વધુ ભાષામાં કરવામાં આવ્યું છે અને હજુ વધુ ભાષાઓમાં તેનું રૂપાંતર થઈ રહ્યું છે. રોમન ૧૦:૧૪-૧૫ કહે છે :

''પરંતુ પ્રભુ પર વિશ્વાસ કર્યા વગર તેઓ કેવી રીતે તારણને માટે પ્રભુને વિનંતી કરશે ? અને પ્રભુ વિશે સાંભળ્યા વગર તેઓ કેવી રીતે તેમના પર વિશ્વાસ કરશે ? અને કોઈ કહે નહિ ત્યાં સુધી તેઓ કેવી રીતે પ્રભુ વિશે સાંભળશે ? વળી કોઈ મોકલે નહિ ત્યાં સુધી સંદેશો કહેનાર કેવી રીતે જશે ? શાસ્ત્રમાં લખેલું છે તેમ 'ઈશ્વર સાથે મેળાપ કરાવનાર, સુસમાચાર સંભળાવનાર અને વધામણીની વાતો કહેનારનાં પગલાં કેવા સુંદર છે !' ઈશ્વરની સુવાર્તા સંભળાવનાર લોક આવકારપાત્ર છે.'' (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

દીકરો ક્યારનોય ઊઠ્યો છે ! સમુદ્રના પાણી ફરીથી ઊછળશે ! આવો, આપણે રાષ્ટ્રના સર્વ લોકો સમક્ષ ઈશ્વરના મહિમાનો જ્વલંત પ્રકાશ આપનારી મીણબત્તીઓ સમાન બનીએ. ''હે મારા લોકો, ઊઠો ! સર્વ પ્રજાઓ નિહાળી શકે તે રીતે તમે પ્રકાશો !''

મેં અગાઉ જણાવ્યું હતું તેમ બાઈબલની કલમોનો અહીં ઉલ્લેખ કર્યો છે. તમે પોતે તેનું વાચન કરી શકો છો. એક જુદા કાગળ ઉપર તે સર્વ કલમોની નોંધ કરો અને વધારે નવીન સમજણ મેળવવા માટે તમે બાઈબલના વિવિધ અનુવાદો (versions)માંથી તેનું વાચન કરો. તમે કઈ વિનંતી માટે પ્રાર્થના કરો તેવી તેમની ઈચ્છા છે તે જાણવા માટે ઈશ્વરને વિનંતી કરો. ઈશ્વર કયું કાર્ય કરવાના છે અને તેમાં તમે કઈ રીતે પોતાનો હિસ્સો આપી શકો છો તેની સમજણ મેળવવા ઈશ્વર તમારી સહાય કરે તેવી તેમને વિનંતી કરો. હું આ સંબંધી બીજા પુસ્તકમાં વધારે રજૂઆત કરીશ.

| | | |
|---|---|---|
| ગણના ૨:૩ | યહોશુઆ ૧૨:૧ | ગી.શા. ૫૦:૧ |
| ગી.શા. ૧૧૩:૩ | યશાયા ૪૧:૨૫ | યશાયા ૪૫:૬ |
| યશાયા ૫૯:૧૯ | માલાખી ૧:૧૧, ૪:૨ | માર્ક ૧૬:૨. |

# પ્રકરણ ૭

## ઈશ્વરની દૃષ્ટિમાં તમે સોના (Gold) સમાન છો.

ઈસુએ કિંમત આપીને તમને ખરીદી લીધા છે. તેમની દૃષ્ટિમાં તમે મૂલ્યવાન અને કીમતી છો. આ જગતની સર્વ સંપત્તિ એકઠી કરીએ તેના કરતાં પણ તમે વધારે મૂલ્યવાન છો. હું આ સત્યને તમારી સમક્ષ હમણાં તાજેતરમાં જ મને જે સ્વપ્ન આવ્યું હતું તે દ્વારા સમજાવવાની ઈચ્છા રાખું છું.

હું ધોરી માર્ગ ઉપર કાર હંકારી રહ્યો હતો ત્યારે રસ્તાની એક બાજુએ પડેલી કોઈક વસ્તુ સૂર્યના પ્રકાશને કારણે અચાનક મારા જોવામાં આવી હતી. તે વસ્તુ સોનાની બનેલી હોય તેમ દેખાતું હતું. તે વસ્તુ સુધી પાછા જઈને તેને લેવાનો મારી પાસે સમય છે કે નહિ તે જોવા માટે મારી કાંડા ઘડિયાળ તરફ મેં જોયું હતું. અને મને આશ્ચર્ય થયું કે મારા હાથ ઉપર ઘડિયાળ બાંધેલી નહોતી. હવે સ્વપ્નમાં આ તબક્કે મારે તમને તેની થોડી પશ્ચાતભૂમિકાની માહિતી આપવાની જરૂર છે.

હું સોનાની ઘડિયાળ હંમેશા મારા હાથે પહેરી રાખું છું. તેમાં અલાર્મ પણ છે તેથી રાત્રે સૂઈ જતી વખતે પણ હું તેને પહેરી રાખું છું. આ ઘડિયાળનું મારા માટે વિશેષ મહત્ત્વ છે કારણ કે તે મારા પિતાની ઘડિયાળ છે અને મને હંમેશા તેમની યાદ અપાવે છે. જ્યારે મેં તેને પ્રથમ વખત પહેરવાની શરૂઆત કરી ત્યારે તેની કડી તૂટી ગઈ હતી તે મેં જોયું હતું. દેખીતી રીતે જ, મારા પિતાએ ઘણા લાંબા સમય સુધી તેને પહેરી નહોતી અને તે ખૂબ જૂની દેખાતી હતી. મારે મન તેનું કશું જ મૂલ્ય નહોતું, સિવાય કે તે યાદગીરી માટે જ મૂલ્યવાન હતું. તે ઉપરાંત ઘડિયાળની અંદરના ભાગમાં "ધી કેપ્ટન" એવા શબ્દો કોતરેલા હતા. હિબ્રૂ ૨:૧૦માં ઈસુને આપણા ઉદ્ધારના "આગેવાન" (ધી કેપ્ટન) તરીકે સંબોધવામાં આવ્યા છે. મારી ઘડિયાળ ઈસુ સાથેના મારા સંબંધ વિશે અને મારા પિતા વિશે પણ યાદ અપાવતી હતી. તેથી તે મારા માટે વિશેષ મહત્ત્વની છે. વારુ, હવે આપણે ફરીથી પાછા સ્વપ્ન તરફ આવીએ.

જ્યારે મારી કાંડા ઘડિયાળ ખોવાઈ ગઈ હતી તેવો મેં અનુભવ કર્યો ત્યારે રસ્તાની એક બાજુએ પડેલી સોના જેવી કોઈક વસ્તુ મારી ઘડિયાળ હશે તેવો મને વિચાર આવ્યો. તેથી મેં યૂ-ટર્ન લઈને તે વસ્તુને જે જગાએ પડેલી જોઈ હતી તે તરફ હું આગળ વધવા લાગ્યો. જ્યારે હું પાછો જવા માટે કાર હંકારી રહ્યો હતો,

ત્યારે મેં એક માણસને તેના ઘરમાંથી બહાર આવતો જોયો હતો અને સોનાની વસ્તુ મેં જે જગાએ પડેલી જોઈ હતી તે તરફ તેણે ચાલવાની શરૂઆત કરી હતી. તે સમયે મને વિચાર આવ્યો કે જો હું ઝડપ કરીશ નહિ તો હું મારી ઘડિયાળ ફરીથી કદી જ મેળવી શકીશ નહિ. પેલો માણસ સોનાની વસ્તુ મેં જે જગાએ પડેલી જોઈ હતી ત્યાં પહોંચી ગયો હતો અને તેણે વાંકા વળીને કાંઈક લીધું હતું અને પછી પોતાના ઘર તરફ તેણે પાછા જવાની શરૂઆત કરી હતી. મેં પોતાની કારનું હોર્ન વગાડવાની શરૂઆત કરી હતી તેમ છતાં તેણે મારી તરફ દષ્ટિ કરવાની પરવા કરી નહોતી. સ્વપ્ન દરમિયાન હું પોતાની કાર છેક ત્રિકોણની મધ્યગા સુધી અને તે માણસના ઘરની ઘાસવાળી હરિયાળી જમીન સુધી હંકારી ગયો હતો. આ દશ્ય જોઈને તે માણસને આશ્ચર્ય થયું હતું કારણ કે હું પોતાની કાર લગભગ તેના ઉપર હંકારી ગયો હતો. મેં તેના હાથમાં સોનાની ઘડિયાળ પણ જોઈ હતી. તેથી મેં બારીનો કાચ નીચે ઊતાર્યો હતો અને તેને કહ્યું હતું કે મને વિચાર આવે છે કે, તેના હાથમાં જે વસ્તુ છે તે મારી છે. સોનાની ઘડિયાળના અંદરના ભાગમાં કોતરેલા શબ્દો તે તપાસી જુએ તેમ મેં તેને કહ્યું હતું. તેણે જોયું હતું અને તેણે ઘડિયાળની અંદરના ભાગમાં ''ધી કેપ્ટન'' શબ્દ કોતરેલો હતો તેની ખાતરી આપી હતી. આ પરખ કર્યા પછી તેણે મને ઘડિયાળ પાછી સુપ્રત કરી હતી. ઘડિયાળનો સ્પર્શ મારા હાથ ઉપર થયો તે જ ઘડીએ મને પ્રકટીકરણ થયું હતું. મને વિચાર આવ્યો કે, ''આ માણસની ઘાસવાળી હરિયાળી જમીન ઉપર મેં શા માટે કાર પાર્ક કરી છે ? પિતાજી, શું તમે મને કાંઈક જણાવવાની ઈચ્છા રાખો છો ?'' તે વખતે મને વિચાર આવ્યો કે હવે પછી આ માણસનો મેળાપ હું કદી જ કરી શકીશ નહિ. હવે મારી સમજણમાં આવ્યું હતું. આ માણસ પોતે જ ''સોનાની ઘડિયાળ'' સમાન છે. ઈશ્વરની દષ્ટિમાં સોના કરતાં પણ વધારે મૂલ્યવાન છે. ''જીવનના ધોરીમાર્ગ'' ની એક બાજુએ ઊભેલો માણસ ભીતરથી ભંગીત થયેલો હશે અને બાહ્ય દેખાવમાં નિરસ લાગતો હશે પરંતુ જો તમે ધૂળને ખંખેરી નાખશો અને માણસના દીકરાનું અજવાળું તેના ઉપર પ્રકાશવા દેશો તો ત્યાં તમને ખરેખર સોનું જોવા મળશે. પ્રભુ કહે છે, ''હું આ માણસને તારા સંપર્કમાં લાવ્યો છું કે જેથી હું તેને પ્રેમ કરું છું તે તું તેને જણાવી શકે. હું તેના બદલે મરણ પામ્યો છું. તે મારી સાથે સ્વર્ગમાં આવે તેવી મારી ઈચ્છા છે. હું પોતે તેને મારા બાળક બનવાનું સામર્થ્ય આપીશ (યોહાન ૧:૧૨).

તે પછી મેં યોહાન ૧:૧૨ના વચનનો તેની સમક્ષ ઉલ્લેખ કર્યો હતો :

"જેટલાંએ તેમના પર વિશ્વાસ કર્યો તે બધાંને તેમણે ઈશ્વરનાં સંતાન થવાનો અધિકાર આપ્યો. (પોતાના ઉદ્ધારને માટે તેઓએ માત્ર ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાનો હતો.) (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

બાઈબલની આ કલમ પ્રમાણે આપણે પોતાના પ્રભુ તરીકે ઈશ્વરનો સ્વીકાર કર્યો નથી ત્યાં સુધી આપણને ઈશ્વરના બાળકો તરીકે ઓળખાવવાનો અધિકાર નથી. મેં તે માણસને જણાવ્યું કે તે સ્વર્ગમાં પ્રવેશ કરે તેવી ઈશ્વરની ઇચ્છા છે અને તે માટે જ ઈસુએ વધસ્તંભનું મરણ સહન કર્યું હતું." હવે આ માણસે પોતે ખ્રિસ્તનો સ્વીકાર કરવાનો નિર્ણય કરવાનો હતો.

## ફરીથી પ્રાપ્ત કરેલાં રત્નો

મેં આ રીતે સ્વપ્નમાં તે માણસ સાથે વાતચીત કરી હતી. અને તેના મુખ ઉપર કોઈપણ પ્રતિભાવ જોઈ શકું તે અગાઉ હું ઊંઘમાંથી જાગી ઊઠ્યો હતો. આ વખતે સમય જોવા માટે મેં પોતાની કાંડા ઘડિયાળ તરફ જોયું હતું અને મને આશ્ચર્ય થયું કે મારી કાંડા ઘડિયાળ મારા હાથ ઉપર પહેરેલી નહોતી. રાત્રિના સમય દરમિયાન તે પડી ગઈ હતી. તે પછી મારા બિછાનામાં ચાદર નીચેથી જ મને તે પાછી મળી હતી. હું માનું છું કે ઈશ્વર મને સ્પષ્ટ જણાવી રહ્યા હતા કે તે ઘડિયાળનું મહત્ત્વ મારા માટે વિશેષ હતું તે કારણને લીધે હું પાછો ફર્યો હતો અને તે વસ્તુ લેવા ગયો હતો. મારું પોતાનું હતું તેવું કાંઈક પાછું મેળવવા માટે મેં ધોરીમાર્ગ ઉપર પાછા ફરવાની, કારનું હોર્ન વગાડવાની અને આ માણસની ઘાસવાળી હરિયાળી જમીન ઉપર કાર હંકારી જવાની તૈયારી રાખી હતી. ધોરીમાર્ગ ઉપર હું પોતે જેમ પાછો ફર્યો હતો તેમ તેમનું પોતાનું હતું તેને પાછું મેળવવા માટે ઈસુ સ્વર્ગમાંથી આ પૃથ્વી ઉપર આવ્યા હતા. તમારા અને મારા માટે તેમણે વધસ્તંભનું મરણ સહન કર્યું હતું. પેલા માણસનું ધ્યાન દોરવા માટે મેં પોતાની કારનું હોર્ન વગાડ્યું હતું તેમ ઈસુ આપણને સ્વર્ગમાં પાછા લઈ જવા માટે ફરીથી આવશે તે અગાઉ હમણાં પોતાની મંડળી દ્વારા પોતાના સંદેશાને મોટા અવાજે અને સ્પષ્ટ રીતે જાહેર કરી રહ્યા છે.

કેટલીક વખત તમારું ધ્યાન કેન્દ્રિત કરવા તે પોતાના કોઈક બાળકને "તમારી ઘાસવાળી હરિયાળી જમીન ઉપર કાર હંકારવા" પણ દોરી લાવશે. હું તમને આ વાત હમણાં જ કહેવાની ઇચ્છા રાખું છું. "તમારી ઘાસવાળી હરિયાળી જમીન ઉપર થોડી ક્ષણો માટે શું હું પોતાની કાર પાર્ક કરી શકું ?" ઈશ્વર તમને પ્રેમ કરે છે

તે વાત શું તમે જાણો છો ? તમે આ પ્રકરણનું વાચન કરો છો ત્યારે આજે જ તેમનો સ્વીકાર કરો. પ્રમાણિકપણે તેમનો સ્વીકાર કરવા દ્વારા જ તમે ખરેખર ઈશ્વરના બાળક બની શકો છો. તેમના બાળક બનવા માટે તમારે નવો જન્મ પામવાની જરૂર છે. જો આ વાત તમે અગાઉથી જાણો છો તો તમારા જીવનકાળ દરમિયાન આ સંદેશો તમે છેલ્લી વખત સાંભળી રહ્યા છો તેવું પણ સંભવિત બની શકે. તેથી મેં તમને આ સંદેશો પહોંચાડવા માટે મારા ઉત્તમ પ્રયત્નો કર્યા હતા તે ખાતરીપૂર્વક જાણવા માટે હું અત્યારે જ તમારું ધ્યાન કેન્દ્રિત કરવાની અને તમારી લાગણી દુભાવવાની ઈચ્છા રાખું છું. સત્યને કદી જ જાણ્યા સિવાય અંતે નરકમાં જવું તે કરતાં થોડી ઘણી લાગણી દુભાવીને પણ અંતે સ્વર્ગમાં પહોંચવું તે ઉત્તમ છે. પ્રેરિત પાઉલે તેના માટેના ખ્રિસ્તના પ્રેમ વિશે આગ્રીપા રાજાને જણાવ્યું હતું ત્યારે તે લગભગ સહમત થઈ ગયો હતો તેના જેવા થશો નહિ. સ્વર્ગનો દૂત તમારું નામ જીવનના પુસ્તકમાં (પ્રકટીકરણ ૧૩:૮) લખે તેવી સહમતી હમણાં જ તમે આપી શકો છો. તમે રાજાઓના રાજા સાથે પોતાનો અનંતકાળ વ્યતિત કરી શકો માટે ઈસુને હમણાં જ તમારા અંતઃકરણમાં આપવાનું આમંત્રણ આપો.

## પરિશુદ્ધ સોનું

ઈશ્વરની દૃષ્ટિમાં તમે ''સોનું સમાન'' છો તે યાદ રાખો. તેમણે તમારા માટે પોતાનાથી બનતું બધું જ કર્યું છે. ખ્રિસ્તે વધસ્તંભ ઉપર પોતાનું બલિદાન આપ્યું છે. અને તે તમને સંપૂર્ણ ક્ષમા આપે છે. તેમનો હમણાં જ સ્વીકાર કરો ! તેમને તમારા પ્રભુ અને તારણહાર તરીકે કબૂલ કરો. તમે તેમને સંપૂર્ણ આધીન થાઓ અને તે તમારો ઉદ્ધાર કરશે. જ્યારે આપણે અન્ય લોકો સમક્ષ તેમને કબૂલ કરીએ છીએ ત્યારે તે પોતાના પિતા સમક્ષ આપણું નામ માન્ય કરશે (માથ્થી ૧૦:૩૨). જો આપણે તેમનો નકાર કરીશું તો તે આપણો નકાર કરશે (૨ તિમોથી ૨:૧૨). રોમન ૧૦:૯-૧૦ આપણને જણાવે છે કે જો આપણે પોતાને મુખે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશું અને ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઊઠાડ્યા છે એવો વિશ્વાસ પોતાના અંતઃકરણમાં રાખીશું તો આપણે ઉદ્ધાર પામીશું. રોમન ૧૦:૧૩માં કહે છે કે જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તો તેઓ ઉદ્ધાર પામશે. હવે અહીં થોભો અને વિચાર કરો ! શું તમે ઈસુ સાથે અનંતકાળ સુધી ખરેખર સ્વર્ગમાં નિવાસ કરવાની ઈચ્છા રાખો છો ? શું તમે શુદ્ધ થવાની અને પરિશુદ્ધ સોના સમાન બનવાની ઈચ્છા રાખો છો ? તો આ પુસ્તકનું વાચન અહીં જ અટકાવો અને તમારો

ઉદ્ધાર કરવા માટે તમે તેમને વિનંતી કરો નહિ ત્યાં સુધી પુસ્તકનું વધુ વાંચન કરશો નહિ. જો તમે સાચે જ તેમના દ્વારા ઉદ્ધાર પામવાની ઈચ્છા રાખો છો તો તેમણે વચન આપ્યું છે કે જો તમે અત્યારે જ તેમને વિનંતી કરશો તો તે પોતાનું વચન પરિપૂર્ણ કરશે. અહીં લેખન કરેલું છે તે પ્રાર્થના તેમ જ તમારા સાચા અંતઃકરણથી અને પોતાના શબ્દોમાં પ્રાર્થના કરો તેવું હું તમને ઉત્તેજન આપું છું. આ તમારી અને પ્રભુ વચ્ચેની વાતચીત છે. અહીં તમારા અનંતકાળનો આધાર રહેલો છે તે યાદ રાખો.

## પ્રાર્થના

પ્રિય પ્રભુ ઈસુ,

મારા બદલે તમે વધસ્તંભ ઉપર મરણ પામ્યા માટે હું તમારો આભારી છું. હું પાપી વ્યક્તિ છું તે હું જાણું છું અને તમારી ક્ષમા મેળવવા હું પોતાના પ્રયત્નો દ્વારા કાંઈ જ કરવાને શક્તિમાન નથી તે હું જાણું છું. વધસ્તંભ ઉપર તમે મારા માટે જે કિંમત ચૂકવી આપી હતી તે વિના હું કેવળ મરણ અને નર્કને જ યોગ્ય હતો. પ્રભુ, આજે મને તમારી જરૂર છે. પ્રભુ, મારા જીવનના દરેક ક્ષેત્રોમાં તમે પ્રવેશ કરો અને મને શુદ્ધ અંતઃકરણ આપો તેવી આજીજી કરું છું. મારામાં નવો આત્મા સ્થાપન કરો. હું મારા પાપનો પશ્ચાતાપ કરું છું. હું નવો જન્મ પામવાની અને તમારું બાળક બનવાની ઈચ્છા રાખું છું. હું પોતાને સંપૂર્ણપણે તમને આધીન કરું છું. હું તમારે માટે જીવન જીવવાની ઈચ્છા રાખું છું. હું તમને મારા તારનાર તરીકે જ નહિ પણ મારા જીવનના પ્રભુ અને માલિક તરીકે પણ સ્વીકારવાની ઈચ્છા રાખું છું. મારા જીવનના સર્વ પાપ જે વિશે હું માહિતગાર છું તે તરફ મારી પીઠ ફેરવવાની હું પસંદગી કરું છું અને મારા જીવનની ભીતરમાં તમે હંમેશને માટે પોતાનું ઘર સ્થાપિત કરો તેવી વિનંતી કરું છું. અનંતકાલિક ન્યાયસાશનમાંથી મારો બચાવ કરો. હું તમારા વિચારો પોતાના મનમાં કરવાની, તમારા કાર્યો પોતાના આચરણમાં મૂકવાની અને તમારા લોકોને પ્રમ કરવાની ઈચ્છા રાખું છું. પ્રભુ એક દિવસ તમે પાછા આવવાના છો તે હું જાણું છું. તે વખતે તમે મને પડતો નહિ મૂકો તેવી હું તમને વિનંતી કરું છું. તમને નિકટતાથી ઓળખવાની શરૂઆત કરવામાં અત્યારે મારી સહાય કરો અને અન્ય વ્યક્તિઓ તમને ઓળખી શકે તેવી સહાય તેઓને કરવા માટે સમર્થ પાત્ર તરીકે તમારા રાજ્યમાં મારા જીવનનો ઉપયોગ કરો. હલવાનના જીવનના પુસ્તકમાં અત્યારે જ તમે મારા નામની નોંધ કરો તેવી હું તમને વિનંતી કરું છું. હું મારા ખાસ અંતઃકરણથી મારી જિંદગીના હવે પછીના સર્વ

દિવસોમાં તમારી સેવા કરવાની ઈચ્છા રાખું છું. તે દિવસે હું તમારા મુખમાંથી આ શબ્દો મારા માટે સાંભળવાની ઈચ્છા રાખું છું. "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે. આવ, મારા પ્રભુના આનંદમાં પ્રવેશ કર."

તમને મારા જીવનના પ્રભુ અને તારનાર તરીકે અત્યારે જ સર્વ લોકોની સમક્ષ તમને કબૂલ કરું છું અને જો કોઈ વ્યક્તિ પ્રમાણિકપણે, સાચા અંતઃકરણથી ઈસુના નામને વિનંતી કરશે તો તમે તેનો ઉદ્ધાર કરશો તે તમારા શબ્દો ઉપર હું ખરા અંતઃકરણપૂર્વક વિશ્વાસ રાખું છું, હે પિતા, ઈસુના નામમાં હમણાં જ તમે મારો ઉદ્ધાર કરો તેવી વિનંતી હું તમને કરું છું.

આ પ્રાર્થનાને તમારી પ્રામાણિક પ્રાર્થના બનાવો. જો તમે ઈશ્વર સાથે વાસ્તવિક વ્યવહાર કરશો તો તે પણ તમારી સાથે વાસ્તવિક વ્યવહાર કરશે. હું વ્યક્તિગત રીતે તમારા ઉદ્ધારની તમને ખાતરી આપનાર વ્યક્તિ બનવાની ઈચ્છા રાખું છું. પરંતુ તે કાર્ય કેવળ પવિત્ર આત્મા જ કરી શકે છે. હું તમને ચેતવણી પણ આપવા માગું છું. ઈસુએ કહ્યું કે તે દિવસે ઘણા એમ કહેતા આવશે, "પ્રભુ ! પ્રભુ !" પરંતુ તેઓ સ્વર્ગમાં પ્રવેશ કરી શકશે નહિ. તે અહીં આ પૃથ્વી ઉપર કેવળ હોઠો દ્વારા કબૂલાત નહિ પરંતુ તેમને પોતાના પ્રભુ તરીકે ખરેખર સ્વીકારે છે તેવા પ્રામાણિક અંતઃકરણની શોધ છે. તેમનું પ્રભુત્વ કે માલિકી તમારા જીવનમાં પ્રગટ થશે. સફરજનનું વૃક્ષ સફરજન આપે છે. કાંટા ઝાંખરા કેવળ કાંટા ઝાંખરાને જન્મ આપે છે. ઈસુએ કહ્યું કે હરેક વૃક્ષને તમે તેના ફળ દ્વારા ઓળખી શકો છો. જો ઈશ્વર સાચે જ તમારા પિતા છે તો તમારા જીવનમાં પ્રેમ તેની સાબિતી છે. પ્રભુ "સોના સમાન" વ્યક્તિઓની શોધમાં છે. સાચા અંતઃકરણપૂર્વક આપણે પણ આવી જ પ્રાર્થના કરીએ.

# પ્રકરણ સાત

## ભયમાંથી સ્વતંત્રતા તરફ પ્રયાણ

મંડળીમાં સામેલ થઈને હું તેની સાથે વૃદ્ધિ પામી શકું અને હું યુવાન હતો ત્યારે મારા જીવનમાં ઘર કરી ગયેલી કેટલીએક અસલામતીઓનો નિકાલ કરી શકું, તે માટે હવે પછીના સ્વપ્નએ મારી સહાય કરી હતી તે હું તમારી સમક્ષ રજૂ કરીશ. જો તમે સાચે જ ઈસુનું અનુસરણ કરવાની ઈચ્છા રાખો છો તો તમારા જીવનના

અનેક પ્રશ્નો હશે જેનો તમારે સામનો કરવો પડશે. આ એક પ્રશ્ન છે જેનો સામનો મેં પોતાના જીવનમાં કર્યો હતો. આ સ્વપ્નએ વિશેષે કરીને મને ખૂબ પ્રભાવિત કર્યો હતો અને મારા જીવન માટે નવી દિશા નિર્ધારિત કરી હતી.

હું સેન્ટ લૂઈસ શહેરમાં ફરવા ગયો હતો અને શહેર જાણે કે યુદ્ધના મેદાન જેવું દેખાતું હતું. હું ઈંટોના ચણતરવાળા બે મકાન વચ્ચે ઊભો હતો અને તેને એકપણ બારી નહોતી. મારી આસપાસ સર્વત્ર હું બોમ્બ ફાટવાના અવાજો સાંભળતો હતો અને પુરુષો, સ્ત્રીઓ અને બાળકો બંકર્સમાં સંતાઈ ગયેલા અને મેં હમણાં જ વાત કરી તે મકાનોની બારીઓ શોધતા હોય તેમ હું જોઈ શકતો હતો. હું બંદૂકોની ગોળીઓના અવાજ સાંભળતો હતો અને તે મશીન-ગન હોય તેવો અવાજ આવતો હતો. મને યાદ છે કે તે સમયે હું લોકો સાથે ઈસુ ખ્રિસ્ત સંબંધી વાત કરવાનો પ્રયત્ન કરતો હતો પરંતુ હું પોતે મરણ પામુ અને મારી સાક્ષીનું કોઈ જ પરિણામ આવશે નહિ તેની મને બીક લાગતી હતી. કોઈક કારણોસર હું ટેલિફોનના થાંભલા પાછળ પોતાને સંતાડતો હતો અને શહેરમાંથી જીવતા બહાર આવવાનો માર્ગ વિચારી રહ્યો હતો. હું અનુમાન કરું છું કે મારા જેવા પાતળા વ્યક્તિ રહેવાના અનેક ફાયદાઓ છે. હા ! હા ! હા !

હું હજુ પણ પોતાને સંતાડવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે પોતાના હાથમાં બોંબગોળો લઈને એક માણસ મારી નજદીક આવ્યો હતો. તે માણસ આ બે મકાનોમાંના એક ઉપર તે ફેંકવાની ઈચ્છા રાખતો હતો. આ સમયે મારે પસંદગી કરવાનો વખત આવ્યો હતો. જો હું એકપણ શબ્દ ઉચ્ચારું નહિ તો ઘણા નિર્દોષ લોકો મરણ પામવાના હતા. જો હું એકપણ શબ્દ ઉચ્ચારું તો મારું મરણ નિશ્ચિત હતું. ઈશ્વરે મને એવી પરિસ્થિતિમાં મૂક્યો હતો કે જેમાં મારે ઝડપી નિર્ણય કરવાની આવશ્યકતા હતી. હું ભયમાં જીવન જીવું અને એકપણ શબ્દ ઉચ્ચારું નહિ અથવા હું ઈશ્વરને આધીન થાઉં અને બોલવાનું શરૂ કરું ? વારુ, તે કટોકટીના સમયે ઈશ્વરના આત્માએ મારી પડખે ઊભા રહીને મને સાચે જ સહાય કરી હતી, કારણ કે આ માણસ સાથે મેં હિંમતપૂર્વક વાતચીત કરવાની અચાનક જ શરૂઆત કરી હતી. મેં તેને જણાવ્યું હતું કે તે પોતાની દુષ્ટ યોજનાઓ પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરે તે અગાઉ તેણે તેના પરિણામોનો વિચાર કરવાની જરૂર હતી. અથવા અનંતકાળ માટે નર્કમાં વેદનાઓ સહન કરવાની તૈયારી રાખવી જોઈતી હતી. મને યાદ છે કે તે માણસ ત્યાં જ ઊભો રહ્યો હતો અને મારી તરફ એકધારી નજરે જોઈ રહ્યો હતો.

તે પછી તેણે પોતાના હાથમાં રહેલા વિનાશના અમલનો વિચાર કરવાની શરૂઆત કરી હતી. અને થોડી જ ક્ષણોમાં તે પોતાના ઘૂંટણો ઉપર નમી પડ્યો હતો અને પોતે જે કાર્ય કરવાની યોજના કરતો હતો તે માટે ઈશ્વર તેને ક્ષમા આપે અને ઈશ્વર તેનો ઉદ્ધાર કરે તેવી વિનંતી અને આજીજી કરવા લાગ્યો હતો.

## આ એક રહસ્ય છે

જ્યારે હું પોતાના હાથમાં બોંબગોળો રાખનાર માણસ સાથે ઊભો હતો ત્યારે મારા જેવો જ એક બીજો માણસ પણ ત્યાં પાસે ઊભેલો હતો. મેં ધ્યાનપૂર્વક જોયું તો અમે બંને એક સરખી ઊંચાઈ ધરાવતા હતા, કેવળ તેના માથાના વાળ મારા કરતાં વધારે લાંબા-મોટા હતા. તે માણસ લોકો સાથે વાતચીત કરતો હતો અને તેઓ પ્રભુનો સ્વીકાર કરે તેવી વિનંતી કરતો હતો. મેં પણ તેનું અનુકરણ કરવાની શરૂઆત કરી હતી પરંતુ મારા તરફ તેનું ધ્યાન ન પડે તે રીતે હું પોતાને સંતાડવાનો પ્રયત્ન કરતો હતો. તેને સહેજપણ બીક લાગતી નહોતી અને તે પોતે જે કાર્ય કરી રહ્યો હતો તે વિશે તે પોતે ચોક્કસ જાણતો હતો તેવું લાગતું હતું. તેની સાથે મારી સરખામણી કરવામાં હું અયોગ્ય હતો તેવી મને લાગણી થતી હતી. જ્યારે સાંજનો સમય થયો ત્યારે શહેરની બહાર તરફ દોડી જતી નાની કેડી ઉપર તેણે આગળ વધવાની શરૂઆત કરી હતી. થોડી જ વારમાં તે એવી જગાએ પહોંચી ગયો હતો કે જ્યાં સુંદર ઘરો અને ઘાસવાળી હરિયાળી જમીન તથા વહેતા ઝરણાઓ હતા. ત્યાં યુદ્ધનો કોઈ જ અવાજ નહોતો પરંતુ કેવળ શાંતિ અને સલામતીનો અહેસાસ કરાવનારું નિર્મળ સ્થળ હતું. હું તેની પાછળ પાછળ આવ્યો હતો અને મેં તેને કહ્યું, "સાહેબ, માફ કરજો ! તમે શહેરમાં સુવાર્તાનો ઉપદેશ કરતા હતા ત્યારે હું તમારું અનુસરણ કરતો હતો; અને મારે ફક્ત એટલું જ જાણવાની ઇચ્છા છે કે તમે આવી જબરદસ્ત હિમ્મત કેવી રીતે મેળવી અને તમે કઈ મંડળીના સભ્ય છો." તેણે કહ્યું, "આ એક રહસ્ય છે !" ત્યાર પછી તે કંઈ મંડળીમાં ભાગીદાર બને છે તે વિશે તેણે મને જણાવ્યું હતું અને આજે હું તે જ મંડળીનો સભ્ય છું.

આ સ્વપ્ન આપવામાં આવ્યું તે સમયે મારા ખ્રિસ્તી જીવનમાં હું પોતે ખૂબ જ "સૂકાપણું" અનુભવતો હતો અને ઈશ્વર મને કઈ જગાએ લઈ જવાની ઇચ્છા રાખે છે તે વિશે હું ખાતરીપૂર્વક જાણતો નહોતો. હું માત્ર એટલું જ જાણતો હતો કે મારા ખ્રિસ્તી જીવનમાં કાંઈક વધારે હોવું જોઈએ પણ હું તેનો અનુભવ કરી શકતો

નહોતો. હું અત્યારે ભાગીદાર બનું છું તે મંડળીની સંગતમાં ઈશ્વર મને દોરી ગયા હતા. જો કે હજુપણ કેટલાએક સમયે હું થોડી અસલામતીનો અનુભવ કરું છું તોપણ ઈશ્વર મારા જીવનમાં કાર્ય કરી રહ્યા છે; મારા વિશ્વાસમાં દૃઢ કરી રહ્યા છે અને મારી બીક અને ચિંતાઓ મારા જીવનમાં ફરીથી પોતાનું નિયંત્રણ કરે તેની સામે મને દૃઢતાપૂર્વક ઊભા રહેવામાં મારી મદદ કરી રહ્યા છે જીવનમાં કેટલીક વખત આપણે પસંદગી કરવી પડે છે. મારા સ્વપ્નની જેમ આપણી પસંદગીઓ ઘણા લોકોને અસર કરી શકે છે. ઈશ્વરે આપણને આહ્‌વાન આપ્યું છે તેવા સર્વ રીતે બનવામાં ભય કે બીક આપણને હંમેશાં અવરોધરૂપ બને છે.

જે "રહસ્ય" વિશે પેલા માણસે કહ્યું હતું તે સંબંધી પાઉલ પ્રેરિતે કોલોસી ૧:૨૭માં જણાવ્યું છે. "તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે." તે "રહસ્ય" છે. પાઉલે કહ્યું છે કે, "હું જીવું છું, તોપણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે અને દેહમાં જે મારું જીવન તે ઈશ્વરના દીકરા પરના વિશ્વાસથી જ છે; તેણે મારા પર પ્રેમ રાખ્યો અને મારે માટે પોતાનું અર્પણ કર્યું."

## ભય કે બીક તમને અટકાવે તેવું થવા દેશો નહિ.

મને આ સ્વપ્ન આવ્યું તેના ઘણા વર્ષો અગાઉ સેન્ટ લૂઈસ શહેરમાં આવેલા "પ્રોજેક્ટ્સ"માં મેં એક માણસની મુલાકાત કરી હતી. મેં તેની સામે ખ્રિસ્ત સંબંધી વાતચીત કરી હતી. એક વખતે જ્યારે મેં તેની મુલાકાત કરી ત્યારે તેની પાસે બંદૂક હતી. તેણે મને કહ્યું હતું કે, ભૂતકાળમાં તેણે આચરેલાં કાર્યોને લીધે કેટલાએક લોકો તેને જાનથી મારી નાખવાનું વિચારે છે. તેઓથી રક્ષણ મેળવવા માટે તે પોતાની પાસે બંદૂક રાખે છે. તે વખતે આ પ્રકારની વાતચીતથી મને બીક લાગી હતી. અહીં હું તેની સાથે મારી કારની છત ઉપર બેઠો હતો. અને તેના બન્ને ઘૂંટણોની વચ્ચે ગોળી ભરેલી બંદૂક હતી. મને વિચાર આવતો હતો કે કોઈપણ સમયે બીજી કોઈક કાર આવી પહોંચશે અને મને ગોળીથી વીંધી નાખશે. શહેરની શેરીઓમાં સાક્ષી આપવાના ભય ઉપર વિજય પામતા મને ઘણો સમય લાગ્યો હતો. પ્રભુ તરફથી મને જે સ્વપ્ન આવ્યું હતું તે દ્વારા મારી કેટલીક બીક ઉપર વિજય પામવામાં મને ખરેખર સહાય મળી હતી.

મેં સેન્ટ લૂઈસ શહેરની શેરીઓમાં સાક્ષી આપી છે એટલું જ નહિ પરંતુ મારી પત્ની અને હું ભારત દેશની મુલાકાત લઈને પણ પાછા આવ્યા છે. હું તમને ખાતરી

આપતાં જણાવું છું કે આ કાર્ય મારા માટે એક મોટો નિર્ણય હતો. ભારત દેશમાંથી પાછા આવ્યા પછી મેં શોધી કાઢ્યું કે ઈસુના બાર શિષ્યોમાંનો એક, બાર્થલ્મી, પણ ભારત દેશમાં ગયો હતો. મારા જીવનમાં ઈશ્વરના આહ્‌વાનથી મને ભય કે ચિંતા અટકાવે તેવું કદી જ થવા દઈશ નહિ અને તમે પણ તેવું થવા દેશો નહિ. ગીતશાસ્ત્ર ૩૪:૪માં દાઉદ રાજા કહે છે કે મેં પ્રભુની શોધ કરી અને તેમણે મારા સર્વ ભયમાંથી મને છોડાવ્યો.

એક વખતે જ્યારે હું શહેરની શેરીઓમાં સુવાર્તાનો ઉપદેશ કરી રહ્યો હતો ત્યારે અમે સેન્ટ લૂઈસ શહેરમાં આવેલા ડોરીસ વેબ્બ પ્રોજેક્ટ પાસે હતા. એક પ્રોજેક્ટની મુલાકાત પછી સામે બીજા પ્રોજેક્ટસ તરફ જઈ રહ્યા હતા ત્યારે હું થોભ્યો હતો અને મારી આસપાસ દષ્ટિ કરી હતી. ત્યારે મેં જોયું તો હું બારી વિનાના ઈંટોના ચણતરવાળા બે મકાનોની વચ્ચે ઊભો હતો. અને તમે માનો કે ન માનો પણ તે સ્થળ મારા સ્વપ્નમાં મેં જોયું હતું તેના જેવું જ એક સરખું હતું. અહીં હું ખ્રિસ્તની સુવાર્તા કોઈપણ ભય વિના રજૂ કરી રહ્યો હતો, જો કે મારા સ્વપ્ન દરમિયાન તો આ સ્થળે હું પોતાને સંતાડવાનો પ્રયત્ન કરતો હતો. ઈશ્વરે મને ''ભયમાંથી સ્વતંત્રતા તરફ પ્રયાણ'' કરવામાં મારી મદદ કરી હતી. ઈશ્વરે આપણને આહ્‌વાન આપ્યું છે કે તેમાં સર્વ રીતે બનવામાં ભય કે બીક આપણને હંમેશા અવરોધરૂપ બને છે. ઈસુના મરણ પછી શિષ્યો પણ ભયને કારણે બારણાં બંધ કરીને સંતાઈ ગયા હતા (યોહાન ૨૦:૧૯). ઈશ્વરે થોડા વર્ષો અગાઉ જોઈસ મેયરને એક નાનો બોધપાઠ આપ્યો હતો. તેમણે તેને કહ્યું હતું કે ''બીક લાગે તોપણ કેવળ તે કરો.''

લોકો સાથે ખ્રિસ્ત સંબંધી વાતચીત કરવાની ઝંખના રાખે છે તેઓ દરેકને હું ઉત્તેજન આપવાની ઈચ્છા રાખું છું, કે ભય કે બીક તમને આ કાર્ય કરતાં અટકાવે નહિ. આગળ વધો અને તમે ઈશ્વરના મહિમા માટે જે કાર્ય કરવાની ઈચ્છા રાખો છો તેની તમને બીક લાગે છે તોપણ કેવળ તે કાર્ય કરો. અહીં આ કાર્યમાં એ જ મોટું રહસ્ય છે. ખ્રિસ્ત તમારામાં છે અને તે તમારી મહિમાની આશા છે. તે રહસ્ય છે; જગતમાં જે છે તેના કરતાં તમારામાં જે છે તે મોટો છે. યશાયા ૪૧:૧૩ :

''કેમ કે હું યહોવા તારો ઈશ્વર તારા જમણા
હાથને પકડી રાખીને તને કહું છું કે, તું બીશ
નહિ; હું તને સહાય કરીશ.''

૨ તિમોથી ૧:૭

"કેમ કે ઈશ્વરે આપણને ભયનો આત્મા નહિ,
પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુદ્ધિનો
[આત્મા] આપ્યો છે."

યોહાન ૮:૩૧, ૩૨

"તેથી જે યહૂદીઓએ તેના પર વિશ્વાસ કર્યો હતો,
તેઓને ઈસુએ કહ્યું કે, જો તમે મારા વચનમાં રહો,
તો ખરેખર તમે મારા શિષ્યો છો; અને તમે સત્યને
જાણશો અને સત્ય તમને મુક્ત કરશે."

# પ્રકરણ આઠ

## કિશોર અવસ્થાના યુવાનો માટે સંદેશ

આ વિશેષ પ્રકરણનું લેખન કરું છું ત્યારે હું ઘણા લાંબા સમયથી કિશોર અવસ્થાના યુવા-જાગતના સંપર્કમાં નથી. તોપણ હું આ વિષય સંબંધી હજુપણ એક પુસ્તકનું લેખન કરી શકું છું તેની મને ખાતરી છે. તેઓના જગત સંબંધી વાતચીત કરવા માટે કેટલીક વખત હું અયોગ્ય હોવાની લાગણી અનુભવું છું. કારણ કે કિશોર અવસ્થાની આ પેઢી જેને અનેક વખત "ચોક્કસ પેઢી" (generation x) કહેવામાં આવે છે તેઓની સાથે મેં સંપર્ક રાખ્યો નથી. તેઓને ચોક્કસ પેઢી (generation x) કહેવાને બદલે તેઓ અભિષેક પામેલી પેઢી થઈ શકે તેમ હું માનું છું. ઈશ્વરે આ ક્ષેત્રમાં મારી પત્ની અને મને કેટલાંએક સ્વપ્નો આપ્યાં હતાં જે વિશે હું તમને પછીથી જણાવીશ પરંતુ પ્રથમ હું મારી પોતાની સાક્ષી તમારામાંના કેટલાએક સમક્ષ રજૂ કરવાની ઈચ્છા રાખું છું. હું માનું છું કે આપણા શબ્દો ખૂબ જ મહત્ત્વના છે અને યુવાનોની આ પેઢી ઉપર તે કાયમી અસર ઊભી કરી શકે છે. મારા પોતાના વ્યક્તિગત અનુભવને કારણે હું આ પ્રમાણે રજૂઆત કરું છું.

# જીવનનું અજવાળું

જ્યારે હું અઢાર વર્ષની ઉંમરનો હતો ત્યારે એક દિવસ મારા કેટલાએક મિત્રો સાથે હું ડ્રગ્સ લઈ રહ્યો હતો. જ્યારે મારીજુઓના ભરેલી ચલમ મારી પાસે આવી ત્યારે તેમાંનો અગ્નિ હોલવાઈ ગયો હતો અને તેને ફરીથી સળગાવવા માટે અમારામાંથી કોઈનીય પાસે દિવાસળી કે લાઈટર નહોતું. તેથી અમારા જેવા જ બીજા જૂથ પાસેથી લાઈટર કે દિવાસળી લઈ આવવાની સ્વૈચ્છિક જવાબદારી અમારા જૂથે મને આપી હતી. મારી જ ઉંમરનો એક લાંબો યુવાન પેલા જૂથ સાથે વાતચીત કરી રહ્યો હતો. તેથી હું તેની પાસે ગયો અને તેઓમાંના કોઈકની પાસે લાઈટર છે કે નહિ તે વિશે પૂછ્યું હતું. તે સમયે આ યુવાન મારા તરફ ફર્યો હતો અને મારી આંખોમાં આંખ મેળવીને તેણે કહ્યું, ''મારી પાસે ઈસુ ખ્રિસ્ત તમારા જીવનનું અજવાળું છે.'' તે વખતે મને સન્ડે સ્કૂલના મારા અગાઉના દિવસો વિશે અને વખતો વખત મેં આ નાઝરેથના ઈસુનું અનુસરણ કરવાનો પ્રયત્ન કર્યો હતો તે વિશે યાદ આવ્યું હતું. આ માણસે મારું ધ્યાન દોર્યું ત્યારે અહીં હું ડ્રગ્સ લઈ રહ્યો હતો, જાતની મઝા માટે જીવી રહ્યો હતો અને હું નાશ પામીને એકલતાનો અનુભવ કરતો હતો. આ વાતની મારા ઉપર ઘણી જ અસર થઈ હતી. તેથી મેં તેના શબ્દો સાંભળ્યા જ નથી તેવો દેખાવ કર્યો હતો અને લાઈટર મેળવીને હું પોતાના મિત્રો પાસે પાછો આવ્યો હતો. તેમ છતાં આજેપણ મને તે માણસના શબ્દો યાદ આવે છે : ''મારી પાસે ઈસુ ખ્રિસ્ત, 'તમારા જીવનનું અજવાળું' છે !'' તે માણસ પાસે જે હતું તે મેળવવાની હું સાચે જ ઇચ્છા રાખતો હતો પરંતુ હું પોતે તેને યોગ્ય નથી તેવી લાગણી અનુભવતો હતો. આજે મારી પત્ની અને હું એક નાનો રેડિયો કાર્યક્રમ ચલાવીએ છીએ તેનું નામ છે, ''તમારું અજવાળું પ્રકાશવા દો.''

મેં આ નામની પસંદગી કરી હતી કારણ કે આ જ શબ્દો જ્યારે હું અઢાર વર્ષનો હતો અને અંધકારમાં તે સર્વ વર્ષો પસાર કરતો હતો ત્યારે મને કહેવામાં આવ્યા હતા. પરંતુ જેઓ ડ્રગ્સમાં અથવા બીજી કોઈપણ વસ્તુમાં સામેલ છે અને જેવું જીવન તમારે જીવવું જોઈએ તેવું જીવવાથી તમને પાછા રાખે છે તે સર્વ કિશોર અવસ્થાના યુવાનોને હું આજે કહેવાની ઇચ્છા રાખું છું કે, ''કેવળ ઈસુ જ તમારા અંધકારમાંથી બહાર આવવાનો માર્ગ છે.''

હું માનું છું કે મને કેટલાએક સ્વપ્નો કિશોર અવસ્થાના યુવાનો સંબંધી અને તેઓ જે મુશ્કેલીઓમાંથી પસાર થાય છે તે વિશે આપવામાં આવ્યા હતા. અમારી

મંડળીમાં એક કિશોર હતો અને તે ખરાબ મિત્રોની સોબતમાં સામેલ થયેલો હતો. તે સમયે હું આ વાતથી સહેજપણ માહિતગાર નહોતો પરંતુ આ વાતની સત્યતા વિશે તેની માતાએ મને પાછળથી જણાવ્યું હતું.

## તમારા પાછળના ખિસ્સામાં તમે શું રાખો છો ?

સ્વપ્નમાં હું પોતાના ઘરમાંથી બહાર આવી રહ્યો હતો અને મારા દીકરા યહોશુઆના બદલે અમારી મંડળીનો આ યુવાન મારી સાથે હતો. હું તમને નિખાલસતાથી કહું છું કે હું ખરેખર તેને અથવા તેના કુટુંબને પણ ઓળખતો નહોતો. સ્વપ્નમાં હવે તે મારો દીકરો હતો અને મારા ઘરમાં વસવાટ કરતો હતો. તે ઘરની બહાર રાત્રિ પસાર કરવા જવાની તૈયારી કરતો હતો. હું ખુશમીજાજમાં હતો અને તે પણ તેવા જ મૂડમાં હતો તે મને યાદ છે. અમે બંને મિત્રો હોય તેમ મેં પોતાનો હાથ લંબાવ્યો અને તેને ખુશીથી પછવાડે થાબડ્યો હતો. ત્યારે તેના પાછળના ખિસ્સામાં કાંઈક વસ્તુ હોય તેવું અચાનક મેં અનુભવ્યું હતું. મેં તેના ખિસ્સામાંથી તે વસ્તુ ઝડપભેર લઈ લીધી હતી. અને જોયું તો તે બંદૂક રાખીને ફરતો હતો. મેં દુઃખી સ્વરે કહ્યું હતું, "તું શું કરવાનો ઇરાદો રાખે છે. તું પોતે જ મરણ પામીશ. અને ત્યાર પછી ઊંઘમાંથી હું જાગી ઊઠ્યો હતો."

તે પછીના દિવસે હું તેની માતા પાસે દોડી ગયો હતો અને તેને મારા સ્વપ્ન વિશે જણાવ્યું હતું. તેમણે મને માહિતી આપતાં જણાવ્યું હતું કે તેમનો દીકરો ખરાબ મિત્રોની સોબતમાં રખડપટ્ટી કરી રહ્યો હતો અને કિશોરોના ઝઘડામાં જ તેની બંદૂક પડાવી લેવામાં આવી હતી. તે યુવાન સાથે મારા સ્વપ્ન સંબંધીની રજૂઆત કર્યા પછી જ હું તેની સાથે વાતચીત (કાઉંસેલીંગ) કરવાને શક્તિમાન બન્યો હતો. મેં તેની સાથે વાતચીત કરી હતી. (૨ કરિંથી ૧૦:૩-૬) :

"હા, એ વાત સાચી છે કે હું એક નિર્બળ માનવી છું પણ દુન્યવી લડાઈ લડવા હું માનવી ઉપાયો અજમાવતો નથી. શેતાનના મજબૂત કિલ્લાઓને તોડી પાડવા માટે અમે ઈશ્વરના શક્તિશાળી શસ્ત્રો વાપરીએ છીએ. એ શસ્ત્રો માણસોએ બનાવેલાં નથી. આ શસ્ત્રોથી અમે ઈશ્વરની વિરુદ્ધમાં કરવામાં આવેલી જૂઠી દલીલોરૂપી દીવાલોને તોડી પાડીએ છીએ. વળી એ વડે અમે ઈશ્વરના જ્ઞાનની વિરુદ્ધના અભિમાની વિચારોને નીચે પાડી દઈએ છીએ અને દરેક વિચારને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ છીએ. તમે ખ્રિસ્તની આધીનતામાં આવો તે માટે આ શસ્ત્રોનો પ્રથમ

ઉપયોગ તમારા પર કરવામાં આવ્યો હતો. હવે તેનો ઉપયોગ બાકી રહેલા બંડખોરો પર પણ કરવામાં આવશે.'' (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

મેં વાતચીત કરતાં તેને જણાવ્યું હતું કે તે મરણ પામી શકે છે. ઈશ્વર પાસે તેના જીવન માટે એક યોજના છે અને શહેરની શેરીમાં કોઈક જગાએ લાશ પડે તેવી તેમની ઈચ્છા નથી. મેં તેને જણાવ્યું હતું તે બધું જ તેણે સાંભળ્યું હતું તે હું જાણું છું અને છેલ્લે તેના સમાચાર મળ્યા કે ડ્રગ્સ અને ખરાબ મિત્રોની સોબતમાંથી છુટકારો મેળવવા યુવાનોની સહાય કરે છે તેવી ટીન ચેલેન્જ (Teen challenge) સંસ્થામાં તે જોડાયો છે. મુશ્કેલીમાં મૂકાયેલા યુવાનો ઈશ્વર સાથે યોગ્ય સંબંધ સ્થાપિત કરે તથા પોતાના જીવનમાં યોગ્ય માર્ગ ઉપર પાછા આવે તે માટે તેઓની સહાય કરવા ટીન ચેલેન્જ તથા અન્ય ધર્મસેવાઓ શરૂ કરવામાં આવી છે તેઓ માટે હું ઈશ્વરનો આભાર માનું છું. ઈશ્વરનું કુટુંબ એક જ એવું મિત્રમંડળ છે જેની તમારે સોબત રાખીને તેઓ સાથે સામેલ થવું જોઈએ. અને ઈશ્વરનું વચન જે આત્માની તલવાર છે તે એક જ હથિયાર છે જે તમારે રાખવું જોઈએ. આપણે આ નિરાશાજનક પરિસ્થિતિમાં ઊભા રહી શકીએ માટે ઈશ્વરના સર્વ હથિયારો સજી લઈએ તેવું એફેસી ૬:૧૦-૧૩માં દર્શાવવામાં આવ્યું છે.

''છેવટે મારે તમને એ કહેવાનું કે તમારામાં પ્રભુનું જે મહાન સામર્થ્ય રહેલું છે તે વડે તમે શક્તિમાન થાઓ. ઈશ્વરનાં તમામ શસ્ત્રો ધારણ કરો, જેથી શેતાનના સર્વ વ્યૂહો અને કુયુક્તિઓ સામે ટકી રહો. કેમ કે આપણે લોહી અને માંસના બનેલા માનવીઓ સાથે લડતા નથી, પણ આપણી લડાઈ અદશ્ય જગતના દુષ્ટ સત્તાધીશોની સામે, આ જગત પર શાસન ચલાવનાર અંધકારના અધિકારીઓની સામે, પરાક્રમી શેતાની શક્તિઓની સામે તથા આત્મિક દુનિયાના અસંખ્ય દુષ્ટાત્માઓની સામે છે. તમે ઈશ્વરના સર્વ શસ્ત્રો સજી લો, જેથી શત્રુના હુમલા સામે તમે ટકી શકો.'' (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

## ઝડપથી દૂર નાસી જાઓ અને પાછળ જોશો નહિ.

જો તમે પ્રભુ માટે ઊભા રહેવાની ઈચ્છા રાખો છો તો તમારે પોતાના ભૂતકાળને વીસરી જવાની જરૂર છે. તમારા પાછળના ખિસ્સામાં તમે શું રાખો છો? તેનો ત્યાગ કરો ! શું તેના માટે મરણ પામવું યોગ્ય છે ? ડ્રગ્સથી અને તેની સાથે જેઓ સંકળાયેલા છે તેઓથી વધારે મોડું થઈ જાય તે અગાઉ દૂર નાસી જાઓ તે

બીજી વાત હું કિશોર અવસ્થાના યુવાનોને કહેવાની ઇચ્છા રાખું છું. એક સમયે મને સ્વપ્ન આવ્યું હતું અને તેમાં હું પોતે બે ઘરોની વચ્ચે ઊભેલો હતો. હું કિશોર અવસ્થામાં હતો ત્યાર પછી જેનો મેળાપ કદી જ થયો નહોતો તેવો મારો એક મિત્ર મને જણાવી રહ્યો હતો કે તેણે ડ્રગ્સ લેવાનું બંધ કર્યું હતું અને તે નવો જન્મ પામેલ ખ્રિસ્તી વ્યક્તિ બન્યો હતો. તે વાત સાંભળીને હું ખૂબ ઉત્સાહી થયો હતો. પરંતુ ત્યાર પછી મેં જોયું તો તેણે સિગારેટ લીધી હતી અને તેને સળગાવી હતી. તે પછી તેણે મારી સાથે વાતચીત કરવાનું ચાલું રાખ્યું હતું પરંતુ ખ્રિસ્તી જીવન સંબંધી તે ખૂબ જ ઓછું માહિતગાર હતો તેવું સ્પષ્ટ લાગતું હતું. પછી વધારે વખત વ્યતિત કર્યા વિના અમે બંનેએ પેલા બે ઘરોમાંના એક પાછળના દરવાજેથી અંદર પ્રવેશ કર્યો હતો. આ ઘર પડતર હતું. મેં ધ્યાનપૂર્વક જોયું તો મકાનના નીચેના માળ ઉપર આ સર્વ લોકો ડ્રગ્સ તૈયાર કરતા હતા. તેઓમાંના ઘણા ઊભા રહીને મારીજુઓનાની ચલમ પીતા હતા અને અન્ય કેટલાએક ડ્રગ્સ મેળવવાની પ્રતિક્ષા કરી રહ્યા હોય તેમ જોવા મળતું હતું. બીજા કેટલાએક બેઠા હતા અને કાંઈ જ કરતા નહોતા. કિશોર અવસ્થાના જે યુવાનો સર્વને ડ્રગ્સ વહેંચી રહ્યા હતા તેઓનો મેળાપ કરવા માટે મારો મિત્ર આગળ વધી રહ્યો હતો. ત્યારે અચાનક દરેક વ્યક્તિ બેભાન થઈને નીચે જમીન પર પડી ગઈ હતી. કાંઈક ખરાબ બની રહ્યું છે તેવી લાગણીનો મેં અનુભવ કર્યો હતો. તેથી મેં પોતાના મિત્રને કહ્યું હતું કે તેણે ઝડપભેર આ જગાનો ત્યાગ કરવો જરૂરી હતો. તે વિલંબ કરતો રહ્યો. તેથી હું તેનો ત્યાગ કરીને ત્યાંથી ચાલ્યો ગયો. હું તે ઘરના પાછલા દરવાજેથી બહાર જઈ રહ્યો હતો ત્યારે તે ઘરમાંના લગભગ બધા જ વ્યક્તિ જમીન ઉપર નીચે પડ્યા હતા, કેટલાકે પોતાનું પેટ પકડી રાખ્યું હતું અને દુઃખને કારણે ઊંહકારો કરતા હતા, તો બીજા કેટલાક મરણ પામ્યા હોય તેવું જ દેખાતું હતું. મેં પોતાનાથી બને તેટલી ઝડપભેર દોડીને આ સ્થળનો ત્યાગ કર્યો હતો અને પાછા વળીને તે તરફ જોયું નહોતું. આપણે પાપથી દૂર ચાલ્યા જવું જોઈએ, તેનાથી દૂર નાસી જવું જોઈએ. આજના દિવસોમાં મોટાભાગના કિશોર અવસ્થાના યુવાનો પોતે જે ભય કે નુકસાનનો સામનો કરી રહ્યા છે તેનો વિચાર જ કરતા નથી. આ પુસ્તકનું વાચન કરનાર દરેક કિશોર અવસ્થાના યુવાનને અથવા કોઈપણ માતાપિતાને હું ઉત્તેજન આપવાની ઈચ્છા રાખું છું કે તેઓએ પાપથી દૂર નાસી જવું જોઈએ. વધારે મોડું થઈ જાય તે અગાઉ તમારા પાછળના ખિસ્સામાંથી તે વસ્તુને બહાર ફેંકી દો. આપણે જીવન જીવી શકીએ, સાક્ષી આપી શકીએ માટે આપણને ફક્ત એક જ જીવન આપવામાં આવ્યું છે. ઈસુ ખ્રિસ્ત સાથે છેતરપિંડી

કરશો નહિ. પાપ સાથે રમત કરશો નહિ. એક બાબત તમે વિચાર કરો તેના કરતાં વધારે ઝડપભેર બીજી બાબત તરફ તમને દોરી જશે. યાકૂબ ૧:૧૫.

"પછી દુર્વાસના ગર્ભ ધરીને પાપને જન્મ આપે છે, અને પાપ પરિપક્વ થઈને મોતને ઉપજાવે છે."

## નિરુપદ્રવી કે પ્રાણઘાતક

કેટલાક લોકો ડ્રગ્સનું સેવન કરે છે અને છટકબારીનો ઉપયોગ કરીને કહે છે કે, ઈશ્વરે આ પૃથ્વી ઉપર વનસ્પતિ ઉત્પન્ન કરી છે તો શા માટે તેનો ઉપયોગ ન કરવો ? એક સમય એવો હતો કે દરેક વનસ્પતિ માનવીના ખોરાક તરીકે આપવામાં આવી હતી તે વાત સત્ય છે. પરંતુ મનુષ્યએ પાપ કર્યું ત્યાર પછી ઈશ્વરે જમીનને શ્રાપ આપ્યો હતો અને કહ્યું હતું કે કેટલીક વનસ્પતિ કાંટા અને ઝાંખરાને ઉત્પન્ન કરશે. આદમે પાપ કર્યું તે પછી દરેક વસ્તુ પાપથી દૂષિત બની હતી. ઉદહારણ તરીકે આવો આપણે ખાવાની ચીજ તરીકે વપરાતો બિલાડીનો ટોપ (mushrooms)નો વિચાર કરીએ. અનેક મશરૂમ નિરુપદ્રવી છે પરંતુ બીજા કેટલાક મશરૂમ દેખીતી રીતે જ "વિનાશના દૂત" તરીકે ઓળખાય છે અને તે તમારું મરણ નિપજાવી શકે છે. કોઈક વનસ્પતિ ઉગે છે તેનો અર્થ એવો થતો નથી કે તે તમારા ઉપયોગ માટે છે. ઈશ્વરે આદમ અને હવાને આજ્ઞા આપી હતી કે ભલુંભૂંડું જાણવાના જ્ઞાનના વૃક્ષનું ફળ તમારે ખાવું નહિ. તેઓ પાસે દરેક પ્રકારના વૃક્ષો હતા અને તે સારા માટે ઉત્પન્ન કરવામાં આવ્યા હતા. પરંતુ તેઓ દુષ્ટતા કરવાની ઇચ્છા રાખતા હતા. યોહાન ૩:૧૯-૨૧ :

"તેઓની સજા માટેનું કારણ એ છે કે, સ્વર્ગમાંથી પ્રકાશ પૃથ્વી પર આવ્યો છતાં તેઓએ પ્રકાશને નહિ પણ અંધકારને ચાહ્યો, કેમ કે તેઓનાં કામ ભૂંડાં હતાં. જેઓ અંધકારમાં રહી પાપ કરવા ચાહે છે તેઓ આ સ્વર્ગીય પ્રકાશનો ધિક્કાર કરે છે. તેઓ આ પ્રકાશથી દૂર રહે છે, કેમ કે પ્રકાશમાં પોતાના પાપ ખુલ્લાં પડે અને શિક્ષા થાય એવી તેઓને બીક રહે છે. પણ જેઓ સત્ય આચરે છે તેઓ ખુશીથી પ્રકાશ પાસે આવે છે; એ માટે કે દરેક જણ જુએ કે તેઓ ઈશ્વરની ઇચ્છા પ્રમાણેના આચરણ કરે છે." (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

જો તમારા જીવનમાં તમે સાચે જ ઈશ્વર સાથે સમાધાન કરવાની ઇચ્છા રાખો છો તો તમે પ્રકાશ પાસે આવશો. કોઈક વસ્તુ નિરુપદ્રવી દેખાતી હોય તેનો અર્થ

એવો થતો નથી કે તે નુકસાનકારક નથી. તેનું ઉત્તમ ઉદાહરણ સાપ છે. કેટલાએક સાપ નિરુપદ્રવી છે. બીજા કેટલાક સાપ ઝેરી છે. ઈશ્વરે સાપનું સર્જન કર્યું છે તેનો એવો અર્થ થતો નથી કે આપણે દરેક સાપ સાથે એક જ પ્રકારનું વર્તન કરવું જોઈએ. મને બે પ્રકારના સાપ ખૂબ ગમે છે : ઝેર વિનાનો મોટો સાપ (Sand boa) અને અજગર (boa constrictor). એક સમયે મને સ્વપ્ન આવ્યું હતું તેમાં મેં સાપ જોયો હતો. મારી આસપાસ ઘણા બધા સાપ હતા અને ક્યા સાપ ઝેરી છે અને ક્યા સાપ નિરુપદ્રવી છે તેની શોધ કરવામાં મેં ઘણો સમય લીધો હતો. મારા સ્વપ્નમાં મેં જે સાપ જોયો હતો તે નિરુપદ્રવી હતો. પરંતુ જ્યારે તેણે પોતાનું માથું ફેરવ્યું ત્યારે એક કાળા રંગના નાના ટપકા તરફ મારું ધ્યાન ગયું હતું અને તેનું માથું ફેરવવાની સાથે તે ખસેડાતું હતું. મેં ધ્યાનપૂર્વક જોયું તો મેં એક નાનો કરોળિયો જોયો હતો કે જેનું જાળું સાપ સાથે જોડાયેલું હતું એટલે સાપ ખરેખર સમસ્યારૂપ નહોતો પરંતુ કરોળિયો તેની સાથે આવ્યો હતો. મને સ્વપ્ન આવ્યું તેના બીજા જ દિવસે હું અમારા પ્રભુમંદિરની પાસેના રસ્તા ઉપરથી કાર હંકારી રહ્યો હતો અને તે સમયે જ એક કાળા રંગનો સાપ રસ્તો ઓળંગી રહ્યો હતો. મોટાભાગના લોકો જ્યારે સાપને જુએ છે ત્યારે તેઓ નાસી જાય છે પરંતુ હું તે પ્રમાણે કરતો નથી. મેં પોતાની કાર થોભાવી હતી અને સાપને પકડવા માટે હું પોતાની કારમાંથી બહાર આવ્યો હતો. તેને પકડી લીધા પછી મને વિચાર આવ્યો કે તેને ઘેર લઈ જઈ શકાય તે માટે મારી પાસે કશું જ નથી. તે વખતે રસ્તાની એક બાજુએ મેં એક થેલી પડેલી જોઈ હતી. તેથી મેં ઝડપથી તે થેલી લઈ લીધી હતી અને તેમાં સાપને મૂકવાની શરૂઆત કરી હતી. હું આ પ્રમાણે કરતો હતો ત્યારે તે થેલીમાં મેં એક કરોળિયાને જોયો છે. તે વખતે જ મને એક રાત્રિ અગાઉ આવેલા સ્વપ્ન વિશે યાદ આવ્યું હતું. તેથી મેં તે થેલીને એકબાજુએ ફેંકી દીધી હતી અને સાપને જતો કર્યો હતો. આ દ્વારા ઈશ્વરે મને એક આશ્ચર્ય પમાડે તેવો બોધપાઠ આપ્યો હતો. તમારા જીવનમાં તમે કેટલીએક વસ્તુને આવકારો છો તે પ્રથમ દેખાવમાં નિરુપદ્રવી હોય તેમ જોવા મળે છે પરંતુ સાવધ રહો કે "નાના શિયાળવાં" સમગ્ર દ્રાક્ષાવાડીને ભેલાડી શકે છે. તે વસ્તુઓની સાથે બીજી કઈ વસ્તુઓ આવી શકે છે તે વિશે સાવધ રહો. થેલીમાં શું છે તે વિશે શું તમે ખરેખર જાણો છો ? કિશોર અવસ્થાના યુવાનો જેઓ ડ્રગ્સ અથવા દારૂ અથવા અશ્લીલ સાહિત્યના બંધાણી થયેલા છે તેઓ સંભવિતપણે વિચારે છે કે અહીં થોડું ધૂમ્રપાન અને ત્યાં થોડો સ્વાદ ચાખવો તેમાં કોઈ જ ખોટું કે સમસ્યારૂપ નથી. તમારા જીવનમાં તમે કઈ વસ્તુઓને આવકાર

આપો છે તે વિશે સાવધ રહો. "વિનાશ કરનાર દૂત" ત્યાં છે અને જે કોઈ મળે તેને ગળી જવાને તે શોધતો ફરે છે. એક સમયે મને સ્વપ્ન આવ્યું હતું કે હું જે સ્ત્રીને ઓળખતો હતો તેને ગળી જવા માટે એક સાપ બખોલમાંથી નીકળ્યો હતો. જ્યારે સ્ત્રી તરફ તે સાપ સરકી રહ્યો હતો ત્યારે અચાનક મરણ પામ્યો હોય તે રીતે આગળ વધતા તે થોભી ગયો હતો અને પછી પોતાની બખોલમાં પાછો સરકી ગયો હતો. મેં તે સ્ત્રી સામે જોયું હતું અને મેં તેની ખૂબ જ નજદીક એક સિંહને ઊભેલો જોયો હતો. ઈસુને "યહૂદિયા કુળના સિંહ" તરીકે ઓળખવામાં આવે છે. શેતાનને "સર્પ" તરીકે ઓળખવામાં આવે છે. યુવાનો, ઈસુ તમારી પાસે ખૂબ નજદીક છે તેની તમે ખાતરી કરો. શેતાન અને પાપથી દૂર નાસી જાઓ અને ઈસુને "તમારા જીવનનું અજવાળું" બનાવો. અને ત્યારે જ તમે પોતાની પેઢી માટે ઈશ્વરના હેતુને પરિપૂર્ણ કરી શકશો. અન્ય યુવાનો માટે તમે ઉદાહરણરૂપ બની શકો છો કે ઈસુ તેઓના જીવનનું "અજવાળું" કેવી રીતે થઈ શકે છે.

## પ્રકરણ નવ

## ચાર રસ્તા ઉપર ઊભેલો પરદેશી

આપણે લોકો સમક્ષ ખ્રિસ્તની રજૂઆત કરીએ છીએ ત્યારે તેઓ ઉપર કેવી અસર ઊભી કરીએ છીએ તે વિશે આપણે સ્વર્ગમાં પહોંચીશું ત્યાં સુધી કદી જ જાણી શકીશું નહિ. જે માણસે મને કહ્યું હતું, "ઈસુ મારા જીવનનું અજવાળું બની શકે છે" તે શબ્દો દ્વારા મારા ઉપર કેવી અસર થશે તેવો તેણે કદી જ વિચાર કર્યો નહોતો. મારા વિસ્તારના પાળકે સેન્ટ લૂઈસ ફેમીલી ચર્ચના પાળક જેફ પેરી કેવી રીતે પ્રભુની ઓળખ પામ્યા હતા તે વિશે જણાવ્યું હતું. કોઈક માણસે રસ્તામાં તેમની મુલાકાત કરી હતી અને તેમની સમક્ષ ઈસુની વાત કરી હતી. તે પછી તેમની પાસેથી તે માણસ ચાલ્યો ગયો હતો. પરંતુ આ માણસે જે કાંઈ કહ્યું હતું તે જેફના જીવનને એટલું બધું સ્પર્શી ગયું હતું કે તેમણે પોતાના ઘૂંટણો નમાવ્યા હતા અને તે સમયથી જ તેમણે પોતાનું સમગ્ર જીવન પ્રભુને સમર્પણ કર્યું હતું. અમારી મંડળીનો એક ભાઈ, હજુપણ પાપમાં જીવન જીવતો હતો ત્યારે તેને થોડી ક્ષણો માટે પાળક પેરીની મુલાકાત થઈ હતી. આ એક મુલાકાત પછી તેણે મને કહ્યું કે તેને જેફના જીવનના પ્રકાશ દ્વારા પાપની એવી સચોટ ખાતરી થઈ હતી કે તેણે સહેજપણ

સમયનો બગાડ કર્યા વિના પોતાનું જીવન પ્રભુના હાથમાં સોંપી દીધું હતું. મારા મિત્રએ કહ્યું હતું કે જ્યારે તે જેફની આંખોમાં જુએ છે ત્યારે તે ઈસુના પ્રેમને નિહાળી શકે છે અને તેની સાથે ખ્રિસ્તની રજૂઆત કરી હતી તે માણસને સહેજપણ ખ્યાલ નહોતો કે તેણે તે દિવસે કેવું અજાયબ કાર્ય કર્યું હતું.

હવે પછી હું જે સ્વપ્નની રજૂઆત કરવાની ઈચ્છા રાખું છું તે આ વિષય સાથે જ સંબંધિત છે. આ એક સૌથી અદ્‌ભુત અને આશ્ચર્યજનક સ્વપ્ન હતું જે મને અગાઉ કદી જ આવ્યું નહોતું. આપણે વસવાટ કરીએ છીએ તેવા મૂંઝવણ ભરેલા જગતમાંથી આપણ સર્વને આરામની જરૂર છે તેવું રહસ્ય તેમાં સમાયેલું છે તે હું જાણું છું.

## કયા રસ્તાની પસંદગી કરવી

મારા સ્વપ્નમાં હું એક નાના ગામડાંના રસ્તા ઉપર હતો અને દૂર આવેલી શેરીના પ્રકાશને નિહાળી શકતો હતો. અહીં પ્રગાઢ શાંતિ પથરાયેલી હતી અને ચમકતા તારાઓને તથા ચંદ્રને તેનો પ્રકાશ આપતો હું જોઈ શકતો હતો. હું કઈ જગાએ આવી પહોંચ્યો હતો તે જાણવાની આશા સાથે હું પ્રકાશ પાસે આવી પહોંચ્યો હતો ત્યારે તે ચાર રસ્તા હતા એટલે મારી જમણી બાજુ અને મારી ડાબી બાજુ બે નાના રસ્તાઓ હતા.

ઈશ્વરને મેં ઘણા વર્ષોથી મારા જીવનમાં દોરવણી આપવા માટે વિનંતી કરી હતી. ઈશ્વર મને ખરેખર દોરવણી આપી રહ્યા હતા કે નહિ તે વિશે મને ખાતરી નહોતી, પરંતુ ''રેતીમાં પગલાંના નિશાન'' કાવ્યની જેમ જ ઈશ્વર હંમેશા મારું ધ્યાન આપતા હતા અને મારે સૌથી વધુ જરૂર હતી તેવા ખૂબ જ મુશ્કેલીના સમયોમાં તે મને ઊંચકી પણ રાખતા હતા.

ખેર! મારા જીવનના બીજા એક ચાર રસ્તા ઉપર હું આવી પહોંચ્યો હતો. મારે ડાબી તરફ કે જમણી તરફ આગળ વધવું જોઈએ? મારે પાછા જવું જોઈએ કે આગળ વધવું જોઈએ? હું મૂંઝવણમાં હતો. મારે કઈ દિશામાં આગળ વધવું જોઈએ તે પસંદગી સંબંધી મારા મનમાં પ્રશ્નો હતા ત્યારે દૂરથી રસ્તા પર એક વ્યક્તિ મારા તરફ આવી રહી હતી તે મેં જોયું હતું. તે વ્યક્તિ કોણ હશે તેનો મને સહેજ પણ ખ્યાલ નહોતો. પ્રભુ કોઈક વ્યક્તિને મારી પાસે લાવી રહ્યા છે અને હું તેની સમક્ષ સાક્ષી આપું તેવી તેમની ઇચ્છા છે તેવો જ પ્રથમ વિચાર

મને આવ્યો હતો. તેથી સ્વપ્નમાં મેં પ્રભુ સાથે વાતચીત કરવાની શરૂઆત કરી હતી અને સાક્ષી આપવા માટે તેમણે અયોગ્ય વ્યક્તિની પસંદગી કરી હતી તેવું મેં પ્રભુને જણાવ્યું હતું. તે સમયે હું મૂંઝવણમાં હતો અને ખૂબ નિરાશ થયેલો હતો. અને આવા સમયે હું સારી રીતે સાક્ષી આપી શકીશ નહિ તેવી લાગણી હું અનુભવતો હતો. તેથી મેં પોતાનું માથું નીચું રાખીને કેવળ આ વ્યક્તિ પાસેથી પસાર થવાની ઈચ્છા રાખી હતી. ઈસુ સંબંધી વાત કરવા ઈશ્વર મારી પાસે બીજી કોઈક વ્યક્તિ મોકલી આપશે તેવી મેં આશા રાખી હતી. તે વ્યક્તિ મારી નજદીક આવી પહોંચી ત્યારે મેં અનુભવ્યું કે અચાનક મારામાંથી ભયની લાગણી દૂર થઈ હતી અને મને સંપૂર્ણ પ્રગાઢ શાંતિ પ્રાપ્ત થઈ હતી. પછી તે વ્યક્તિ મારી ખૂબ જ નજદીક આવી પહોંચી હતી અને હું તેની પાસેથી લગભગ પસાર થઈ રહ્યો હતો ત્યારે તે ત્યાં જ ઊભી રહી હતી. હજુપણ મેં પોતાનું માથું નીચે તરફ જ રાખ્યું હતું પરંતુ મેં તેના તરફ દૃષ્ટિ કરી હતી ત્યારે મારા ધ્યાનમાં આવ્યું કે તેણે પોતાના પગમાં સેન્ડલ પહેર્યાં હતાં અને સફેદ ઝભ્ભામાં તે સજ્જ થયેલો હતો. હવે આ પરદેશી વ્યક્તિ ખરેખર કોણ હતી તે વિશે આ ક્ષણે મારા મનમાં વિચાર આવવાની શરૂઆત થઈ હતી. જ્યારે હું તેમની બાજુમાં ઊભો હતો ત્યારે મેં અજાયબ જેવા સામર્થ્યનો તથા તેમની હાજરીનો અનુભવ કર્યો હતો. તેમણે એકપણ શબ્દ ઉચ્ચાર્યો નહોતો, તેમણે ફક્ત સ્મિત કર્યું હતું. તે પછી તે જે રસ્તેથી આવ્યા હતા તે તરફ પાછા જઈ રહ્યા હોય તે રીતે ચાલવાની શરૂઆત કરી હતી. આને હું અનુસરણ કરું તેવી તેમની ઈચ્છા હતી. જ્યારે હું ઊંઘમાંથી જાગી ઊઠ્યો ત્યારે હજુપણ હું ઈશ્વરની હાજરીનો અનુભવ કરી રહ્યો હતો. હું પોતાની પથારીમાં બેઠો હતો ત્યારે તેમની પવિત્ર હાજરી મારી આસપાસ હતી અને મને તેમની ગોદમાં લેવામાં આવ્યો હતો તેવી લાગણી હજુપણ હું અનુભવતો હતો. તે સમયે કેવી અજાયબ શાંતિ હતી! માનવી શબ્દો તેનું વર્ણન કદી જ કરી શક્તા નથી. જાણે કે એક ક્ષણ માટે હું પોતાની સર્વ સમસ્યાઓને વીસરી ગયો હતો અને તે મારું સર્વસ્વ છે. મારું સઘળું તે પોતે જ છે તેવું મેં અનુભવ્યું હતું. આત્માની હાજરી મારા ઉપર એટલી બધી પ્રબળ હતી કે તેમણે મને પ્રેમ કરીને પોતાનું પ્રકટીકરણ મારી સમક્ષ કર્યું હતું તે માટે કેવળ મેં તેમની સ્તુતિ અને આભાર માનવાનું શરૂ કર્યું હતું. હું જીવીશ ત્યાં સુધી તે સ્વપ્નને હું કદી જ વીસરી શકીશ નહિ. હું જાણું છું કે તે બીજું કોઈ નહિ પણ પ્રભુ પોતે હતા. મારા જેવા વિસાત વિનાના વ્યક્તિ સમક્ષ શા માટે ઈસુએ પોતાને પ્રગટ કર્યા હતા,

તે હકીકત આપણા પ્રભુના પ્રેમને દર્શાવે છે. આપણામાંની કોઈપણ વ્યક્તિ માટે ઈશ્વર જે કાર્ય કરે છે તે સર્વ તેમણે શા માટે કરવા જોઈએ? આપણા બાળકો માટે આપણે જે કાર્યો કરીએ છીએ તેના જેવા જ એક સરખા કારણો તેમાં જોવા મળે છે. ઈશ્વર આપણા માટે કાર્ય કરે છે કારણ કે આપણને પ્રેમ કરે છે, અને આપણે તેમની સાથે અનંતકાળ વ્યતિત કરીએ તેવી તેમની ઈચ્છા છે. તેમને આપણી પણ જરૂર છે તેમ કહેવાની હું હિમ્મત કરું છું. તેમને કુટુંબની રચના કરવાની ઈચ્છા હતી અને તેમણે આપણને મેળવી લીધા હતા. કેટલીક વખત આપણે ખૂબ અવ્યવસ્થિત છીએ તોપણ આપણે તેમના રક્ત દ્વારા ખરીદાયેલા અને કેવળ તેમની કૃપા દ્વારા ઉદ્ધાર પામેલા તેમના બાળકો છીએ. અને આ હકીકત જ તેમના માટે મહત્વની છે. જગત આ પ્રકારના પ્રેમને નિહાળવાની અપેક્ષા રાખે છે. તેઓને તે પ્રાપ્ય થઈ શકે તે જગા સિવાય સર્વત્ર તેઓ તેની શોધ કરે છે. ઈશ્વર એકલા જ આપણા દુ:ખોમાંથી સાજાપણું આપી શકે છે અને આપણા સ્વપ્નોને સાકાર કરી શકે છે. હું આ લેખન કરી રહ્યો છું ત્યારે મારી આંખોમાં હર્ષના આંસુ ઊભરાઈ આવ્યાં છે.

**પ્રભુ ઈસુનું અનુસરણ :** તેની જ જગતને જરૂર છે. આપણા નિયત કરેલા સિદ્ધાંતો, નિયમો અને માણસોની આજ્ઞાઓ તેઓને સત્યથી વધારે દૂર તરફ દોરી જશે અને માનવીને બધું મૂંઝવણમાં મૂકી દેશે. કેવળ પવિત્ર આત્મા પોતે અને તેમનો અભિષેક આપણા પ્રભુ પાસે આપણને દોરી લાવશે.

"જીવનના ચાર રસ્તા" ઉપર ઊભેલા પરદેશી સંબંધી લી રોય મેક્સી દ્વારા રચિત એક નાના કાવ્યની હું રજૂઆત કરવાની ઈચ્છા રાખું છું.

"હું પાપ અને શરમથી દબાયેલો એક વખત જીવનના
ધોરીમાર્ગ ઉપર મુશ્કેલી સહન કરતો હતો,
ઈશ્વરે પોતાની કૃપામાં મારા દોષનો બોજ સહન કરવા માટે
પોતાના દીકરાને મોકલ્યા હતા, તે હું જાણતો નહોતો,
તે પછી હું ચાર રસ્તા પાસે આવી પહોંચ્યો, કયા
રસ્તે જવું તે હું જાણતો નહોતો,
ત્યારે ધોરીમાર્ગ ઉપર એક પરદેશી એમ કહેતા આવ્યા,

મારું અનુસરણ કર અને પોતાની દયામાં જેમણે નાશ
પામનાર પાપીએ જે ભયંકર કાર્યો હતા તેનાથી તેઓનો
ઉદ્ધાર કરવા માટે પોતાના દીકરાને મોકલી આપ્યા હતા તેવા
પિતાના માયાળુપણા વિશે શીખ.' "મેં કેવી મૃદુતાથી તેને
પ્રત્યુત્તર આપ્યો હતો, 'તું જે કહે છે તે પ્રમાણે જ હું કરી
શકું છું પરંતુ કિંમત ચૂકવી શકાય તે કરતાં મારો બોજ
ખૂબ જ વજનદાર છે અને મારી આશંકાઓ ખૂબ જ વિશાળ છે.'
તે પછી આ માયાળુ અને સુશીલ પરદેશી મારા તરફ
ફર્યો હતો અને કોમળતાપૂર્વક કહ્યું હતું,
'મેં કિંમત ચૂકવી છે! હવે તારે કોઈ જ કરજ ચૂકવવાનું બાકી નથી.'
તે પછી મારી ચિંતા અને બોજ દૂર ખસેડાઈ ગયા હતા
અને અંતે મારી શોધનો અંત આવ્યો હતો. કારણ કે આખરે
મારા માટે વિજય મેળવવામાં આવ્યો હતો.
કારણ કે ચાર રસ્તા ઉપર ઊભેલો પરદેશી ઈસુ રાજા, ઈશ્વરના
પોતાના દીકરા હતા."

## તેમની પાસેથી પસાર થઈ જવું

દરરોજના જીવનમાં આપણે અનેક અજાણ્યા વ્યક્તિઓ પાસેથી પસાર થઈએ છીએ. તેઓમાંના ઘણાંને આપણે તે પછી કદી જ જોઈ શકીશું નહિ. આપણા માર્ગમાંથી પસાર થનાર દરેક વ્યક્તિ સાથે સંબંધ રાખવો તે આપણા માટે શક્ય નથી. તેમ છતાં આપણે અન્ય કોઈક વ્યક્તિના જીવનમાં સામેલ થઈ શકીએ અને આપણા અદ્ભુત તારનારની તેઓને ઓળખ કરાવી શકીએ તેવા અનેક પ્રસંગો આપણને પ્રાપ્ત થઈ શકે છે તેમ છતાં આપણે તેમ કરવાનું પસંદ કરતા નથી. આપણે તેમ કરવાને અસમર્થ છીએ અથવા આપણી પાસે સમયનો અભાવ છે તેવી લાગણી આપણે અનુભવી શકીએ છીએ. તેનું કારણ ગમે તે હોય, પણ આપણે

જાણીએ છીએ તે કરતાં અનેક ઘણું આપણે ગુમાવી બેસીએ છીએ. આ રીતે શું આપણે ખ્રિસ્ત પાસેથી પણ પસાર થઈએ છીએ? તેમણે મારી સાથે સ્વપ્નમાં ખૂબ જ માયાળુપૂર્વકનો વ્યવહાર કર્યો હતો. હું તેમની સેવા કરવાની ઇચ્છા રાખતો હતો તે મારા હૃદયના વિચારને ઈશ્વર જાણતા હતા. પરંતુ મારી પરિસ્થિતિમાં તે મારો ઉપયોગ કરી શકતા નહોતા તેવી લાગણી હું અનુભવતો હતો. આપણા પ્રભુ માટે જેઓ સાક્ષી આપવાની ઇચ્છા રાખે છે તે દરેકને હું ફક્ત એટલું જ કહેવાની ઇચ્છા રાખું છે કે રસ્તા ઉપરથી પસાર થતા દરેક પરદેશી સાથે આપણે વાતચીત કરી શક્તા નથી તે વિશે ઈશ્વર જાણે છે. તેમ છતાં પિતા આપણી આસપાસ શું કરી રહ્યા છે તે આપણે નિહાળીએ અને આપણા અભ્યંતરનો ઝીણો સાદ જે એમ કહે છે, "તમે વિનામૂલ્યે પામ્યા છો, હવે તમે વિનામૂલ્યે આપો" તેને ધ્યાનપૂર્વક સાંભળીએ તેવી તે ઇચ્છા રાખે છે.

માથ્થી ૨૫:૩૫-૪૬માં ઈસુના શબ્દોનું વાચન કરો :

"કેમ કે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખવડાવ્યું;

હું તરસ્યો હતો, ત્યારે તમે મને (પાણી) પાયું,

હું પારકો હતો, ત્યારે તમે મને પરોણો રાખ્યો,

હું નગ્ન હતો, ત્યારે તમે મને વસ્ત્ર પહેરાવ્યા,

હું માંદો હતો ત્યારે તમે મને જોવા આવ્યા,

હું કેદમાં હતો, ત્યારે તમે મારી ખબર લીધી.

ત્યારે ન્યાયીઓ તેને ઉત્તર દેશે કે, પ્રભુ ક્યારે અમે તને ભૂખ્યો

દેખીને ખવડાવ્યું, અથવા તરસ્યો દેખીને (પાણી) પાયું, અથવા નગ્ન

દેખીને વસ્ત્ર પહેરાવ્યાં ? અને ક્યારે અમે તને માંદો અથવા

કેદમાં જોઈને તારી ખબર લીધી ? ત્યારે રાજા તેઓને ઉત્તર દેશે,

હું તમને ખચીત કહું છું કે, આ મારા ભાઈઓમાંના બહુ

નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું. પછી

ડાબી તરફનાઓને પણ તે કહેશે કે, ઓ શાપિતો, જે

સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને માટે તૈયાર

કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ.

કેમ કે હું ભૂખ્યો હતો, પણ તમે મને ખવડાવ્યું નહિ,

હું તરસ્યો હતો, પણ તમે મને (પાણી) પાયું નહિ,

હું પારકો હતો, પણ તમે મને પરોણો રાખ્યો નહિ,

નગ્ન હતો, પણ તમે મને વસ્ત્ર પહેરાવ્યાં નહિ,

માંદો તથા કેદમાં હતો, પણ તમે મારી ખબર લીધી નહિ.

ત્યારે તેઓ પણ તેને ઉત્તર દેશે કે, પ્રભુ ક્યારે અમે તને ભૂખ્યો કે,

તરસ્યો કે, પારકો કે, નગ્ન કે, માંદો કે, કેદમાં દેખીને તારી

સેવા નહિ કરી? ત્યારે તે તેઓને ઉત્તર દેશે, હું તમને

ખચીત કહું છું કે, આ બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું

નહિ, એટલે તે મને કર્યું નહિ અને તેઓ સાર્વકાલિક

શાસનમાં જશે, પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં (જશે)."

## તેમની મહિમાવંત હાજરીનો અનુભવ કરવો

ઘણાં વર્ષો અગાઉ મારા મિત્ર હેરોલ્ડ મેક્સીએ મને જણાવ્યું હતું કે, કેટલાક સમયથી મેં ઈશ્વરની હાજરીનો અનુભવ જ કર્યો નથી. તેણે મને આ પ્રમાણે કહ્યું હતું ત્યારે મેં તેની મશ્કરી કરી હતી અને તેને કહ્યું હતું, "ઈશ્વરનો અનુભવ કેવો હોય છે તે વિશે તેં કેવી રીતે જાણ્યું હતું?" આ પુસ્તકનું વાચન કરનાર દરેક વ્યક્તિને હું કહેવાની ઇચ્છા રાખું છું કે જે મારો મિત્ર જે વિશે વાત કરી રહ્યો હતો તે વિશે હવે હું જાણું છું. એક સમયે હું પવિત્ર આત્મા સંબંધી "અંધ" અને "બહેરો" હતો. ઈશ્વરના આત્માનું તમારા ઉપર આવવું અને તેમની હાજરીથી તમારો અભિષેક મેળવવો તે અનુભવ તમે જીવનમાં કદી જ કર્યો નથી તેવો એક સૌથી ઉત્તમ અનુભવ છે. જો તમે કદી જ ઈશ્વરના સ્પર્શનો અનુભવ કર્યો નથી અથવા તેમની હાજરીનો અનુભવ કર્યો નથી તો તમે આ અનુભવ મેળવવા તેમની શોધ કરો તે માટે હું તમને ઉત્તેજન આપું છું. તે સમયે હું આ બાબતો સમજી શક્તો નહોતો. પરંતુ હમણાં તે વિશે સ્પષ્ટ જાણું છું. ચાર રસ્તા ઉપર ખ્રિસ્ત સાથેની મુલાકાતે મારામાં જબરદસ્ત પરિવર્તન કર્યું હતું. તે દ્વારા ઈશ્વર મારા ઉપર પ્રેમ

કરતા હતા અને મારા જીવન તરફ દૃષ્ટિ કરતા હતા તેટલું જ મને શીખવા મળ્યું નહોતું. પરંતુ હું તેમની મહિમાવંત હાજરીનો અનુભવ કરવાને શક્તિમાન બન્યો હતો. આ અનુભવનું વર્ણન કરવા માટે માનવી શબ્દો ઘણા જ મર્યાદિત છે. પરંતુ પ્રભુના સ્પર્શનો જેઓએ સાચે જ અનુભવ કર્યો છે તેઓ જાણે છે કે ખરેખર તેમના અભિષેકનો અનુભવ કેવો અદ્‌ભુત હોય છે. આ પ્રેમમાં તમે પણ બાપ્તિસ્મા પામી શકો માટે પ્રભુને પ્રાર્થના કરો. ઈશ્વર તમારી સમક્ષ વધારે વિપુલ પ્રમાણમાં પોતાનું પ્રકટીકરણ કરે તેવી તેમને વિનંતી કરો. તેમણે તમારા માટે જે રાખી મૂક્યું છે તે સર્વ કાંઈ મેળવવા માટે તમે તેમને વિનંતી કરો. મારા માટે તેમની પાસે જે કાંઈ છે તે સર્વ મેળવવાની હું ઇચ્છા રાખું છું. તે ઉપરાંત હિબ્રૂ ૧૩:૧,૨ના વચન પ્રત્યે પણ ધ્યાન આપો :

"પરસ્પર બંધુભાવમાં રહેવાનું ચાલુ રાખો.

અજાણી વ્યક્તિઓને પણ ભાવપૂર્વક આવકાર આપો,

કેમ કે એવું કરવાથી કેટલાએકે મહેમાન સમજીને દૂતોની પણ

સરભરા કરી છે."

(પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

તમે વાતચીત કરો છો તે વ્યક્તિ કોણ છે, તેનો પરિચય તમે હંમેશા મેળવી શકતા નથી. વ્યક્તિ કોણ છે તેની ઈશ્વર કદી જ પરવા કરતા નથી અને આપણે પણ પરવા કરવી જોઈએ નહિ. આપણા માર્ગમાં આપણી મુલાકાત પ્રભુ સાથે અથવા દૂત સાથે અથવા આપણા પાડોશીઓ સાથે થાય તોપણ આપણે એક સરખા પ્રેમ અને દયાથી તેઓ સાથે વ્યવહાર કરવો જોઈએ. આપણી સાથે ઈસુ પણ આ પ્રકારનો વ્યવહાર કરે છે તેથી આપણે પણ એ જ પ્રેમથી અન્ય લોકોની સાથે વ્યવહાર કરવો જોઈએ. મને જેમણે કહ્યું, "ભારથી દબાયેલાઓ તમે સર્વ મારી પાસે આવો અને હું તમને આરામ આપીશ." તેમને હવે હું ઓળખું છું તેમણે મને જીવનના ચાર રસ્તાઓમાંથી કયા રસ્તે જવું તે દર્શાવ્યું હતું અને આ જીવનમાં આવનારી કોઈપણ બાબતોમાં હવે હું તેમનું અનુસરણ કરવાને શક્તિમાન બન્યો છું. તેમણે મને કહ્યું હતું તેમ હવે પોતાના જીવનના ચાર રસ્તાઓ ઉપર ઊભેલી દરેક વ્યક્તિને તે કહે છે, "મારું અનુસરણ કરો."

# પ્રકરણ દસ

## ધર્મસેવા માટે તૈયારી કરવી

જ્યાં સુધી આપણી સંપૂર્ણ તપાસ કરવામાં તથા કસોટી કરવામાં આવે નહિ ત્યાં સુધી આપણે પૂર્ણસમયી ધર્મસેવા માટે જઈએ તેવી હંમેશા ઈશ્વરની ઇચ્છા નથી. આપણા ખ્રિસ્તી જીવનના પ્રારંભિક સમય દરમિયાન જો આપણે પૂર્ણસમયી ધર્મસેવામાં જોડાઈએ તો આપણું ઘર વધારે મજબૂત નથી અને તે જમીનદોસ્ત પણ થઈ શકે છે તેવો અનુભવ આપણે કરીશું. શેતાન આપણી નબળાઈઓથી માહિતગાર છે અને ઈશ્વર બાંધકામ કરવાનો પ્રયત્ન કરે છે તે જોઈને શેતાન ચોરી કરવાની, મારી નાખવાની તથા વિનાશ કરવાની તક શોધતો ફરે છે. શેતાન આપણને ઈશ્વરની સમક્ષતામાંથી દૂર લઈ જવાનો પ્રયત્ન કરે છે, કેમ કે તે જાણે છે કે આપણો પાયો હજુ પણ ''ખડક'' ઉપર નહિ પણ રેતી ઉપર બાંધવામાં આવ્યો છે.

માથ્થી ૭:૨૭માં બંને ઘરો ઉપર તોફાનના સપાટા લાગ્યા હતા. આપણા એક માત્ર આધારસ્તંભ સમાન ખ્રિસ્ત ઉપર જો આપણે દ્દઢતાપૂર્વક પાયો નાખ્યો છે તો આપણા ઘરનો વિનાશ થશે નહિ. ઈશ્વર આપણો આધારસ્તંભ મજબૂત છે તેની ખાતરી કરે નહિ ત્યાં સુધી કેટલીક વખત શેતાન નહિ પરંતુ પ્રભુ પોતે બાંધકામને અટકાવે છે. ઘણા વર્ષો સુધી આપણે નબળા આધારસ્તંભ ઉપર બાંધકામ કરીએ અને ત્યાર પછી આપણું મકાન પવન અને વરસાદના વાવાઝોડાનો સામનો કરવા શક્તિમાન નથી એવું આપણે અનુભવીએ ત્યારે તે આપણા માટે વધુ મોટી પાયમાલીરૂપ બનશે. જ્યારે ઈશ્વર આપણને રેતી ઉપર બાંધકામ કરતા જુએ છે ત્યારે આપણે બાંધકામ કરીએ તેવી તેમની ઇચ્છા છે તે જગાએ તે પ્રથમ આપણું સ્થળાંતર કરે છે. જો આપણે મહત્વકાંક્ષા અથવા અભિમાન અથવા દેહના બીજા કોઈપણ કાર્યોથી પ્રોત્સાહિત થઈએ છીએ તેવું ઈશ્વર જુએ છે તો આપણે તેમના હેતુની શોધ કરીએ નહિ ત્યાં સુધી તે આપણા હેતુઓને સતત નિષ્ફળ કરતા રહેશે. એક સમયે આપણે યોગ્ય સ્થળે બાંધકામ કરવાની શરૂઆત કરીએ અને આપણા ઇરાદાઓ શુદ્ધ છે ત્યાર પછી ઈશ્વર મજબૂત આધારસ્તંભ તૈયાર કરવામાં આપણી સહાય કરશે. જીવનની મુશ્કેલીઓ સહન કરી શકે તેની ખાતરી સાથે ઘરનું અંતિમ બાંધકામ પૂરું કરવામાં પણ તે આપણી મદદ કરશે. બાંધકામ કરવામાં હંમેશા ''કિંમત'' સમાયેલી છે. ઈસુએ કહ્યું હતું કે આપણે હંમેશા પ્રથમ બેસીને સમગ્ર કાર્યની સંપૂર્ણ વિગતોનો

વિચાર કરવો જોઈએ અને ત્યાર પછી જ તેમના હેતુઓ સાથે આપણા હેતુઓને સુસંગત રાખીને જ આપણે કાર્યની શરૂઆત કરીએ છીએ.

## તમારા પ્રથમ ઘર (મકાન)ની ખરીદી

જ્યારે મારી પત્ની અને હું, ધર્મસેવા માટે પોતાને તૈયાર કરી રહ્યાં હતાં ત્યારે પ્રભુએ મને એક સ્વપ્ન આપ્યું હતું તે આ સત્યને ખૂબ જ સ્પષ્ટ રીતે સમજાવે છે. સ્વપ્ન દરમિયાન અમે બંને એક મકાન ખરીદવાની પ્રક્રિયામાં હતા. મકાનનો જૂનો માલિક ખ્રિસ્તી સંગીત કુટુંબનો એક જાણીતો વ્યક્તિ હતો. મકાનનું સ્થળ વ્યસ્ત શેરીના ખૂણા ઉપર આવેલું હતું. તેની પાછળના ભાગમાં કોલેજ હતી અને બીજી બાજુએ વેપાર-ધંધા હતા. મકાનનો અંદરનો સમગ્ર ભાગ લાકડાથી મઢેલો સુંદર લાગતો હતો. તેઓનું ફર્નીચર ઘરના વપરાશ માટે બનાવેલું હતું અને તેના દરેક માલિકે પોતાના વિચારોથી તેમાં વધારો કર્યો હતો અને આ મકાનને ઘર તરીકે બનાવવા માટે સુશોભિત કર્યું હતું તેવું જોવા મળતું હતું.

મારી પત્નીને આ સ્થળ ખૂબ પસંદ હતું અને મૂળભૂત રીતે એમ અનુમાન કરવામાં આવતું હતું કે અમે તે મકાન ખરીદનારા હતા. અને અમે મકાનની કિંમતના નાણાંની આપલે કરીને ખરીદવાનું કામ સંપૂર્ણ કરવાની કેવળ પ્રતિક્ષા કરી રહ્યા હતા. મકાનની અંદર હું આમતેમ ફરી રહ્યો હતો ત્યારે મને વિચાર આવ્યો કે અમારા નવા મકાનમાં અમને જોઈને મારા મિત્ર કેવા પ્રભાવિત થશે. મકાનની કિંમત ભરપાઈ કર્યા પછી મ્યુઝિક ગ્રુપનું તમામ ફર્નીચર ખરીદી લેવાનો પણ મને વિચાર આવ્યો હતો. તમે જોઈ શકો છો કે ઈશ્વરને મહિમા આપવાને બદલે અભિમાન ઉપર મારા ઈરાદાઓ વધુ આધારિત હતા.

સ્વપ્નના બીજા ચિત્રમાં મેં સેલ્સ ઓફિસમાં પોતાને જોયો હતો અને મકાન ખરીદવા સંબંધી સેલ્સ એજન્ટ સાથે વાતચીત કરવાની પ્રતીક્ષા કરી રહ્યો હતો. મકાન ખરીદવામાં સર્વ બાબતો કેવી સરળતાપૂર્વક થઈ હતી તેવું જણાવવા સ્યૂ ત્યાં આવી હતી. ત્યારે થોડી ક્ષણો માટે મને વિચાર આવ્યો હતો અને આ મકાન અમારા માટે હતું તે વિશે ઈશ્વરની ઈચ્છા જાણવાની મારે વધારે કાળજી રાખવાની જરૂર હતી તેવી લાગણી મેં અનુભવી હતી. મેં ઈશ્વરની દોરવણી માટે ટૂંકી પ્રાર્થના કરી હતી. તે પછી અચાનક મેં મકાનના નીચેના માળ તરફ નિહાળતો પોતાને જોયો હતો. તેનું કામ સંપૂર્ણપણે અધૂરું હતું અને તે જગાએ જવા માટે ખરેખર કૂદકો

મારવો પડતો હતો. કારણ કે મકાનના તે ભાગમાં કોઈપણ દાદરની વ્યવસ્થા નહોતી. મેં આ બાબતનો તાર્કિક રીતે ખુલાસો આપવાનો પ્રયત્ન કર્યો હતો કે અગાઉના મકાન માલિક તેમ કરવાને તૈયાર હતા. તેથી મને તે પ્રમાણે કરવામાં ચોક્કસ કોઈ જ તકલીફ પડવી જોઈએ નહિ. વળી આ સિવાય મકાન ઘણું જ ભવ્ય દેખાતું હતું.

થોડા સમય પછી જ મેં મકાનની છતને નિહાળતો પોતાને જોયો હતો. આ અગાઉ મકાનનું છત મેં કદી જ જોયું નહોતું અને મારા ધ્યાનમાં આવ્યું કે તેનું કામ પણ અધૂરું હતું. હકીકતમાં મકાનનું બાંધકામ કરવામાં આવ્યું તે અસલ છત જેવું જ તે દેખાતું હતું અને કોઈક વ્યક્તિએ ઇંટો એક હાર કે કતારમાં મૂકીને તેને વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો હતો અને તેનાથી છતને ઢાંકવામાં આવ્યું હતું. મને વિચાર આવ્યો કે છત તરફ દૃષ્ટિ કરનાર લોકોની સંખ્યા ઘણી જ નહિવત હશે અને મેં અનુમાન કર્યું કે છતમાંથી પાણી ટપકતું નથી કારણ કે અગાઉના માલિકે તે વિશે કદી જ ઉલ્લેખ કર્યો નહોતો.

## ઢાંકપિછોડો કરવો

તે પછી મેં મકાનના નીચેના માળ તરફ જતા દાદરના કેટલાક પગથિયાં નિહાળતો પોતાને જોયો હતો. તેઓ દેખાવમાં ખૂબ સલામત હતા તેવો મને વિચાર આવ્યો હતો પરંતુ મને તેઓનો રંગ પસંદ પડ્યો નહોતો. હું નીચે જઈ પહોંચ્યો હતો અને મેં તે રંગના થોડા આવરણને ખોતરી કાઢ્યું હતું. મેં આશ્ચર્ય સાથે જોયું તો દાદરના પગથિયાની બાજુઓ ખુલ્લી હતી અને ચાર સ્તરમાં મૂકેલી ઇંટો ઉપર પ્લાસ્ટિક હતું. તેઓ હજુ પણ તેના આવરણમાં લપેટેલી હતી. અને બીજા અને ચોથા સ્તરો ઉપર હજુ પણ તેઓની કિંમતની ચબરખી જોવા મળતી હતી. તેઓની કિંમત પણ ખૂબ જ સસ્તી હતી. મેં નજદીક જઈને કાળજીપૂર્વક જોયું ન હોત તો હું આ કદી જ જોઈ શક્યો નહોત. હું બાંધકામનો જાણકાર વ્યક્તિ નથી. તેમ છતાં મેં અનુભવ્યું કે આ ખૂબ જ હલકી જાતનું કાર્ય હતું. ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન હતો?

હું અગાઉના માલિકોનો દોષ કાઢતો નહોતો. તેઓ આ બાબતો વિશે માહિતગાર ન હોય તેવું શક્ય હતું. મારી આંખોથી હું નિરીક્ષણ કરી શકું તે કરતાં આ મકાનમાં વધારે ઢાંકપિછોડો કરવામાં આવ્યો હતો એટલું જ હું ચોક્કસ જાણતો હતો. અને મારે આ મકાન ખરીદવાની જરૂર નહોતી. અથવા જો હું તે ખરીદવાનો નિર્ણય કરું

તો તે દ્વારા મને ઘણી જ મુશ્કેલીઓ વેઠવી પડશે તેવું ઈશ્વર મને દર્શાવવાનો પ્રયત્ન કરતા હતા. તેની સમજણ મારે મેળવવાની જરૂર હતી તે વિશે વિચાર કરો. જો તેના દાદરના પગથિયાનું બાંધકામ નબળું હતું અને છતનું કાર્ય અધૂરું હતું તો પછી તેના આધારસ્તંભ સંબંધી શું વિચારી શકાય? તેના આધારસ્તંભનું બાંધકામ ખડક ઉપર કે રેતી ઉપર કરવામાં આવ્યું હતું? મારી પત્ની અને હું ધર્મસેવા માટે હજુ પણ તૈયાર થયા નહોતા. મારા આધારસ્તંભ ખ્રિસ્તમાં મજબૂત હતા તે વિશે મારે ખાતરી કરવાની આવશ્યક્તા હતી. હું એક સ્તર પરથી બીજા ઉપર દ્રઢતાપૂર્વક જોઈ શકું છું અને દરેક પગથિયું મને ધરી રાખશે તેની મારે ખાતરી કરવાની જરૂર હતી. જ્યારે વરસાદ અને પવન આવશે ત્યારે મારું છત ટકી રહેશે અને મારું ઘર ભીનાશવાળું બનશે નહિ તેની મારે ખાતરી કરવાની અગત્ય હતી. જો ઈશ્વર મને સ્થળાંતર કરવાનું કહેશે અને તે મારા નવા વસવાટને મંજૂર કરશે ત્યાર પછી જ હું સ્થળાંતર કરીશ, નહિ તો ત્યાં સુધી હું મારા ઘરમાં જ થોડા સમય સુધી વસવાટ કરવાનો છું.

## વધારાનો સરસામાન

ઈશ્વરે મારા માટે જે જગા તૈયાર કરી હતી તે તેમણે સ્વપ્નમાં મને એક વખત દર્શાવી હતી. કેટલીએક ચોક્કસ બેઠકો મારા માટે હતી તેવું તેમણે મને જણાવ્યું હતું. પરંતુ એક દિવસ હું તે બેઠકો મેળવી શકું તે માટે પોતાને તેયાર કરી શકું તેની તેઓ પ્રતીક્ષા કરી રહ્યા હતા. ઈશ્વરના રાજ્યમાં કેટલીક ચોક્કસ વસ્તુઓ, વિશેષ કરીને ધર્મસેવામાં, તમે પોતાની સાથે લઈ જઈ શકતા નથી. પ્રભુએ મારી પત્ની અને મને આ બાબતો સંબંધી સ્વપ્નો આપ્યાં હતાં. મારા સ્વપ્નમાં હું જોતો હતો કે હું શેરીના રસ્તા ઉપર ચાલતો હતો અને મારી પાસે સર્વ પ્રકારની વસ્તુઓ ભરેલી બે પેટીઓ હતી. મારી દ્રષ્ટિમાં આ વસ્તુઓ ખરાબ દેખાતી નહોતી. તેથી મેં તેઓને પોતાની સાથે લીધી હતી. જ્યારે મેં પેટીઓ ઊંચકી હતી ત્યારે કોઈક જગાએથી આ મીઠા પાણીની રૂપેરી રંગની માછલીઓ જેવા પ્રાણીઓ બેફામ રીતે દડબડ દડબડ દોડી આવ્યા હતા અને મારી પેટીઓ અને મારા ઉપર સમગ્ર રીતે પેટ ઘસડીને સરકવાની શરૂઆત કરી હતી. અને જ્યારે હું પેટીઓને જમીન ઉપર મૂકતો ત્યારે આ પ્રાણીઓ તેને છોડવાનું નામ લેતા નહોતા. જો હું આ પેટીઓ લઈને દોડીશ તો હું તેઓને મારી સાથે ઊંચકી જઈશ તેવો વિચાર મને આવ્યો હતો. તેથી મેં દોડવાની શરૂઆત કરી હતી અને મારી પેટીઓને પણ મેં પકડી રાખી હતી. આ

રમૂજ કરાવે તેવું દશ્ય હતું તેની હું તમને ખાતરી આપીશ. ત્યાં આ પેટીઓ સાથે હું શેરીમાં દોડી રહ્યો હતો. મેં આ પ્રમાણે કર્યું હતું ત્યારે ફરીથી કોઈક જગ્યાએથી આ માંકડ આવ્યા હતા. હું જેમ તેજ ગતિએ દોડતો તેમ તેઓ પણ તેજ ગતિથી દોડતા હતા. આપણે કેટલીક ચોક્કસ વસ્તુઓનો ત્યાગ કરીએ માટે ઈશ્વર જે કાંઈ કરે છે તે સર્વ આશ્ચર્ય પમાડનારું હોય છે. આપણે પોતાની ઈચ્છા પ્રમાણે કાર્ય કરીએ છીએ ત્યારે આપણે ઈશ્વરની દૃષ્ટિમાં કેવા દેખાઈએ છીએ તેની વધુ સમજણ મેળવવા યશાયા ત્રીસમાં અધ્યાયનું વાચન કરવાનો પ્રયત્ન કરો. ઈશ્વર પોતાની યોજનાઓનો અમલ કરી શકે તે માટે આપણે પોતાની સર્વ યોજનાઓને પડતી મૂકીએ તેવી અપેક્ષા ઈશ્વર આપણી પાસેથી રાખે છે. તે સર્વને અંતે વેદી ઉપર મૂકવામાં આપણને કેટલો સમય લાગશે? હું જાણું છું કે કેટલીક વખત તેમણે આપણને જોઈને હાસ્ય કરવું જોઈએ. તેમણે આ પ્રમાણે કહેવું જોઈએઃ "તમારી જાડી બુદ્ધિમાં આ વાતો ઠસાવવા મારે શું કરવાની જરૂર છે?" અંતે મારી સમજણમાં આવ્યું કે આ પેટીઓનો મારે ત્યાગ કરવાની આવશ્યક્તા હતી. તે પછી આખરે જ્યારે મેં પેટીઓનો ત્યાગ કર્યો હતો ત્યારે મારી આંખો સમક્ષ જ આ નાના પ્રાણીઓ પેટીની સર્વ વસ્તુઓને ગળી ગયા હતા. જો હું ઈશ્વરની સાથે આગેકૂચ કરવાની ઈચ્છા રાખું તો હું તે પેટીઓને મારી સાથે રાખી શક્તો નથી તેવું ઈશ્વર મને સ્પષ્ટપણે જણાવી રહ્યા હતા.

## પ્રામાણિક્તા (Integrity)

આ પ્રકારનું સ્વપ્ન મારી પત્નીને પણ આવ્યું હતું. જેમાં તે કોપી મશીન ઉપર કેટલાએક કાગળોની નકલ કરી રહી હતી. આ કેટલાએક કાગળોમાં જોઈસ મેયર્સ દ્વારા તૈયાર કરેલા શિક્ષણની શૃંખલા હતી. તેના સ્વપ્નમાં પોતાના મુખ ઉપર વિચિત્ર હાવભાવ સાથે જોઈસ તેની તરફ આવી હતી. મારી પત્નીએ જોઈસના શિક્ષણને સાંભળ્યું હતું તેમાંથી ખરેખર કાંઈક તે શીખવી રહી હતી અને તે શિક્ષણ માટે તેણે જોઈસને ઈજ્જત આપી નહોતી. ઈશ્વરે પ્રામાણિક્તાનો પાઠ શીખવવા માટે અને તેણે માન-ઈજ્જત જેને આપવાની જરૂર હતી તેને તે આપવી જોઈએ, તથા કોઈક વ્યક્તિની અભિષેક પામેલી સામગ્રીની નકલ કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, તે માટે આ સ્વપ્ન તેને આપ્યું હતું. ઈશ્વરે અજોડ રીતે એકલા તમારું સર્જન કર્યું છે. ઈશ્વરે બીજી કોઈ જ વ્યક્તિને તમારા જેવી ઉત્પન્ન કરી નથી. તેથી તમે જેવા છો તેવા જ દેખાવાનો પ્રયત્ન કરો. જો ઈશ્વર અન્ય કોઈક વ્યક્તિને તમારા જેવી બનાવવાની ઈચ્છા રાખે તો પ્રતિકૃતિ રૂપે બીજી વ્યક્તિનું સર્જન કરી શકતા

હતા. જો તે ઈચ્છા રાખે તો તે આપણ સર્વને એક સરખા સર્જન કરી શકતા હતા. પરંતુ તેમણે તે પ્રમાણે કર્યું નહોતું. તે માટે શું તમે તેમનો આભાર માનશો નહિ? આપણે પ્રત્યેક સુંદર હિમકણ (તુષાર) જેવા છીએ. આપણા પ્રત્યેક પાસે આપણા પોતાનાં કૃપાદાનો અને રચના છે. તમે શ્રેષ્ઠ દેખાવ કરવાનો પ્રયત્ન કરો કારણ કે તમારા સિવાય બીજી કોઈપણ વ્યક્તિ તમારા પોતાના જેવો ઉત્તમ દેખાવ કદી જ કરી શકશે નહિ. આ સત્યની સમજણ આપવામાં મને સહાય કરી હતી અને આશીર્વાદ પ્રાપ્ત થયો હતો તેવું વાંચન કોઈક સમયે મેં કર્યું હતું. તેમાં લખેલું હતું: "જો કેવળ પક્ષીઓ ઉત્તમ ગીત ગાઈ શકે તો ઝાડી (લાકડું) ખૂબ જ શાંત રહશે." તમે જોઈ શકો છો, ઈશ્વરે પોતાના શરીરનો અભિષેક કર્યો છે અને આપણ પ્રત્યેક તેમના પોતાના મહિમાના કેવળ નાના પ્રતિબિંબ સાથે પ્રકાશ આપી શકીએ છીએ. તેમની ઈચ્છા છે કે આપણે સર્વ પોતાનું સ્થાન અને હિસ્સો વિશ્વાસુપણે આપીએ. જેથી તે વિવિધ રંગોનું સુંદર કલાઈડસ્કોપ તૈયાર કરી શકે અને તેના ફળ સ્વરૂપે પોતાને તથા અન્યને આશીર્વાદ આપી શકે. તેમણે આપણ પ્રત્યેકને અજોડ રીતે ઉત્પન્ન કર્યાં છે અને આપણે બીજી કોઈક વ્યક્તિ જેવા નહિ પણ આપણે પોતે જેવા છે તેવા જ દેખાવાનો પ્રયત્ન કરીએ તેવી તેમની ઈચ્છા છે.

ધર્મસેવા માટે પોતાને તૈયાર કરી રહ્યા છે તે પ્રત્યેકને હું આટલું જણાવવાની ઈચ્છા રાખું છું કે ઈશ્વરે તમારા માટે જગા તૈયાર કરી છે. તેમને તમારી ધર્મસેવાનું ઘડતર કરવા દો અને અન્ય કોઈક વ્યક્તિના કૃપાદાનો તથા તેડાની નકલ કરવાનો પ્રયત્ન કરશો નહિ. તમારી છતમાંથી પાણી ટપકે નહિ તેની કાળજી રાખો અને તે ઘરની ખરીદી કરો તે અગાઉ તમે તે દાદરના પગથિયા ચઢી શકો છો. અન્ય કોઈક વ્યક્તિની ધર્મસેવાની નકલ કરશો નહિ. ઈશ્વરે તમારા જીવન માટે એક અજોડ આહ્વાન ફક્ત તમારા માટે આપેલું છે અને તમે એકલા જ તેને પરિપૂર્ણ કરી શકો છો. તમે તે બીનજરૂરી "પેટીઓ"નો ત્યાગ કરો તેની માત્ર ખાતરી રાખો.

# પ્રકરણ અગિયાર

## તમારાં સ્વપ્નોને કદી જ તિલાંજલિ આપશો નહિ

ઈશ્વર તમારા પર ભરોસો રાખે છે અને તેમની પાસે તમારા જીવન માટે અદ્ભુત યોજના છે તે વિશે શું તમે જાણો છો?

યર્મિયા ૨૯:૧૧ :

"તમારા માટે મારી જે યોજનાઓ છે તે હું જાણું છું,
એમ પ્રભુ કહે છે. તે યોજનાઓ તમારા સારા
માટે છે, તમારું ભૂંડું થાય માટે નથી. તે તમને ઊજળું
ભાવિ અને આશા આપવા માટે છે."

આ પૃથ્વી ઉપર સૌથી શક્તિશાળી હથિયાર આકાશમાંથી નીચે ફેંકવામાં આવેલો અથવા વિમાનમાંથી નીચે ફેંકવામાં આવેલો બોંબોગોળો નથી. ઈશ્વરના આત્મા દ્વારા માનવીના અંતઃકરણમાં રોપવામાં આવેલું સ્વપ્ન અને વિશ્વાસ દ્વારા પૃથ્વી ઉપર તેનો શુભ આરંભ તે આ પૃથ્વી ઉપર સૌથી શક્તિશાળી હથિયાર સમાન છે. વિશ્વાસ "એવી વસ્તુઓ છે કે જે સાચે જ અસ્તિત્વમાં નથી તેવી વસ્તુઓને આમંત્રણ આપે છે." આ કારણને લીધે જ ઈસુએ વિશ્વાસ સંબંધી માર્ક ૧૧:૨૨, ૨૩માં આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

"અને ઈસુ તેંઓને કહે છે કે, ઈશ્વર પર વિશ્વાસ રાખો.
કેમ કે હું તમને ખચીત કહું છું કે, જે કોઈ
આ પર્વતને એમ કહે કે ખસેડાઈ જા, ને સમુદ્રમાં
નંખા, અને પોતાના હૃદયમાં સંદેહ ન લાવતાં વિશ્વાસ
રાખશે કે, જે હું કહું છું તે થશે, તો તે તેને
વાસ્તે થશે."

ઈસુએ આ પણ કહ્યું, "વિશ્વાસ રાખનારને સર્વ શક્ય છે." ઈશ્વરને જરૂર છે તે સર્વ કાંઈ આ છે. નાનું બી અને આધીન થનાર અંતઃકરણ. આ એ બી છે કે જેમાં ઈશ્વર સ્વપ્નનું રોપણ કરે છે. ઈશ્વર કાર્ય કેવી રીતે કરી શકાય અથવા કાર્ય કેવું હોવું જોઈએ તેની આશાનું અથવા દર્શનનું રોપણ કરે છે. અબ્રાહમને આ જ વાત આપવામાં આવી હતી. અશક્ય સ્વપ્ન અને અશક્ય હકારાત્મક પ્રત્યુત્તર. પરંતુ હું જાણું છું કે જેમણે વચન આપ્યું છે તે ઈશ્વર માટે સર્વ કાંઈ શક્ય છે.

## સ્વપ્નનું સર્જન અને સ્વપ્નનું ખંડન કરનાર

સારાએ જેમ હાસ્ય કર્યું હતું તેમ કેટલાએક તમારાં સ્વપ્નો માટે હાસ્ય કરી

શકે છે. આપણ પ્રત્યેકને એકબીજા તરફથી ઉત્તેજન મેળવવાની જરૂર છે. ઈશ્વર પોતે ''સ્વપ્નનું સર્જન'' કરનાર વ્યક્તિ છે. પરંતુ આપણો એક શત્રુ છે. જેને ''સ્વપ્નનું ખંડન'' કરનાર તરીકે ઓળખવામાં આવે છે. આપણામાંના ઘણાએ આ કહેવત સાંભળી છે - તે કહે છે, ''લાકડી અને પથ્થર મારા હાડકાંને ભાંગી શકે છે પરંતુ શબ્દો કદી જ મને હાનિ પહોંચાડશે નહિ.'' અલબત્ત, આ સંપૂર્ણ સત્ય નથી. શબ્દો હાનિ પહોંચાડી શકે છે અને હાનિ પહોંચાડે છે. બાઈબલ જણાવે છે કે, ''જીવન અને મરણ જીભની સત્તા નીચે રહેલાં છે.''

આપણામાંના ઘણા આ શબ્દો સાંભળીને મોટા થયા છીએ: ''તમે તે પ્રમાણે કરી શક્તા નથી. તમે પરિણામ કદી જ મેળવી શકશો નહિ. તે કાર્ય તે રીતે કદી જ કરી શકાતું નથી.'' આપણ સર્વને વખતોવખત ઉત્તેજનની જરૂર છે. ઈશ્વર તમારા પર ભરોસો રાખે છે અને તે ઉત્તેજન આપનાર મહાન વ્યક્તિ છે. મોશે તેમની સાથે રહેશે અને તે કારણને લીધે મોશે ભયભીત થશે નહિ તેવું ઈશ્વરે તેને જણાવ્યું હતું. ''વચનના દેશ'' ઉપર વિજય મેળવવા જ્યારે યહોશુઆએ શત્રુઓના પ્રાંતમાં પ્રવેશ કર્યો હતો ત્યારે ઈશ્વરે યહોશુઆને મજબૂત થવા તથા ખૂબ હિમ્મત રાખવા માટે જણાવ્યું હતું. તેમણે ગિદીઓનને ''વીરતાના પુરુષ'' તરીકે ઓળખાવ્યો હતો. તેમણે દાવિદને પોતાને મનગમતા માણસ તરીકે ઓળખાવ્યો હતો. તેમણે અબ્રાહમને પોતાનો મિત્ર કહ્યો હતો. પવિત્ર આત્મા પોતે આપણા સહાયક, આપણા શિક્ષક અને દિલાસો આપનાર તરીકે ઓળખાય છે. પ્રભુ જાણતા હતા કે આપણા શત્રુએ તેમના લોકોને વારંવાર નિરાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

સભાશિક્ષક ૪:૧ જણાવે છે :

> ''ત્યારે મેં પાછા ફરીને વિચાર કર્યો, અને પૃથ્વી
> ઉપર જે જુલમ કરવામાં આવે છે તે સર્વ મેં જોયો,
> જુલમ વેઠનારાઓનાં આંસુ (પડતાં હતાં), અને તેમને દિલાસો
> દેનાર કોઈ નહોતું, તેમના પર જુલમ કરનારાઓના પક્ષમાં
> બળ હતું, પણ તેમને દિલાસો દેનાર કોઈ નહોતું.''

## મારા આત્મા દ્વારા

ઈશ્વરે આપણને આપેલાં છે તેવાં સ્વપ્નોમાં આગેકૂચ કરવા પવિત્ર આત્માએ

પોતે આપણને દિલાસો આપનાર અને આપણને સામર્થ્ય આપનાર તરીકે આપણી સાથે એક જોડીદાર તરીકે ચાલવાનું હમણાં પસંદ કર્યું છે. તેમના ઉત્તેજન દ્વારા અનેક જેઓ શેતાનના પ્રચંડ આક્રમણ દ્વારા એક વખત નબળા માલૂમ પડ્યા હતા તેઓ પતન પામવાને બદલે અડગ ઊભા રહ્યા છે. તે આત્મા હતા અને તેમણે આપણા પિતૃઓને આપણા નવા રાષ્ટ્રનું સંચાલન કરવા સંબંધી તેઓ સમક્ષ જે કાર્ય રજૂ કર્યું હતું તે પૂર્ણ કરવા માટે તેઓને સામર્થ્ય આપ્યું હતું અને તેઓનો ઉપયોગ કર્યો હતો. "પરાક્રમથી નહિ, તેમ બળથી પણ નહિ, પણ મારા આત્માથી, એવું સૈન્યનો (ઈશ્વર) યહોવા કહે છે." આ એ જ આત્મા હતો કે જેમણે વિલ્યમ બૂથ, જ્હોન વેસ્લી, રોજર વિલ્યમ્સ અને માર્ટીન લ્યૂથર જેવા માણસોને પ્રેરણા આપી હતી. આ એ જ આત્મા હતો કે જેમણે ડી. એલ. મૂડી, ચાર્લ્સ ફીની, સ્મીથ વિગલ્સવર્થ અને મારિયા વૂડવર્થ એટર જેવા વ્યક્તિઓને સળગાવ આપ્યો હતો. આજના દિવસોમાં તેમણે બીલ બ્રાઈટ, બીલી ગ્રેહામ, રેઈનહાર્ડ, બોન્નકી, બોની હીન્ન અને સેંકડો એવા અન્ય માણસોમાં દર્શન અને સ્વપ્નનું સિંચન કર્યું છે.

ઈશ્વરે આ પુરુષો અને સ્ત્રીઓને આપ્યું હતું તેવું જ સ્વપ્ન તે તમને પણ આપો. આ અસાધારણ ઈશ્વર સાથેના કેવળ સાધારણ પુરુષો અને સ્ત્રીઓ હતા. આ જગત એમ જણાવી શકે કે, "તમે તે પ્રમાણે કરી શક્તા નથી" અથવા "તે કદી જ પરિણામ લાવશે નહિ." "આ કાર્ય પરિપૂર્ણ કરવા માટે ઘણું મોટું કે વિશાળ છે" "હવે તમે નવાં કામને શરૂ કરવા માટે ઘણા વૃદ્ધ થયા છો." અથવા "તે કદી જ ઉડાન કરી શકશે નહિ." વિમાન ઉડાનનું પ્રથમ સાહસ કરનાર રાઈટ બ્રધર્સને, ટેલિફોનની શોધ કરનાર એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલને, વીજળીના ગોળાની શોધ કરનાર થોમસ એડીસનને અને દૂધને જીવાણુંરહિત કરવાની પ્રક્રિયાની શોધ કરનાર ફ્રેન્ચ કેમીસ્ટ અને બાયોલોજીસ્ટ વિલ્યમ પેસટ્રરને તેઓએ આ પ્રકારના શબ્દો જ કહ્યા હતા. ઈશ્વરનો આભાર માનીએ કે આ માણસોએ પોતાનાં સ્વપ્નોને કદી જ તિલાંજલિ આપી નહોતી. વિશ્વના લોકો ખ્રિસ્તના શરીરમાં આપણામાંના કેટલાએક પ્રત્યે હજુ પણ નીચી નજરે જુએ છે. જો તમે સાંભળવાની ઈચ્છા રાખો તો તમે તે શબ્દોને સાંભળી જ શકો છો. તે શબ્દો આ પ્રકારના છે: "તેઓ વધારે પરિણામ કદી પણ મેળવી શકશે નહિ. હું જાણતો હતો કે આવું જ પરિણામ આવશે. તમે જાણો છો કે તેનાથી તેઓને લાભ થાય છે. તેઓએ ચોક્કસપણે પોતાને મળેલી તકનો લાભ લીધો છે. હું જાણતો હતો કે આ પ્રમાણે કરી શકશે નહિ. મેં તમને કહ્યું હતું તેમ." અને તેવી અનેક વાતો તમે સાંભળી શકો છો.

# તે માટે આગેકૂચ કરો

આ હકીકત હું તમને ફરીથી ભારપૂર્વક જણાવવાની ઈચ્છા રાખું છું. ઈશ્વર તમારા પર ભરોસો રાખે છે! તેમણે તમારું સર્જન કર્યું ત્યારે તે આ શું ઉત્પન્ન કરી રહ્યા હતા તે વિશે તે જાણતા નહોતા તેવો વિચાર કરશો નહિ. તમે ઈશ્વરની નજરમાં નવા નથી. તે આપણું બંધારણ જાણે છે, અને આપણે ધૂળના છીએ તેવું તે સંભારે છે. ગીતશાસ્ત્ર ૮:૪માં દાવિદે કહ્યું હતું, "માણસ તે કોણ છે કે, તું તેનું સ્મરણ કરે છે? અને મનુષ્યપુત્ર કોણ છે, કે તું તેની મુલાકાત લે છે? ઈસુ જાણતા હતા કે પોતાના પિતા તેમના માટે કેવો વિચાર કરતા હતા, કારણ કે આકાશમાં તેમણે જે શબ્દો સાંભળ્યા હતા તે હજુપણ તેમના સ્મરણપટ ઉપર હતાઃ "આ મારો વહાલો દીકરો છે તેના ઉપર હું પ્રસન્ન છું." ઈશ્વર આપણા સંબંધી પણ પ્રસન્ન છે! ૧ યોહાન ૩:૨:

> "વહાલાંઓ, હાલ આપણે ઈશ્વરના છોકરાં છીએ, અને
> આપણે કેવાં થઈશું, તે હજી સુધી પ્રગટ થયું નથી, આપણે
> એટલું તો જાણીએ છીએ કે, જ્યારે તે પ્રગટ થશે, ત્યારે
> તેના જેવા આપણે થઈશું, કેમ કે જેવો તે છે તેવો આપણે
> તેને જોઈશું."

ઈશ્વર સાચે જ "સ્વપ્નના રચનાર" છે અને તેમણે આપણને સામર્થ્ય આપવા અને ઈશ્વરના વચનની ખાતરી આપવા માટે આ નિશાનીઓ સાથે પવિત્ર આત્મા આપ્યો છે. માર્ક ૧૬:૧૫-૨૦:

> "તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઈને આખી
> સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો, જે કોઈ વિશ્વાસ કરે તથા
> બાપ્તિસ્મા લે, તે તારણ પામશે, પણ જે વિશ્વાસ નહિ
> કરે, તે અપરાધી ઠરશે. વિશ્વાસ કરનારાઓને હાથે આવા
> ચમત્કારો થશે, મારે નામે તેઓ ભૂતો કાઢશે, નવી બોલીઓ
> બોલશે, સર્પોને ઊઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક

વસ્તુ પીએ, તો તેઓને કંઈ પણ ઈજા થશે નહિ, તેઓ

માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે.

પ્રભુ ઈસુ તેઓની સાથે બોલી રહ્યા પછી આકાશમાં

લઈ લેવાયો, ને ઈશ્વરને જમણે હાથે બેઠો, તેઓએ ત્યાંથી

જઈને બધે ઠેકાણે સુવાર્તા પ્રગટ કરી, પ્રભુ તેઓના કામમાં

તેઓની સહાય કરતો, ને તેઓને હાથે થયેલા ચમત્કારોથી

સુવાર્તા (ની સત્યતા) સાબિત કરતો. આમીન."

આપણને ખ્રિસ્તનું વચન આપણા માટે આપવામાં આવ્યું છે કે તે આપણને કદી જ તરછોડી દેશે નહિ કે, આપણો ત્યાગ કરશે નહિ અને તે આપણી આસપાસની સર્વ નકારાત્મક પરિસ્થિતિઓ અને નિરાશાઓ કરતાં વધારે મહાન છે. તે આપણને ફરીથી ખાતરી આપે છે કે તેમના દ્વારા આપણે સર્વ કાંઈ કરી શકીએ છીએ. આપણે ગ્રહણ કરી શકીએ માટે ઈસુએ આપણને વચનો (promises) આપ્યાં છે. યોહાન ૧૪:૧૨માં તેમણે કહ્યું હતું કે "હું જે કામો કરું છું તે જ મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે, અને એના કરતાં પણ મોટાં કામ કરશે, કેમ કે હું પિતાની પાસે જાઉં છું." તમે તે પ્રમાણે કરી શકો છો કારણ કે તે તમારી સાથે છે. તે તમારા મિત્ર છે. તેથી બળવાન થાઓ અને ખૂબ જ હિમ્મતવાન બનો. પડતું મૂકશો નહિ અને તમારાં સ્વપ્નોથી દૂર લઈ જતી વાત શેતાનને તમારી સાથે કરવા દેશો નહિ તે માટે આગેકૂચ કરો!

સવારમાં ઊઠીને તમે પોતાનું મોં આરસીમાં જુઓ અને ઉત્તેજનના આ શબ્દો તમે પોતાને કહો: "ઈશ્વર તમારા પર ભરોસો રાખે છે. તે કહે છે કે હું તે કરી શકું છું. ફિલિપી ૪:૧૩:

"જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી

હું બધું કરી શકું છું."

તમારાં સ્વપ્નોને કદી જ તિલાંજલિ આપશો નહિ.

# પ્રકરણ બાર

## દરેક સ્વપ્નની પરિપૂર્ણતા

ખ્રિસ્તના શરીરમાં તેમણે રોપણ કરેલાં દરેક સ્વપ્નને પરિપૂર્ણ કરવાની ઈશ્વર ઈચ્છા રાખે છે તેમ હું માનું છું. ઈશ્વર હવે કાંઈ પણ પાછું રાખતા નથી તે હું માનું છું. હું વિશેષે કરીને માનું છું કે તે આપણા જેવા "વિસાત વિનાના" આપણામાંના જેઓને કહેવામાં આવ્યું કે આપણે કદી જ પરિણામ મેળવી શકીશું નહિ તેવા સર્વને આહ્વાન આપી રહ્યા છે. ઈશ્વર જ્ઞાનીઓને શરમાવવા માટે મૂર્ખોને પસંદ કરે છે તે હંમેશાં યાદ રાખો. તેમણે હંમેશાં "ભંગીત પાત્રો"નો અને "નીચે તરફ નમી પડેલી મીણબત્તી"ઓનો ઉપયોગ કર્યો હતો. અને તેમનામાં કાંઈ જ પરિવર્તન આવતું નથી. એમ નહિ તો, ઈશ્વરના બદલે આપણે મહિમા મેળવવાનો દાવો કરીએ. સત્ય હકીકત આ છે : તેમના વિના આપણે ખરેખર કાંઈ જ નથી. તેમના આત્માની સહાય વિના આ પુસ્તકનું લેખન કરવું મારે માટે કદી જ શક્ય નહોતું. આ પુસ્તકનું લેખન મેં પોતાની કાર્યકુશળતાઓ દ્વારા કર્યું છે તેવો વિચાર કરનાર કોઈ પણ વ્યક્તિ સાચે જ મને ઓળખતી નથી. પવિત્ર આત્મા તમારો આભાર! આ પુસ્તક સ્વપ્નની પરિપૂર્ણતા છે.

આપણા પ્રત્યેકને સ્વપ્નોની જરૂર છે. નીતિવચન ૨૯:૧૮ કહે છે :

"જ્યાં સંદર્શન નથી હોતું, ત્યાં લોક સઘળી મર્યાદા

છોડી દે છે..."

ઈશ્વર "સ્વપ્નના રચનાર" છે. આપણાં સર્વ સ્વપ્નોને પરિપૂર્ણ કરનારા તે એકલા ઈશ્વર છે. સ્વપ્નો આવશ્યક છે, કારણ કે તેઓ આપણને જીવન જીવવા તથા જીવનમાં આગેકૂચ કરવા પ્રેરણા આપનાર છે. પેલા નાના એન્જીને, જેમ કહ્યું હતું, "હું કરી શકું છું તેમ હું વિચારું છું." તેમ થોડા સમય પછી તેણે કહ્યું હતું, "હું જાણું છું કે હું કરી શકું છું."

## તમારાં સ્વપ્નોને પકડી રાખો

સ્વપ્નોને પરિપૂર્ણ થયેલા નિહાળવા તે જીવનની સૌથી ઉત્તેજનાત્મક બાબતોમાંની એક છે. અનેક સ્વપ્નો હજુ પણ સુષુપ્ત પડેલાં છે. ઉદાહરણ તરીકે લઈએ તો યોસેફ

યુવાન હતો ત્યારે તેને આપવામાં આવેલાં સ્વપ્નો કદી જ પરિપૂર્ણ થશે નહિ તેવું જોવા મળતું હતું. તેના પોતાના કુટુંબના સભ્યો પણ તેની સમજણ મેળવી શક્યા નહોતા. તમારા પોતાના કુટુંબમાં પણ એવા સભ્યો હશે કે જેઓ તેની સમજણ મેળવી શકશે નહિ. તેમ છતાં સર્વ પ્રકારની મુશ્કેલીઓ આવવા છતાં યોસેફ હજુ પણ પોતાની પ્રામાણિક્તાને વળગી રહ્યો હતો અને તેના સ્વપ્નો પરિપૂર્ણ થયા હતા તે પછી તે પોતાના કુટુંબને તથા જેઓ તેના શત્રુઓ હતા તેઓને પણ આશીર્વાદ આપવાને શક્તિમાન બન્યો હતો. આ પ્રકારનું વાંચન ફરી એક વખત પોતાના સ્વપ્નોનું અનુસરણ કરવા માટે ઘણાને ઉત્તેજન પૂરું પાડશે એવી મારી આશા છે. મારી પત્ની એક દિવસ તંતુવાદ્ય (harp) વગાડી રહી હતી, તેવું તેને સ્વપ્ન આવ્યું હતું. તમને પ્રમાણિકપણે જણાવું તો આ વાત મારે માટે ખૂબ મહત્ત્વની નહોતી. પરંતુ મારી પત્ની માટે તે સાચે જ મહત્ત્વની હતી. સ્વપ્નની રજૂઆતથી કોઈક વ્યક્તિને નિરાશ કરવા માટે શેતાન શત્રુ દ્વારા આપણો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી તેની આપણે કાળજી રાખવાની જરૂર છે. ઈસુએ કહ્યું હતું કે તેમના પર વિશ્વાસ કરવાથી આ નાનાંઓમાંના એકને પણ ઠોકર ખવડાવવી તે કરતાં તમારા ગળે ''ઘંટીનું પડ'' બંધાય તે વધારે ઉત્તમ હશે. આ એવા બાળકોના જેવા અંતઃકરણમાં સ્વપ્નોનો ઉદ્ભવ થયો હતો.

પ્રથમ, ઈશ્વર આપણા ઉપર ભરોસો રાખે છે. આપણે લાયકાત ધરાવીએ છીએ તેને લીધે ઈશ્વરે આપણને આહ્‌વાન (તેડું) આપ્યું નથી. તે પ્રથમ આપણને આહ્‌વાન આપે છે અને ત્યાર પછી આપણને શક્તિમાન કરે છે. આપણને આહ્‌વાન આપવામાં આવ્યું છે તેને આપણે સર્વ રીતે અનુરૂપ બનીએ તેવી તેમની ઇચ્છા છે. આપણે અસર ઉપજાવીએ તેવી તેમની ઇચ્છા છે, પછી ભલેને આપણું કાર્યક્ષેત્ર મર્યાદિત કેમ ન હોય. સ્વપ્નો લગભગ દરરોજ મૃતપ્રાય બને છે. તેઓ પોતાની કાર્યકુશળતાઓ પ્રગટ કરવાની તક મેળવ્યા વિના જ કબરમાં ચાલ્યા જાય છે. હું તેમને ઉત્તેજન આપવાની ઇચ્છા રાખું છું. ઈશ્વરે તમને આપ્યાં છે તેવાં સ્વપ્નોને કદી જ તિલાંજલિ આપશો નહિ. જો તેમણે તમને કોઈક ચોક્કસ હેતુ અથવા સ્થળ માટે આહ્‌વાન આપ્યું છે તો તેમનું સામર્થ્ય તમને ત્યાં લઈ જશે. તમારા વિચારોમાં ઘણા દૂર અભરાઈ ઉપર તમે જે સ્વપ્નોને ધકેલી દીધાં છે, તેવાં તમારાં સ્વપ્નોનો વિચાર કરો અને તેઓને બહારની બાજુએ ફરીથી લાવવા માટે તમારી સહાય કરવા ઈશ્વરને વિનંતી કરો. ઈશ્વર તમારા જીવનમાં તેમની ઇચ્છા માટેની ભૂખ અને તરસ ફરી એક વખત આપે તેવી તેમને વિનંતી કરો. જો તમે પોતાના માર્ગો તેમને સ્વાધીન

કરશો તો તે તમારા વિચારોને પુનઃસ્થાપિત કરશે અને તે તમારા માર્ગોમાં દોરવણી આપશે.

ઈશ્વર તમારા ઉપર આધાર રાખે છે. મરિયમે કહ્યું હતું, ''તમારા વચન પ્રમાણે મને થાઓ'' તેના જેવા આપણે થઈએ. આવો, આપણા પ્રભુના નમૂનાનું આપણે અનુસરણ કરીએ. તેમણે કહ્યું હતું, ''જુઓ, હે પ્રભુ, હું તમારી ઈચ્છા પૂર્ણ કરવાને આવ્યો છું. કારણ કે મારા સંબંધી લખેલું છે.'' આપણા સ્વપ્નો પરિપૂર્ણ કરીએ તેવું આપણા પ્રત્યેક માટે લખવામાં આવ્યું છે તેમ હું માનું છું.

## નવીન ઉછેર કરવો

આપણે જેઓ કાંઈ પણ વિસાત વિનાના છીએ તેઓનો ઈશ્વરની ભરપૂર દયા અને કૃપા દર્શાવવામાં એક નિશાની તરીકે છેલ્લા દિવસોમાં ઉપયોગ કરવામાં આવશે. તમે કોઈ પણ વિસાત વિનાના, કોઈ પણ વ્યક્તિ તમારા પર ભરોસો રાખતી નથી તેવી લાગણી અનુભવો છો, અથવા તમને લઘુતાગ્રંથી છે અથવા તમે પોતાનું ઓછું મૂલ્ય છે તેવું વિચારો છો તો હમણાં જ ઈશ્વરની સ્તુતિ કરવાની શરૂઆત કરો! પ્રભુ વિસાત વિનાના લોકોની એક સમગ્ર નવી પેઢી ઊભી કરવાના છે. તેઓમાંના અનેક પાસે ઈલકાબ હશે નહિ તેમ છતાં પ્રભુ તેઓનો જબરદસ્ત ઉપયોગ કરશે. પ્રકરણ પાંચમાં નીચે તરફ નમી પડેલી મીણબત્તીની જેમ જ તેની પાસેથી જીવતા પાણીની નદીઓ વહેશે. ઈશ્વર શહેરના અંતર્ગત ભાગોમાં ખરાબ મિત્રોની સોબતમાં ફસાયેલાઓને છોડાવવા માટે જેઓ અગાઉ ખરાબ મિત્રોની સોબતમાં હતા એવી સ્ત્રીઓ અને પુરુષોને પસંદ કરશે. નુકસાનકારક માદકદ્રવ્યોના જેઓ હજુ પણ ગુલામ છે, તેઓની સહાય કરવા તેમણે દારૂ અને ડ્રગ્સમાંથી જેઓને છુટકારો અપાવ્યો છે તેઓનો તે ઉપયોગ કરશે. જેઓએ ગર્ભપાત કરાવ્યો છે તેઓની તે સંભાળ રાખશે અને જેઓ આશા વિનાના છે અને જેઓને પાછા ફરવા માટે કોઈ સ્થાન નથી તેઓની સાથે તે વાતચીત કરશે. તેમણે જેમ ચાર રસ્તા ઉપર મારી મુલાકાત કરી હતી તેમ તે તમારામાંના ઘણાના સંપર્કમાં આવશે. અને માત્ર તેમનું અનુસરણ કરવા માટે તમારા જીવનમાં તમને નવી દિશા આપશે. જીવનના ધોરીમાર્ગ ઉપર તે તમારામાંના ઘણાને સ્પર્શ કરશે, તમને સાફસૂફ કરશે, શુદ્ધ કરશે અને ત્યાર પછી તેમની સાથે રહેવાથી તમે આંતરિક રીતે ''પરિશુદ્ધ સોના'' સમાન બનશો અને તમે તેમની દૃષ્ટિમાં મૂલ્યવાન અને કિંમતી માલૂમ પડશો તેવું તમે નિહાળી શકશો. આશા વિનાના ઘણાઓને તે સ્પર્શ કરશે અને તેમને આશા

આપશે. તે તમારી સર્વ જરૂરિયાતો પૂરી કરશે. તે તમારા આત્મા માટે સુરક્ષાના સાધન તરીકે તમને આશા આપશે અને તેમના ''જીવતા પાણીના ઝરામાંથી'' તમે ''પીઓ'' માટે તે તેમને બહાર લાવશે. તમે તેમની હાજરીનો અનુભવ અગાઉ કદી જ કર્યો નથી તેવી રીતે કરી શકશો. અને તમે ભરપૂર મહિમા તથા અવાચ્ય ખુશી સાથે આનંદિત થશો.

આ રીતે પરિવર્તન પામેલા વ્યક્તિઓ દ્વારા ઈશ્વરના ઘરનું બાંધકામ કરવામાં આવશે. તેઓ સાચે જ નવીનીકરણ પામ્યા હશે. ઈશ્વર એવા લોકોને તૈયાર કરશે કે તેઓ તેમના માટે સાહસ કરશે. આ એવા લોકો હશે કે જેઓ પોતાના ઈશ્વરને ઓળખે છે અને હલવાન જ્યાં કંઈ જાય છે ત્યાં તેમનું અનુસરણ કરે છે (પ્રકટીકરણ ૧૪:૪). આ એવા લોકો હશે કે જેઓના અંતઃકરણો શુદ્ધ છે અને પોતાના ઘરનું બાંધકામ કરવા માટે પવિત્ર ઈચ્છાથી પ્રોત્સાહિત થાય છે. આ કાર્ય તેઓ ઈનામ મેળવવા અથવા બાહ્ય દેખાવ માટે જ નહિ પરંતુ ''આ વર્તમાન દુષ્ટ જગતથી મારો છુટકારો કરીને તમારા વહાલા પુત્રના રાજ્યમાં મારો આવકાર કર્યો માટે ઈશ્વર હું તમારો આભારી છું' તેવા શબ્દો ઉચ્ચારીને પ્રેમથી ભરેલા આભારી અંતઃકરણ સાથે સામાન્ય રીતે કરશે.

પોતાના દરેક સ્વપ્નોને પરિપૂર્ણ થયેલા જોનાર વ્યક્તિઓ જેવા આપણે બનીએ. આપણા પાડોશીઓ, શહેર, દેશ અને વિશ્વ ઉપર અસર ઉપજાવનાર લોકો જેવા આપણે બનીએ. નાની નાની બાબતોથી દિવસનો તિરસ્કાર કરશો નહિ. દરેક નદીની શરૂઆત એક ઝરણાં તરીકે જ થઈ હતી. પોતાના માલિકનો મેળાપ કરવા માટે તૈયારી કરીને તેમની પ્રતીક્ષા કરી રહેલા લોકોની જેમ તમારા અજવાળાને પ્રકાશવા દો. તમારા પાત્રોને ભરપૂર રાખો અને તમારા ઉદ્ધારનો દિવસ પાસે આવે માટે સાવધ રહો અને પ્રાર્થના કરો. ઈસુ ટૂંક સમયમાં પાછા આવી રહ્યા છે! તે તમને પ્રેમ કરે છે અને પોતાની કન્યા પાસે તે પાછા આવી રહ્યા છે.

આપણા પિતાના ઘરનું બાંધકામ કરવામાં મહેનત કરતા રહીએ અને તેમના દ્વારા આપણા સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ સમક્ષ શુભસંદેશની રજૂઆત કરીએ. આપણે પાછા ફરીએ અને આપણા ''હોર્ન'' વગાડીએ અને કાંઈક ઘાસવાળી હરિયાળી જમીન ઉપર ''કાર હંકારી'' જઈએ અને તેઓને આપણા મૂલ્યવાન તારનાર સંબંધી જણાવીએ. તેમના દ્વારા આપણા સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ સાથે તેમણે વિના મૂલ્યે આપણા ઉપર રેડી દીધા છે તેવા તેમના અદ્ભુત પ્રેમ, કૃપા અને દયા સંબંધી આપણે તેઓ સાથે વાતચીત કરીએ.

૧ યોહાન ૪:૯ :

"ઈશ્વરે પોતાના એકનાએક પુત્રને મોકલ્યો કે,

આપણે તેનાથી જીવીએ, એ પરથી આપણા પર ઈશ્વરનો

પ્રેમ પ્રગટ થયો."

તમારાં સ્વપ્નોને તિલાંજલિ આપશો નહિ, સતત આગેકૂચ કરો. આપણે તેમને જે સોંપ્યું છે તેને અંતિમ દિવસ સુધી સંભાળવવાને તે વિશ્વાસુ છે. દરેક દર્શનની અસર લાંબા સમય સુધી મનમાં રાખી શકાશે નહિ. દરેક સ્વપ્નની પરિપૂર્ણતા થવાની તૈયારીમાં જ છે. તમારા વિશ્વ ઉપર તમારા જીવનની અસર મુક્તપણે ફેલાવાની તૈયારીમાં જ છે. આ આપણો સૌથી ઉત્તમ સમય હશે.

"આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો" પુસ્તક બીજામાં હું આ દસ શબ્દોનું વિસ્તૃત વર્ણન કરીશ. આ શબ્દો "દરેક દર્શનની અસર લાંબા સમય સુધી મનમાં રાખી શકાશે નહિ" મારી સમક્ષ મે ૧૫, ૧૯૯૫ના રોજ પ્રભુ દ્વારા સ્પષ્ટપણે ઉચ્ચારવામાં આવ્યા હતા. હું મારી પથારીમાં જાગતો બેઠો હતો ત્યારે મારી સમક્ષ આ શબ્દો ઉચ્ચારવામાં આવ્યા હતા તે મેં ખરેખર સાંભળ્યા હતા. આ શબ્દો (King James Version)માં હઝકિયેલ ૧૨:૨૩માં જોવા મળે છે. તમે વાચન કરી શકો માટે અહીં આ કલમોની નોંધ મેં પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિમાંથી પણ કરી છે. તમે હઝકિયેલ ૧૨:૨૧-૧૮ અને હબાકકૂક ૨:૧-૩ મને ત્રણ દિવસ પછી આપવામાં આવી હતી તેનું પણ વાંચન કરો તેવું સૂચન કરું છું. હઝકિયેલ ૧૨:૨૧-૨૮:

ફરીથી પ્રભુનો સંદેશો મારી પાસે આવ્યોઃ "હે માટીના

માનવી, ઈઝરાયેલમાં તેઓ આ કહેવતને ટાંકે છે તે શું છે,

'દિવસો વીતતા જાય છે તેમ પ્રબોધકો જૂઠા સાબિત થાય છે!'

પ્રભુ ઈશ્વર કહે છે કે હું આ કહેવતનો અંત લાવીશ અને

તેઓ આ કહેવતનો ઉપયોગ કરશે નહિ. તેના બદલે તેઓ કહેશેઃ

**'આ સર્વ ભવિષ્યવચનો પૂર્ણ થવાનો સમય આવ્યો છે.'**

હવે પછી ઈઝરાયેલ પ્રજામાં વ્યર્થ સંદર્શન થશે નહિ.

અને લોકોને ખુશ રાખવા જૂઠી પ્રબોધવાણી પ્રગટ નહિ થાય,

કેમ કે હું પ્રભુ છું. હું જે બોલીશ તે પ્રમાણે હંમેશાં થશે,
તેમાં વિલંબ થશે નહિ. હે બંડખોર ઈઝરાયેલીઓ, તમારા
જીવનકાળ દરમિયાન હું આ કરીશ.'' આમ સર્વસત્તાધીશ પ્રભુ કહે છે.
પછી પ્રભુ તરફથી આ સંદેશો આવ્યોઃ ''હે માટીના
માનવી, ઈઝરાયેલી લોકો કહે છે, 'તને જે દર્શન થાય છે તે
ઘણાં લાંબા સમય પછી પૂર્ણ થશે.' તેથી તેઓને કહેઃ
સર્વસત્તાધીશ પ્રભુ કહે છેઃ હવે મારા શબ્દો પૂર્ણ થવામાં
વિલંબ થશે નહિ. હું જે કરીશ તે પ્રમાણે જ થશે.''

હું આ લેખન કરી રહ્યો છું ત્યારે ઈશ્વર મને આ દસ શબ્દોનો વધુ સંપૂર્ણ અર્થ સમજાવી રહ્યા છે. ''સૂર્યનો ઉદય થશે અને સમુદ્રના પાણી ઊછળશે'' તેના અર્થ વિશે પણ ઈશ્વર મને વધુ આંતરસૂઝ આપી રહ્યા છે. ભારત અને ઈરાક વિશે તથા ઈઝરાયેલ રાષ્ટ્ર તથા તેના લોકોમાં સંપૂર્ણ વિશ્વાસ પુનઃસજીવન અને પુનઃસ્થાપન થઈ રહ્યો છે તે સંબંધી તાજેતરમાં જ આવેલા મારાં સ્વપ્નોની પણ રજૂઆત કરીશ.

બીજાં એવા અનેક સ્વપ્નો છે જેની રજૂઆત કરવાની હું ઈચ્છા રાખું છું. તે માટે કેટલો સમય લાગશે તેની મને ખબર નથી. કદાચિતને બીજા પુસ્તકનું લેખન કરું ત્યાં સુધી, પરંતુ અહીં હું કેટલાંએક સ્વપ્નો રજૂ કરીશ. તેમાંના કેટલાએક લગ્ન, ક્ષમા, પુનઃસ્થાપના અને સાજાપણા સંબંધી હશે. કેટલાંએક સ્વપ્નો જૂઠા પરિવર્તનો, જૂઠા ધર્મો અને ચોપગા પ્રાણીના ચિહ્નોની સમજણ મેળવવામાં પ્રકાશ પાડશે. બીજાં કેટલાંએક સ્વપ્નો ન્યાયશાસન સંબંધી છે જે થોડા વખત માટે વર્તમાન સમયમાં અટકાવી રાખવામાં આવ્યું છે તેમ હું માનું છું. દિવસના મધ્યાહને સૂર્યને અંધકારરૂપ થઈ જતો મેં સાચે જ નિહાળ્યો હતો અને આકાશના તારાઓ ખરી પડતા હતા અને પૃથ્વી ઉપર અગ્નિ સળગવાનો શરૂ થયો હતો ત્યારે પુરુષો અને સ્ત્રીઓ પોતાના ઘૂંટણો ઉપર નમીને ખ્રિસ્તનો સ્વીકાર કરવા માટે પ્રાર્થના કરી રહેલા મેં જોયા હતા. ઈસુના શિષ્યો ચાલ્યા હતા તેવા આધારસ્તંભના પથ્થરોને લગભગ ૨૦૦૦ વર્ષ પછીથી અનાચ્છાદિત થયેલા અને તેઓની આંખો સામે પ્રત્યક્ષ રીતે સંપૂર્ણપણે પુનઃસ્થાપન થયેલા જોઈને મસીહા પર વિશ્વાસ કરનારા રાબ્બીને મેં હમણાં આ વરસે જ જોયો હતો. હું આ સમગ્ર દર્શન વિશે તમને પુસ્તક બીજામાં જણાવીશ.

# ઉપસંહાર

ઈશ્વર તૈયારી કરી રહ્યા છે તે જાળમાં આપણે પ્રત્યેક વ્યક્તિ વણાયેલા છીએ અને તેમની જાળનો હેતુ માણસોને પકડવાનો છે. એકબીજા સાથેના સંબંધો આપણને ઐક્યતા અને પ્રેમના બંધનમાં એકબીજા સાથે બાંધી રાખશે. આપણે પોતાના કૃપાદાનોને પ્રગટ થતાં જોઈશું. અને એક વ્યક્તિની ઉણપો માટે અન્ય પાસે જરૂરિયાતને પૂર્ણ કરવાનું સર્વ કાંઈ હશે. ઈશ્વર આપણી જરૂરિયાતનું સર્વ આપણી મધ્યે સતત મોકલતા રહેશે અને આપણને કોઈપણ વાનાંની અછત રહેશે નહિ. ઈશ્વર દરેક વ્યક્તિએ કઈ જગાએ રહેવું જોઈએ અને કઈ જગાએ તેની ધર્મસેવા સૌથી અસરકારક બનશે તે વિશે ઈશ્વર દરેક વ્યક્તિને જણાવશે. ઈશ્વર આ સમયમાં પોતાની મંડળીનું બાંધકામ કરી રહ્યા છે અને હાડેસની સત્તાનું કાંઈ જ જોર ચાલશે નહિ કારણ કે આપણા ઈશ્વરનો આત્મા જૂઠના કિલ્લાઓને ભાંગી નાખશે. તેના કોટ ખંડિત થશે. ઈશ્વરે જે કરવાનું કહ્યું છે તે કાર્ય આપણે કરવું જોઈએ એટલી જ અપેક્ષા ઈશ્વર આપણી પાસે રાખે છે. તેથી આવો, તેમના ઘરનું બાંધકામ આપણે તેમને કરવાની મોકળાશ આપીએ. તેમના હાથમાં જ આપણે સઘળું સોંપી દઈએ. પ્રકટીકરણોમાં તે વધારે કરશે. તે અભિષેક કરવામાં વધારો કરશે. તે પોતાની ઈચ્છાને આપણી સમક્ષ સ્પષ્ટપણે પ્રગટ કરશે. તેમના સામર્થ્યમાં જે કાંઈ થઈ રહ્યું છે તેની ખાતરી કરાવવા માટે તે પરિસ્થિતિ ઊભી કરશે અને લોકોને આપણા સંપર્કમાં લાવશે. ઈશ્વર ચાહે તે રીતે આપણો ઉપયોગ કરી શકે માટે આપણે તેમની સમક્ષ પ્રામાણિક અને પ્રાપ્ય રહેવાની જરૂર છે.

આ પુસ્તકમાં ઈશ્વર મારા જીવનમાં જે કાર્ય કરી રહ્યા છે તેની મેં રજૂઆત કરી છે. એટલા માટે જ કે તે તમારા જીવનમાં જે કાર્ય કરવાની ઈચ્છા રાખે છે તે તમને વધુ સ્પષ્ટપણે જોઈ શકવામાં સહાયરૂપ થઈ શકે તેમ હું માનું છું. ઈશ્વર પોતાના ઘરનું બાંધકામ કરવામાં ઘણા વ્યસ્ત છે તેમ હું માનું છું. તેમ કરવામાં તેમને આનંદ થાય છે અને તે પણ ‘‘મજૂરીએ રાખેલા વ્યક્તિઓની સહાયથી’’ નહિ, પણ પોતાના દીકરા અને દીકરીઓની સહાયથી બાંધવાની હંમેશા ઈચ્છા રાખે છે. હવે તે આ પૃથ્વી ઉપર ખ્રિસ્તના કાર્યો કરવા માટે આપણને એકબીજા સાથે મૂકે છે. તે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં વિશેષ કરવાને તૈયાર છે. હું માનું છું કે હવે પછીનું ઘર અગાઉના ઘર કરતાં વધારે વિશાળ હશે. આપણે અગાઉ કદી જ નિહાળ્યા નથી તેવા પ્રેરિતોનાં કાર્યો જોઈશું. તેનું કેવળ પુસ્તક હશે નહિ પરંતુ આ વખતે પવિત્ર આત્માના પોતાના ‘‘કાર્યો’’ તમારા અને મારા દ્વારા દૃશ્યમાન થશે.

ઈશ્વરની બીક રાખનાર અનેક વ્યક્તિઓનું માનવું છે કે, અગાઉ કદી જ નિહાળ્યા નથી તેવા અંત સમયની મહાન ફસલના સમયમાં આપણે જીવી રહ્યાં છીએ. અને ખ્રિસ્તના પુનરાગમનનો દિવસ હવે પાસે જ છે. પ્રભુ માછલીઓ લાવવાની શરૂઆત કરે ત્યારે આપણે પોતાની જાળો પાણીમાં નાખવાની અને તૈયાર રહેવાની જરૂર છે. આપણે પ્રેમથી એકબીજાની સાથે મળીને તેમના રાજ્યનું બાંધકામ કરીએ છીએ ત્યારે આપણા પિતાના ઘરનું બાંધકામ કરીએ. હમણાં પણ ધોરીમાર્ગો અને સાંકડા માર્ગો ઉપર ''સોનું'' છે. ઈશ્વરે તમને જે દર્શન આપ્યું છે તેની અસરની પ્રતીક્ષા હજુ પણ ઘણા લોકો કરી રહ્યા છે.

## અંતિમ પ્રાર્થના

તમે હમણાં જ આ પુસ્તકનું વાચન પૂર્ણ કર્યું છે અને ઈશ્વર સાથેના તમારા સંબંધ વિશે તમે હજુ પણ ચોક્કસ નથી તો મેં એક બીજી સરળ પ્રાર્થનાનો અહીં સમાવેશ કર્યો છે. તમે તેમની સાથે સમગ્ર અનંતકાળ સુધી રહો એ જ ઈશ્વરનું આખરી સ્વપ્ન છે. ઈશ્વર આપણા સર્જનહાર છે તેથી આપણી જેમ જ તેમને પણ સ્વપ્ન હોવાનો અધિકાર છે. અને તેમનું સ્વપ્ન તમે છો! તમારા જીવનના પ્રભુ અને તારનાર થવા માટે તમે આજે જ ઈસુને વિનંતી કરો. અને તમારા અંતઃકરણ અને જીવન ઉપર સંપૂર્ણ નિયંત્રણ કરવા માટે તેમને આમંત્રણ આપો. જેઓ હજુ પણ તેમની ઓળખ પામ્યા નથી તેઓ માટે તમને બોજ મળે તેવી તેમને વિનંતી કરો અને અન્ય વ્યક્તિઓને તેમના રાજ્યમાં લાવવા માટે તેમના દ્વારા તમારા જીવનનો ઉપયોગ કરવામાં આવે તેવી પ્રાર્થના કરો. તમે આ પૃથ્વીના ''સોના''ને લાવી શકો તે માટે ઈશ્વર તમારો ઉપયોગ કરે તેવી પ્રાર્થના કરો. તમે શરૂઆત કરો માટે અહીં એક સરળ પ્રાર્થના છે અને ત્યાર પછી તમારા સાચા હૃદયથી તેમની સાથે વાતચીત કરો અને તેમની સમક્ષ યોગ્ય શબ્દો ઉચ્ચારવા પવિત્ર આત્મા તેમની દોરવણી આપે તેવી મંજૂરી આપો તેવું મારું સૂચન છે.

''હે પ્રભુ ઈસુ, મેં જે સર્વ અયોગ્ય અને ખોટું કર્યું છે તેમાંથી મારો ઉદ્ધાર કરવા તમે મારા માટે મરણ પામ્યા, માટે હું તમારો આભાર માનું છું. હું પાપી છું તે હું જાણું છું. અને હું માત્ર મરણ અને નરકને જ યોગ્ય છું તે હું જાણું છું પરંતુ મારો ઉદ્ધાર કરવા માટે તમે મરણ પામ્યા છો. હવે મારા પ્રભુ અને મારા તારનાર થવા માટે હું તમને વિનંતી કરું છું. મારા અંતઃકરણમાં આવો અને મને નવી વ્યક્તિ

બનાવો. તમારા પવિત્ર આત્માથી મને ભરપૂર કરો અને તમારા પ્રેમ વિશે અન્ય લોકોને જણાવવા માટે મારી સહાય કરો. તમારું પુનરાગમન થાય ત્યારે હું તમારી સાથે રહેવાની ઇચ્છા રાખું છું. હું તમને પ્રેમ કરું છું અને તમે મારા માટે મરણ પામ્યા માટે હું તમારો આભાર માનું છું. હવે મારા જીવનમાં હું તમારો સ્વીકાર કરું છું. પ્રભુ, હું તમને પ્રેમ કરું છું. હવે તમે મારા પ્રભુ અને તારનાર છો અને અન્ય લોકો સમક્ષ હું તમને કબૂલ કરીશ.

પ્રકટીકરણ ૩:૨૦ :

''જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું, જો
કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની
પાસે માંહે આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે
જમશે, જે જીતે છે તેને હું મારા રાજ્યાસન પર મારી
સાથે બેસવા દઈશ, જેમ હું પણ જીતીને મારા પિતાની
સાથે તેના રાજ્યાસન પર બેઠેલો છું તેમ. આત્મા
મંડળીઓને જે કહે છે તે જેને કાન છે તે સાંભળે.''

જો તમે આ સરળ પ્રાર્થના પોતાના ખરા અતઃકરણથી કરી છે તો પ્રભુએ કહ્યું છે તેમ તે તમારા જીવનમાં આવશે. તમે ઈશ્વરના બાળક બન્યા છો તેની ખાતરી પવિત્ર આત્મા તમને આપશે. પવિત્ર આત્મા આપણા આત્માની સાથે સાક્ષી પૂરે છે કે આપણે ઈશ્વરના બાળકો છીએ. નવા જન્મનો અનુભવ પામેલા વિશ્વાસી વ્યક્તિ તરીકે હિબ્રૂ ૧૦:૨૨-૨૫ના આ શબ્દો તમને ઉત્તેજન આપે છે

''તેથી આપણે ખરા હૃદયથી વિશ્વાસ સહિત ઈશ્વરની
હજૂરમાં આવીએ, કારણ કે આપણને ખ્રિસ્તના રક્તથી
શુદ્ધ કરવામાં આવ્યા છે અને આપણા શરીરોને
નિર્મળ પાણીથી ધોવામાં આવ્યાં છે. ઈશ્વરે આપણા
ઉદ્ધારનું વચન આપ્યું છે. તે દૃઢ આશામાં આપણે
આગળ વધીએ, અને શંકા વગર બીજાંઓને સાક્ષી

આપીએ, કેમ કે વચન આપનાર વિશ્વાસુ છે, અને તે અચૂક પોતાનું વચન પૂર્ણ કરશે. ઈશ્વરે આપણે માટે જે કર્યું છે તેના પ્રત્યુત્તરરૂપે આપણે એકબીજા પ્રત્યે ભલાઈ દર્શાવીએ અને સારાં કામ કરીને મદદરૂપ થઈએ. કેટલાક લોકો કરે છે તેમ આપણે સંગતમાં આવવાનું પડતું ના મૂકીએ. પરંતુ એકબીજાને ઉત્તેજન તથા ચેતવણી આપીએ. કારણ કે ખ્રિસ્તનું આગમન નજદીક છે.''

(પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તી)

ખ્રિસ્તના આગમનના દિવસને તમે પાસે આવતા જુઓ ત્યારે તમે બાપ્તિસ્મા પામવા માટે પ્રભુની આજ્ઞાનું અનુસરણ કરીને કેવળ પાણીથી (તમારા વિશ્વાસની બાહ્ય અભિવ્યક્તિ તરીકે) બાપ્તિસ્મા પામો નહિ પરંતુ પવિત્ર આત્મા પણ (પ્રેરિતોનાં કૃત્યો ૧૯:૧-૬) બાપ્તિસ્મા પામો તે ખૂબ મહત્વનું છે. તમે સ્થાનિક વિશ્વાસીઓની સંગતના સક્રિય સભ્ય બનો તેના જેટલું જ આ એક સરખું મહત્વનું છે. અને ખ્રિસ્તના શરીરમાં તમારું પોતાનું સ્થાન શોધવામાં સહાય મેળવવા માટે પ્રભુને વિનંતી કરો. ઈસુનું આગમન નજદીક છે! તમારા પાત્રોને ભરપૂર રાખો અને ઈશ્વર તમને દરેક સ્વપ્નોને પરિપૂર્ણ કરવા માટે મોકલી શકે અને ઈસુ ખ્રિસ્ત માટે તમે પોતાના જગત ઉપર અસર ઊભી કરી શકો માટે ફસલના પ્રભુને તમે વિનંતી કરો.

# પરિશિષ્ટ

## કારભારીપણું તથા અન્ય વિષયો સંબંધી મારા અભ્યંતરમાંથી કરેલી વ્યક્તિગત રજૂઆત...

સ્વપ્નો અને સંદર્શનોની વાતમાં પ્રામાણિક્તા અને પવિત્રતા ખૂબ જ મહત્વના છે. મેં આ બાબતો સંબંધી પ્રમાણિક રહેવાનો પ્રયત્ન કર્યો છે. આ સ્વપ્નોની રજૂઆત કરવામાં મેં ઉત્તમ પ્રયત્નો કર્યા છે અને મારા અંતઃકરણની પવિત્રતા સાથે આ શબ્દો

રજૂ કર્યાં છે. બાઈબલ કહે છે, "દરેક વ્યક્તિ જૂઠો છે. પણ એકલા ઈશ્વર સત્ય છે." મારા સ્વપ્નોમાંથી મને જે યાદ રહ્યું હતું તે સંબંધી હું અફર હોવાનો દાવો કરતો નથી. પરંતુ મને જે યાદ હતું તે પ્રમાણે જ મેં તેનું આલેખન કર્યું છે તેટલું હું ચોક્કસપણે જણાવીશ. સ્વપ્નો સંબંધીની મારી ઉત્તમ સ્મરણશક્તિ પ્રમાણે મેં લગભગ ૯૫% ચોક્કસ રજૂઆત કરી છે તેથી હું સત્યની ઘણી નજદીક છું એમ જણાવીશ. અને બીજા ૫% માનવી ક્ષતિઓ અથવા સ્મરણશક્તિની ઉણપોને આપી શકાય. હું એટલું તો ખાતરીપૂર્વક જણાવી શકું છે કે મારા પ્રભુ અને તારનારને મહિમાવંત કરવાની ઈચ્છા માટે મારા ઈરાદાઓ શુદ્ધ છે અને તેમણે મને આપેલા કૃપાદાનો અને શબ્દો તથા સ્વપ્નોને હું દફનાવી દેવાની ઈચ્છા રાખતો નથી. આ પુસ્તક સંબંધી મારા હૃદયના વિચારોને દાઉદ રાજાએ લેખન કરેલા તેમના એક ગીત દ્વારા ઉત્તમ રીતે વર્ણવી શકાય. ગીતશાસ્ત્ર ૪૦:૯-૧૦ કલમોમાં તે ઈશ્વર સાથે વાર્તાલાપ કરે છે અને કહે છે :

> "તમે પાપોની ક્ષમા આપો છો તે શુભસંદેશ મેં
> સર્વ લોકો આગળ પ્રગટ કર્યો છે. હે પ્રભુ, તમે જાણો
> છો કે મેં મારા હોઠ બંધ કર્યા નથી. મારા હૃદયમાં
> મેં આ શુભસંદેશ છુપાવી રાખ્યો નથી. તમારો પ્રેમ અને
> સત્ય મેં તમારા લોકોથી સંતાડી રાખ્યા નથી. તમારું
> વિશ્વાસુપણું અને તમારો ઉદ્ધાર મેં મંડળી આગળ
> પ્રગટ કર્યો છે."

(પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

## વિશ્વાસ કરવાની હિંમત

પ્રામાણિક અંતઃકરણ તુલના કરતાં બાઈબલ સ્પષ્ટપણે શીખવે છે કે, જેઓ સતત જૂઠ ઉચ્ચારણ કરે છે તેઓ સર્વને અંત સમયે અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવશે (પ્રકટીકરણ ૨૧:૮). આ પુસ્તકના લેખનના ૧૦% લેખન પણ મેં પોતાના વિચારો પ્રમાણે કર્યું હોય તો તે મારા માટે મૂર્ખાઈભર્યું હશે. આ હકીકતને અહીં દર્શાવવાનો મેં નિર્ણય કર્યો તેનું કારણ એટલું જ છે કે હું તમને જણાવવાની ઈચ્છા

રાખું છું કે ઈશ્વરે મને જે આપ્યું તે મારા હૃદયની પ્રામાણિક્તાથી મારા ઉત્તમ પ્રયત્નો દ્વારા મેં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. હું જાણું છું કે કેટલાએક હજુ પણ મારો ન્યાય કરશે અને ઈશ્વર હજુ પણ આ રીતે કાર્ય કરી શકે છે તે વાતને તેઓ આજે પણ સ્વીકારશે નહિ. તેથી પ્રકરણ ત્રણમાં મેં જે લેખન કર્યું છે એટલે કે કેટલાએક લોકો હજુ પણ વિશ્વાસ કરશે નહિ તે હકીકતને મેં ધ્યાનમાં રાખી છે અને તેમાં લોકોને હમણાં તો મારે ''તેઓના રસ્તે જ તેઓને જવાની મંજૂરી આપવી જોઈએ.''

મારે એ વાતને પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સર્વ માણસો ''માછલીની મોટી ફસલ 'દીકરો' તેઓને નવો પ્રકાશ આપે તેની પ્રતીક્ષા કરી રહ્યા છે' તે નિહાળી શકતા નથી. પ્રકરણ ચારમાં વર્ણવેલા મારાં સ્વપ્નમાં માણસોની સંખ્યાના કેવળ અડધા ભાગના મારી સાથે વાતચીત કરી રહ્યા હતા અને તેઓ મારા માથા ઉપર આકાશમાં ઉડયન કરી રહેલી માછલીઓને નિહાળી શક્તા હતા તેમ. પ્રભુ ઈસુએ પણ માથ્થી ૨૫:૧-૧૦માં વિશ્વાસના આ એક સરખા પ્રમાણ વિશે શીખવ્યું હતું. પ્રેરિત પાઉલે કહ્યું હતું કે ઉચ્ચારવામાં આવેલી વાતો ઉપર કેટલાકે વિશ્વાસ કર્યો હતો અને કેટલાકે વિશ્વાસ કર્યો નહોતો. વિશ્વાસ કરવાની હિંમત કરે અને આપણા અદ્‌ભુત પ્રભુ અને તારનારના મહિમા અને સાક્ષી માટે વધારે મહાન કાર્યો કરવામાં આવે તેવું જોવાની ઈચ્છા રાખનાર લોકોના જૂથમાં હું સામેલ થવાની ઈચ્છા રાખું છું. કારણ કે તેમની કૃપા અને દયા દ્વારા જ આપણામાંની કોઈપણ વ્યક્તિનો ઉદ્ધાર થાય તે શક્ય છે અને એફેસી ૪:૧૧-૧૩ પ્રમાણે માણસને કૃપાદાનો આપનાર પણ તે એક માત્ર ઈશ્વર છે.

## સાવધ રહો

મેં અગાઉ જણાવ્યું તેમ આ સમગ્ર અનુભવ મારા માટે ખરેખર શીખવાનો અને વૃદ્ધિનો સમય હતો, અને તે દરમિયાન મેં ઘણી ક્ષતિઓ કરી છે. તેથી આ હકીકતના પ્રકાશમાં જેઓ માને છે કે આ ક્ષેત્રમાં ઈશ્વરે તેઓની સાથે વ્યવહાર કરવાની શરૂઆત કરી છે તેવી કોઈ પણ વ્યક્તિને હું ઉત્તેજન આપવાની ઈચ્છા રાખું છું કે પ્રકરણ દસમાં જોઈસ મેયર્સના સંબંધમાં ઈશ્વરે મારી પત્નીને જેમ દર્શાવ્યું હતું તેમ આ બાબતમાં તેઓ વધુમાં વધુ પ્રામાણિક્તાનો ઉપયોગ કરવાની ખૂબ જ કાળજી રાખે. સ્વપ્નો, સંદર્શનો અથવા પ્રકટીકરણોનો અનુભવ કરવાની શરૂઆત કરી છે તેવા કોઈપણ વ્યક્તિને હું ઉત્તેજન આપવાની ઈચ્છા રાખું છું કે તેઓ પ્રથમ તેનું લેખન કરે અને તેના ચોક્કસ સમયની અને તારીખની નોંધ કરે. ''તાકીદના

અત્યાચારી અમલ''થી સાવધ રહો. તેનું લેખન કરો અને ત્યાર પછી તેને એક બાજુએ રાખો અને પ્રભુની દોરવણી માટે પ્રતિક્ષા કરો. કેટલીએક બાબતો કેવળ તમારા માટે છે અને તેની રજૂઆત બીજી કોઈપણ વ્યક્તિ સાથે કરી શકતા નથી. તમે પોતાના બાઈબલનો અભ્યાસ કરો તેની ખાતરી રાખો કારણ કે ઈશ્વર પાસે તેમના વચનમાં સ્વપ્નો અથવા સંદર્શનો માટે હંમેશા સિદ્ધાંતો હોય છે. યશાયા ૮:૨૦ કહે છે :

> ''શિક્ષણ તથા સાક્ષીની પાસે (જઈએ)! જ્યારે તેમને
>
> માટે સૂર્યોદય ખચીત થવાનો નથી, ત્યારે તેઓ એ
>
> પ્રમાણે બોલશે.''

ઈશ્વરનું વચન આપણા માટે અંતિમ અધિકાર છે. જો કોઈપણ વ્યક્તિ આ વચનને રજૂ કરતી નથી તો સાવધ રહો! તે ઉપરાંત આ બાબતો તમે કઈ વ્યક્તિની સમક્ષ રજૂ કરો છો તેની પણ કાળજી રાખો. પ્રભુ તરફથી જ્યારે મને પ્રથમ વખતે વચન મળ્યું હતું ત્યારે હું ખૂબ જ ઉત્તેજિત થયો હતો અને દરેક વ્યક્તિ સાથે તેની રજૂઆત કરવાની ઇચ્છા રાખતો હતો. ધીરજ રાખો! ઈશ્વર જે કાંઈ કરી રહ્યા છે તે વિશે તે માહિતગાર છે. જો ઈશ્વરે તમને તે આપ્યું છે તો તમારે તેનું શું કરવું તે વિશે ઈશ્વર તમારી સહાય કરશે તે હકીકત યાદ રાખો. તમારી સહાય કરવા તેમને વિનંતી કરો અને ત્યારપછી તે તમારા માટે દરવાજાઓ ખુલ્લા કરે તેની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરો. તમારે શું કરવું જોઈએ તે વિશે ઈશ્વર તમને દોરવણી અને આંતરસૂઝ આપશે. બાઈબલ સ્પષ્ટપણે શીખવે છે કે જૂઠા પ્રકટીકરણો રજૂ કરનારા પણ ઘણા લોકો છે. આ વિષયમાં ખૂબ કાળજી રાખો કારણ કે તમારે અર્થ વિનાના દરેક શબ્દો માટે હિસાબ આપવો પડશે. મેં અગાઉ જણાવ્યું તે પ્રમાણે પ્રામાણિક્તા અને પવિત્રતા અતિ આવશ્યક છે. આ વિષય સંબંધી મારા જીવનના અનેક રમૂજી ઉદાહરણો વાચકો સમક્ષ હું રજૂ કરી શકું છું. મારી પોતાની ક્ષતિઓમાંથી મને શીખવા મળ્યું છે તેવું જાણીને આખરે મને વિશ્વાસુ ગણીને ઈશ્વરે અનેક પ્રકટીકરણો આપ્યાં છે તેમ હું વિચારું છું.

## તેમના અર્થઘટનની શોધ કરો

મારી પાસેના સમગ્ર વેલી પાર્કમાં પૂર આવ્યું હતું તે સંબંધી એક વખત મને સ્વપ્ન આવ્યું હતું. મેં પોતાના ઘરની બારીની બહાર જોયું હતું અને મારી મોટરકારના

બંને વ્હીલમાંથી હવા નીકળી ગઈ હતી તેવો મને વિચાર આવ્યો હતો. જ્યારે મેં ધ્યાનપૂર્વક જોયું તો મારી મોટરકારના વ્હીલમાંથી હવા નીકળી ગઈ નહોતી. પરંતુ પગની ઘૂંટી સમા પાણીની રેલ આવી હતી. મેં ફરીથી દૃષ્ટિ કરી હતી અને પાણીની સપાટી મોટરકારના દરવાજા સુધી આવી હતી. મેં ફરીથી જોયું હતું ત્યારે પાણીની સપાટી મોટરકારની બારી સુધી પહોંચી હતી. મેં છેલ્લી વખત નજર કરી ત્યારે પાણીની સપાટી મારા ઘર સુધીના બધા જ ઘરોના છાપરાંથી ઉપર હતી. સ્વપ્ન પૂરું થયું તે પછી હું ખૂબ ચિંતાતુર બન્યો હતો અને મુખ્ય અધિકારીઓનો અને ત્યારપછી નદીની પાસે વસવાટ કરનારા લોકોનો સંપર્ક કરવા સંબંધી મને વિચાર આવ્યો હતો. ચિંતાતૂરપણું કે અશાંતિ ઈશ્વર તરફથી નથી. તેમના ડહાપણનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે તેમની શાંતિ આવશ્યક છે. હઝકિયેલ ૪૭માં પાણીની સપાટીઓ દર્શાવવામાં આવી છે. તે જ પ્રમાણે આ સ્વપ્ન ખરેખર ચાર તબક્કામાં આવ્યું હતું. (હઝકિયેલ ૪૭માં આ નોંધનું તમે વાંચન કરો અને હઝકિયેલ ૧૨નું સંપૂર્ણ વાંચન કરો માટે હું તમને ઉત્તેજન આપું છું. ઈશ્વર આજના દિવસો માટે પ્રકટીકરણો તરીકે આ આપી રહ્યા છે.) હું વિચારતો હતો કે પાણીનું પૂર આવવાનું છે પરંતુ તેના બદલે થોડા જ સમય પછી તેમના આત્માના પાણી મારા પોતાના લોકો ઉપર રેડાવાની શરૂઆત થવાની છે તે વિશે ઈશ્વર મને દર્શાવવાનો પ્રયત્ન કરતા હતા તેમ હું માનું છું. પ્રભુ આ કાર્ય તમારા લોકો માટે પણ કરવાની તૈયારી કરી રહ્યા છે તેમ હું માનું છું. જો મેં ઈશ્વરની આગળ દોડવાનો પ્રયત્ન કરીને મુખ્ય અધિકારીઓનો અને લોકોનો સંપર્ક કરવાની ઉતાવળ કરી હોત તો હું કેવળ મૂર્ખ વ્યક્તિ જ સાબિત થઈ શકતો હતો. ઈશ્વરે તમને જે જણાવ્યું છે તેને વળગી રહેવાની કાળજી રાખો પરંતુ જેમ દાનિયેલે કર્યું હતું તેમ ઈશ્વરના અર્થઘટનની શોધ કરો અને તમારું પોતાનું અર્થઘટન શોધશો નહિ (દાનિયેલ ૨:૧૬-૧૯). હું મારા પોતાના જાત અનુભવોમાંથી આ બાબતો રજૂ કરી રહ્યો છું કે જેથી મેં જે ક્ષતિઓ કરી હતી તે જ ક્ષતિઓથી તમારો બચાવ થઈ શકે. તે ઉપરાંત એક ચેતવણીઃ કેટલાએક સ્વપ્નો સંપૂર્ણપણે આપણી સક્રિય કલ્પનાશક્તિનું પરિણામ છે. કેટલાએક સ્વપ્નો શેતાનની પ્રેરણા દ્વારા પણ આવી શકે છે. જો તમે સર્વ રીતે જગતના વાનાંઓમાં પરોવાયેલા છો અને કદી જ તમારું જીવન સંપૂર્ણપણે પ્રભુને સો ટકા સમર્પણ કરેલું નથી તો હું આ બાબતો સંબંધી વિશેષ સાવચેતી રાખીશ. તમને ખૂબ સ્પષ્ટ રીતે સ્વપ્ન આવ્યું હતું અને તમે સારી રીતે યાદ રાખી શકો છો એ કારણને લીધે જ તે ઈશ્વર તરફથી આપવામાં આવ્યું હતું તેવો તેનો અર્થ થતો નથી. તમારા વિચારોને ટેલિવીઝન અથવા અન્ય માધ્યમો દ્વારા ભરપૂર કરવાની પરવાનગી આપશો નહિ. જ્યાં સુધી

તમે આ બાબતોથી દૂર રહો નહિ ત્યાં સુધી આ ક્ષેત્રમાં ઈશ્વર તમારો કદી જ ઉપયોગ કરશે નહિ તેવી મને શંકા છે. ગીતશાસ્ત્ર ૨૪:૩-૫ કહે છે :

"પ્રભુના પર્વત ઉપર કોણ ચઢી શકે અને તેમના
નિવાસસ્થાનમાં કોણ પ્રવેશ કરી શકે? પ્રભુની સમક્ષતામાં કોણ
ઊભો રહી શકે? જેઓના હાથ અને હૃદય શુદ્ધ છે, જેઓ
અપ્રામાણિક્તા આચરતા નથી અને જૂઠનો આશરો લેતા નથી
તેઓ જ. તેઓ ઈશ્વરની પોતાની ઉત્તમતાને આશીર્વાદના
રૂપમાં પ્રાપ્ત કરશે. તેઓના તારનાર ઈશ્વર પોતે તેઓને
નિર્દોષ જાહેર કરશે." (પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

## અભિમાન વિશે સાવધ રહો

સાવધ રહેવા માટે બીજી એક વાત છેઃ સ્વપ્નોને ઈશ્વરના વચન કરતાં વધારે મહત્વ આપશો નહિ. કોલોસી ૨:૧૮ કહે છેઃ

"તમે દૂતોની ભક્તિ કરવા ના પાડો તેથી દૂતોની
ભક્તિ પર ભાર મૂકનારા લોકો તમને અધર્મી કહે તો
ગભરાશો નહિ. તેઓ કહે છે કે અમને સંદર્શન થયું
છે અને તમને પણ થવું જોઈએ. નમ્રતાનો દાવો કરનાર
આ અભિમાની માણસો કલ્પના કરવામાં બહુ હોંશિયાર છે."

આ કલમ મુખ્યત્વે દૂતોના વિષયનો ઉલ્લેખ કરે છે, તેમ છતાં અભિમાન તરફ દોરી જતી બાબતો જે વ્યક્તિના મનમાં જોવા મળે છે તે વિશે પણ તે વાત કરે છે. દાનિયેલના સમયમાં નબૂખાદનેસ્સાર રાજાને સ્વપ્ન આવ્યું હતું અને તે ઈશ્વર તરફથી તેને આપવામાં આવ્યું હતું. નબૂખાદનેસ્સાર રાજા બેબિલોન સામ્રાજ્યનો અધિકારી હતો અને ઈશ્વર તે સામ્રાજ્ય સંબંધી ભવિષ્યમાં શું કરવાના હતા તે વિષેની વાત આ સ્વપ્નમાં હતી. તેમ છતાં વિશ્વના સામ્રાજ્યો ઉપર ઈશ્વરની સર્વ સત્તા અને સામર્થ્ય છે તેની સમજણ આપવા માટે તેની સહાય કરવા રાજાને આ

સ્વપ્ન આપવામાં આવ્યું હતું, તોપણ ઈશ્વરે તેને જે ઈરાદા સાથે સ્વપ્ન આપ્યું હતું તેના હેતુની અવગણના નબૂખાદનેસ્સાર રાજાએ કરી હતી. તે પછીના અધ્યાયમાં આપણને વાચન કરવા મળે છે કે તેણે પોતાના સ્વપ્નમાં જોયું હતું તેવી એક મોટી પ્રતિમા બનાવી હતી અને તેની ભક્તિ કરવા માટે સર્વને આજ્ઞા ફરમાવી હતી. હકીકતમાં તેની ભક્તિ નહિ કરનારને અગ્નિની ભઠ્ઠીમાં નાખવા દ્વારા નિર્દય રીતે તેનું ખૂન કરવામાં આવતું હતું. "અગ્નિની ભઠ્ઠીમાં નાખેલા ચાર યુવાનો" માટે ઈશ્વરનો આભાર માનો. દાનિયેલ અને તેની સાથેના ત્રણ મિત્રોએ રાજાના ફરમાનનો નકાર કર્યો હતો ત્યારે તેઓને અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા હતા પણ ઈશ્વરે તેઓનો બચાવ કર્યો હતો. તે દિવસે રાજાને દર્શાવવામાં આવ્યું હતું કે ઈશ્વર જે સ્વપ્ન આપે છે તે સ્વપ્ન ઈશ્વર કરતાં મોટું કે મહાન હોતું નથી. ઈશ્વર દ્વારા આપણને જે સ્વપ્નો અને સંદર્શનો આપવામાં આવે છે તેને આપણા જીવનોમાં ઈશ્વરે જે ઈરાદા માટે આપ્યું છે તેના કરતાં વધારે ઊંચું સ્થાન આપણે કદી જ આપવું જોઈએ નહિ. મૂર્તિપૂજા એક છળકપટ છે અને તે ઘણા સ્વરૂપે આવી શકે છે. તેથી આપણે તે સંબંધી પવિત્ર આત્માની સલાહ હંમેશા શોધવી જોઈએ. સ્વપ્નો અને પ્રકટીકરણો એવી બાબતો છે કે જે પવિત્ર આત્મા તરફથી આપવામાં આવે છે. તેઓ આપણને વધુ નમ્ર બનવા તરફ અને એકલા ઈશ્વરને જ મહિમા આપવા તરફ દોરી જવા જોઈએ. નબૂખાદનેસ્સાર રાજાના સંબંધમાં બન્યું હતું તેમ તેઓ આપણને પોતાના અથવા અન્ય વ્યક્તિના મહિમા તરફ દોરી જવા જોઈએ નહિ. તમે વિશ્વાસમાં દ્દઢ છો તેવો વિચાર તમે કરો છો ત્યારે રખેને તમે પતન પામો માટે સાવધ રહો. પતન પામતા અગાઉ અભિમાન સ્થાન લે છે. શેતાન મૂર્ખ નથી અને તેની શક્તિઓનો અંદાજ ઓછો આંકવાનો પ્રયત્ન કરશો નહિ. દરેક પ્રકારના છળકપટને શીખવા માટે તેણે આ પૃથ્વી ઉપર છ હજાર વરસો કરતાં વધારે સમય પસાર કર્યો છે. આપણે પોતાના સામર્થ્યમાં તેનો સામનો કરી શકતા નથી. આપણે ઈશ્વરના સર્વ હથિયારો ધારણ કરવાની જરૂર છે. પાઉલને ભરપૂરપણે પ્રકટીકરણો થયા હતા અને ૨ કરિંથી ૧૨:૧-૪ પ્રમાણે તે ત્રીજા આકાશમાં પણ ઊંચકાઈ ગયો હતો. તોપણ યાદ રાખો કે તેને અટકાવવા માટે અથવા તેને હાનિ પહોંચાડવા માટે શેતાનના દૂત તરફથી પીડા આપવામાં આવી હતી (૨ કરિંથી ૧૨:૭-૧૦). હું ચોક્કસ માનું છું કે એક જ શ્રોતમાંથી આપણે સર્વ તેના ભાગીદાર છીએ.

પરંતુ પ્રભુ મારું સામર્થ્ય બનો. તેમની કૃપા જ આપણા માટે પૂરતી છે. એફેસી ૬:૧૧-૧૨ આ પ્રમાણે જણાવે છે :

"ઈશ્વરનાં તમામ શસ્ત્રો ધારણ કરો, જેથી શેતાનના
સર્વ વ્યૂહો અને કુયુક્તિઓ સામે ટકી રહો. કેમ કે આપણે
લોહી અને માંસના બનેલા માનવીઓ સામે લડતા નથી,
પણ આપણી લડાઈ અદૃશ્ય જગતના દુષ્ટ સત્તાધીશોની
સામે, આ જગત પર શાસન ચલાવનાર અંધકારના
અધિકારીઓની સામે, પરાક્રમી શેતાની શક્તિઓની સામે
તથા આત્મિક દુનિયાના અસંખ્ય દુષ્ટાત્માઓની
સામે છે."

(પવિત્ર બાઈબલ, સરળ ભાષામાં ગુજરાતી આવૃત્તિ)

આ જગતમાં દુષ્ટતા છે તે કરતાં હવે તમારામાં જે પ્રભુ નિવાસ કરે છે તે સૌથી મહાન છે. આપણે મહાન વ્યક્તિ નથી, આપણે તો પ્રમાણમાં નાના છીએ. જો આપણે ઘટતા જઈએ તો તેમનું સામર્થ્ય આપણા જીવનોમાં વૃદ્ધિ પામશે.

## વૃદ્ધિ પામવા માટે પ્રાર્થના

અંતમાં, ઈસુ ખ્રિસ્તની સાથે ખૂબ જ નિકટ રહીને જેઓ જીવન જીવવાની ઈચ્છા રાખે છે તેઓ સર્વ માટે હું પ્રાર્થના કરવાની ઈચ્છા રાખું છું. હું તેમની ખૂબ જ નજદીક પહોંચી ગયો છું તેવો દાવો કરતો નથી. અને શા માટે ઈશ્વરે આ પુસ્તકનું લેખન મારી પાસે કરાવ્યું તે મારી સમજણ બહારનું છે. આ પુસ્તકમાં જે લેખન સામગ્રી છે તે ફક્ત મારા તરફથી આવતી નથી. પ્રભુ તેમ છતાં કહે છે કે આપણી પાસે નથી કારણ કે આપણે માંગણી કરતા નથી. તેથી અમે હમણાં જ ઈશ્વરને તમારાં જીવનમાં તેમના પવિત્ર આત્માનો અભિષેક કરવામાં વધારો કરે તેવી વિનંતી કરીશું.

"હે પિતા, તમારા સૌથી વહાલા પુત્ર, ઈસુના નામમાં હું હિંમતથી તમારી સમક્ષ આવ્યો છું. આ પુસ્તકનું વાચન કરનાર સર્વને તમારા પવિત્ર આત્મા દ્વારા સ્પર્શ કરો. હમણાં જેઓ તેને માટે તૈયાર છે તેઓને સ્વપ્નો અને પ્રકટીકરણો આપવામાં વધારો કરો.

હે પિતા, આ બાબતોની રજૂઆત તેઓએ કઈ વ્યક્તિ સાથે કરવી અને કઈ વ્યક્તિ સાથે ન કરવી તેનું ડહાપણ તેઓને આપો. તમારા લોકો પ્રત્યે તમારા અંતઃકરણની સમજણ મેળવવા માટે તેઓની આધ્યાત્મિક આંખો ખુલ્લી કરો. તમે તેઓ માટે આત્મામાં નવીન ક્ષેત્ર ખુલ્લું કરો. તમારા ઘરમાં તેઓ જે જગાઓ વિશે સંપૂર્ણપણે જાણતા નથી તે જગાઓમાં તમે તેઓને લઈ જાઓ. જેઓ હજુ પણ ખીણમાં છે તેઓ સાથે તમારા અંતઃકરણના વિચારો રજૂ કરી શકાય માટે તમે તેઓને પોતાના પવિત્ર પર્વત ઉપર લાવો.

હે પ્રભુ, આ પ્રાર્થના જેઓએ કરી છે અને આ પુસ્તકનું વાચન કર્યું છે તેઓ સર્વનો તમે અભિષેક કરો અને તમારો સ્પર્શ આપો. વહેલી સવારના કલાકોમાં તેઓને સ્વપ્નો આપો અને રાત્રિ દરમિયાન ગીતો આપો અને ખ્રિસ્તના શરીર માટે તેઓને પ્રકટીકરણના શબ્દો આપો.

હે પવિત્ર, તમારા શબ્દો સાંભળનાર સર્વ ઉપર તમે નવીન રીતે રેડાઓ. ખ્રિસ્તના રક્ત દ્વારા લખાયેલા નવા કરારના સમર્થ ધર્મસેવકો તેઓને બનાવો. પ્રભુ ઈસુ અમારા માટે મરણ પામ્યા તે બદલ અને તમારું નવું જીવન અમને આપવા માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમને પ્રેમ કરવા માટે અને અંધકારમાંથી અમને બહાર લાવીને તમારા અતિ સુંદર પ્રકાશમાં લાવવા માટે અમે તમારો આભાર માનીએ છીએ. પ્રભુ તમને અમે પ્રેમ કરીએ છીએ અને તમારી સ્તુતિ કરીએ છીએ અને તમારું નામ મોટું માનીએ છીએ. અમે તમારી સમક્ષ પવિત્ર હાથ ઊંચા કરીએ છીએ, તમારી સ્તુતિ કરીએ છીએ કારણ કે તમે એકલા જ સર્વ માન અને મહિમા અને સામર્થ્યને યોગ્ય છો. તમારી કૃપાના વિશ્વાસુ કારભારી થવામાં અને અમારા સંપર્કમાં તમે જેઓને લાવો છો તેઓ સર્વ સમક્ષ તમારા પ્રેમની રજૂઆત કરવામાં અમારી સહાય કરો. પ્રભુ અમે હમણાં અને સદાકાળ માટે તમને પ્રેમ કરીએ છીએ. અનંતકાળ સુધી વસવાટ કરી શકીએ તેવું ઘર તમે અમારા માટે તૈયાર કર્યું છે માટે અમે તમારો આભાર માનીએ છીએ. તમારા સ્વપ્નના એક હિસ્સારૂપ બનવા તમે અમારી પસંદગી કરી માટે તમારો આભાર. અમે કેવળ તમારી તરફ દૃષ્ટિ કરીએ છીએ અને બીજા કોઈ તરફ દૃષ્ટિ કરતા નથી. આમેન. હે પ્રભુ ઈસુ આવ.''

* * *

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં અન્ય પ્રકાશનો

| પુસ્તકનું નામ | રૂા. કિંમત |
| --- | --- |
| બહાદુર ગોવાળિયાં | ૧૨-૦૦ |
| યોનેકો | ૧૫-૦૦ |
| ખ્રિસ્તી ગીતમાલા | ૨૦-૦૦ |
| ધર્મનું તત્ત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| નામકોષ | ૫૦-૦૦ |
| મને પ્રાર્થના કરતાં શીખવો | ૧૫-૦૦ |
| ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૩૦-૦૦ |
| શાસ્ત્ર પ્રતિદર્શક કોષ | ૪૫-૦૦ |
| ક્વો-વાડિસ? | ૩૦-૦૦ |
| ઈશ્વરવિદ્યાનાં તત્ત્વો | ૩૫-૦૦ |
| વાસ્તવિકતા તથા ધર્મ | ૦૬-૦૦ |
| સાધુ સુંદરસિંગ | ૦૭-૦૦ |
| મધુરાં ગીતોનો અધૂરો ઇતિહાસ | ૫૦-૦૦ |
| ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ | ૫૦-૦૦ |
| બાઇબલનો મા. કોષ ભાગ-૧ | ૨૫-૦૦ |
| જેમ્સ હડસન ટેલર | ૧૦-૦૦ |
| ક્રોસ કથાનાં પાત્રો | ૧૦-૦૦ |
| ડી.એલ. મૂડી | ૨૦-૦૦ |
| બેનહર | ૧૦-૦૦ |
| ગુજરાતની ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ | ૨૫-૦૦ |
| સભાશિક્ષક | ૩૦-૦૦ |
| શબગુફાનો શહીદ | ૧૦-૦૦ |
| અજાયબ ભવિષ્યવચનો | ૧૦-૦૦ |
| ઉપલી-મેડી-દૈનિક મનન (૪૦ વર્ષની ઉજવણી) | ૩૦-૦૦ |
| ઈશ્વરનો સાક્ષાત્કાર | ૧૦-૦૦ |
| જોષ જોવાનું પાપ | ૧૫-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૧ | ૦૬-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૨ | ૧૨-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૩ | ૨૫-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૪ | ૦૩-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૫ | ૦૪-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૬ | ૦૪-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૭ | ૧૦-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૮ | ૧૫-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૯ | ૨૦-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૧૦ | ૩૦-૦૦ |

| પુસ્તકનું નામ | રૂા. કિંમત |
| --- | --- |
| વિલિયમ કેરી | ૧૨-૦૦ |
| રશિયા, ઇઝરાયેલ અને બાઇબલ | ૧૦-૦૦ |
| પુલ્પિટ હેલ્પ્સ - ભાગ-૨ | ૩૦-૦૦ |
| પુલ્પિટ હેલ્પ્સ - ભાગ-૩ | ૩૦-૦૦ |
| દુ:ખ દ્વારા શિક્ષણ | ૦૫-૦૦ |
| જ્યોર્જ મૂલર | ૧૫-૦૦ |
| પ્રભુનું જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? | ૧૦-૦૦ |
| પૂર્વની ત્રણ માગી પત્નીઓ | ૦૫-૦૦ |
| ફૂલડાંની ફોરમ | ૦૭-૦૦ |
| વહાલાં ફૂલડાં | ૦૬-૦૦ |
| અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૨૫-૦૦ |
| ફબીઓલા | ૩૫-૦૦ |
| બાઇબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલા વિશેષનામ | ૧૦-૦૦ |
| વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ભજનસંગ્રહ (પાતળા) | ૫૦-૦૦ |
| ભજનસંગ્રહ (પાકા પૂંઠાના) | ૪૦-૦૦ |
| ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| સ્ત્રી-પુરુષ સંબંધ | ૨૦-૦૦ |
| ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| બાઇબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| રાજાનો કેદી દાનિએલ | ૧૫-૦૦ |
| સપનાં ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| પરિશ્રમની કેડીએ | ૧૫-૦૦ |
| વાટને વિસામે | ૪૦-૦૦ |
| વૈદિક ખોજની પરિપૂર્ણતા ઈસુ ખ્રિસ્ત | ૨૫-૦૦ |
| ખ્રિસ્ત સહિત - ખ્રિસ્ત રહિત | ૦૫-૦૦ |
| વધસ્તંભ એ જ સ્વર્ગ | ૨૦-૦૦ |
| આત્મિક જીવન | ૦૪-૦૦ |
| ઈશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |
| જીવન જીવી જાણનારાં અપંગો | ૨૦-૦૦ |
| ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |